MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૧૨-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

યુક્રેનના આ વિમાનમાં ઈરાનના ૮૨ સહિત ૧૭૬ મુસાફરો હતા અને તમામ માર્યા ગયા હતા

'હાં, અમારી જ મિસાઈલે ભૂલથી વિમાન તોડી પાડ્યું' : ઈરાન

ઈરાનના રાષ્ટ્રપતિએ ટ્વીટ કરીને માફી માંગી, ભૂલ કરનારને સજા આપવાની ખાતરી પણ વિશ્વને આપી

અમેરિકા-કેનેડા અને બ્રિટને દાવો કર્યો હતો કે વિમાનને ઈરાને જ તોડ્યુ છે પણ ઈરાદાપૂર્વક નહીં

તહેરાન

આખરે શનિવારે દુનિયા સમક્ષ એ બાબતનો ખુલાસો થયો કે ૮મી જાન્યુ.ના રોજ ઈરાનમાં તૂટી પડેલું યુક્રેનનું પેસેન્જર વિમાન કોઈ ટેકનીકલ કારણોસર નહીં પરંતુ ઈરાને છોડેલી મિસાઈલનો ભોગ બન્યું હતું. અને તેમાં ઈરાનના સવાર ૮૨ નાગરિકો સહિત અન્ય દેશોના મળીને કુલ ૧૭૬ મુસાફરો માર્યા ગયા હતા. અમેરિકા સામે યુધ્ધે ચઢનાર ઈસ્લામિક દેશ ઈરાને વિમાન તોડી પાડ્યાના લગભગ ૩-૪ દિવસ પછી આજે શનિવારે જાહેરાત કરી હતી કે, બુધવારે ૮મીએ તેમની સેનાએ ભૂલથી યુક્રેનના પેસેન્જર વિમાન બોંઈગ ૭૩૭-૮૦૦ પર મિસાઈલ છોડી હતી. જેમાં વિમાનમાં સવાર તમામ ૧૭૬ લોકો માર્યા ગયા હતા. ઈરાન સરકાર તરફથી આપવામાં આવેલા નિવેદનમાં તેને માનવીય ભૂલ ગણાવવામાં આવી છે. યુક્રેન એરલાઈન્સનું વિમાન તોડી પાડ્યાના બોઈંગ ૭૩૭-૮૦૦ વિમાન બુધવારે ઈરાનથી ઉડાન ભર્યાની ૩ મિનિટમાં જ ક્રેશ થઈ ગયું હતું.

આ પહેલાં ઈરાને ઘટનાના બે દિવસ સુધી વિમાન પર મિસાઈલ છોડી હોવાની વાતનો સતત ઈન્કાર કર્યો હતો. પરંતુ અમેરિકા દ્વારા અને શુક્રવારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને બ્રિટિશ પીએમ બોરિસ જોનસને ખાનગી સૂત્રોથી દાવો કર્યો હતો કે, વિમાન ઈરાનની મિસાઈલ



અથડાવાના કારણે દુર્ઘટના ગ્રસ્ત થયું છે. ઈરાને પહેલાં બંને નેતાઓને આ દાવો કરતાં પુરાવા આપવા કહ્યું હતું, પરંતુ શનિવારે સવારે ઈરાની સરકારે આખરે પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી. યુક્રેનનું વિમાન બુધવારે સવારે દુર્ઘટના ગ્રસ્ત થયું હતું. તેમાં ૧૭૬ લોકોના મોત થયા હતા.

ઈરાનના લશ્કરી દળના સત્તાવાલાઓ દ્વારા વિમાન પર ભૂલથી મિસાઈલ છોડવાની જાહેરાત બાદ ઈરાનના રાષ્ટ્રપતિ હસન રુહાનીએ ટ્વિટ કરીને આ ઘટનાને ભયાનક ભૂલ ગણાવી હતી, "સશસ્ત્ર દળોની આંતરિક તપાસમાં એવું તારણ કાઢ્યું છે કે મિસાઈલે યુક્રેનિયન વિમાનને માનવીય ભૂલને કારણે નિશાન બનાવ્યું હતું, જેના કારણે વિમાન ક્રેશ થયું હતું." અને ૧૭૬ લોકોએ જીવ ગુમાવ્યો, આ દુર્ઘટનાની તપાસ અને અક્ષમ્ય ભૂલ કરનારની સામે તપાસ ચાલુ રહેશે અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે."

આ પહેલાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે અધિકારીઓ સાથેની એક બેઠકમાં એવી શંકા વ્યક્ત કરી હતી કે યુક્રેનનું બોઈંગ-૭૩૭ ઈરાની મિસાઈલ સાથે અથડાવાના કારણે પડ્યું છે. બેઠકમાં અધિકારીઓએ કહ્યું છે કે, ઈરાને ભૂલથી પેસેન્જર વિમાન પર રશિયામાં બનેલી મિસાઈલથી હુમલો કર્યો છે.

ત્યારબાદ કેનેડા અને બ્રિટને દાવો કર્યો હતો. કેનેડાના વડાપ્રધાન ટ્રુડો અને બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોનસનના દાવા પછી સોશિયલ મીડિયા ઉપર એક વીડિયો પણ વાયરલ થયો હતો. તેમાં યુક્રેનના વિમાનને મિસાઈલથી અથડાયા પછી વિમાન આગના ગોળામાં ફેરવાઈ ગયેલું પણ જોવા મળ્યું હતું. વિમાન બોઈંગ ૭૩૭-૮૦૦ ઉડાન ભર્યાના ૩ મિનિટ પછી જ ઈમામ ખોમેની એરપોર્ટથી થોડે દૂર તેનો કાટમાળ જોવા મલ્યો

અનુસંધાન પાના નં. ૮

વડાપ્રધાન મોદી મમતાના ગઢ પ.બંગાળની બે દિવસની મુલાકાતે પહોંચ્યા

CAA-NRCના વિરોધ વિશે પીએમને જણાવ્યું : મમતા બેનર્જી

કોલકાતાની હેરિટેજ ઈમારતમાં પીએમ મોદીએ પ્રતિમાનું અનાવરણ કર્યું

કોલકાતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે પ. બંગાળની બે દિવસીય મુલાકાતે કોલકાતા પહોંચ્યા હતા. રાજભવનમાં મોદી અને પ.બંગાળના ટીએમસી પક્ષના નેતા અને જેઓ મોદી સરકારના કટ્ટર વિરોધી રહ્યાં છે તેઓ સીએમ મમતા બેનર્જી વચ્ચે ઔપચારિક બેઠક યોજાઈ હતી. જો કે વિમાની મથકે પીએમને આવકારવા માટે સીએમના બદલે રાજ્યપાલ હાજર રહ્યા હતા. મોદી



સાથેની બેઠક બાદ મમતાએ જાહેર કર્યું હતું કે તેમણે વડાપ્રધાનને કહ્યું છે કે તેમની સરકાર નાગરિકતા કાયદો, એનઆરસી અને એનપીઆરનો વિરોધ કરે છે અને આ કાયદાઓ પરત ખેંચી લેવા જોઈએ. પીએમને મળ્યા બાદ સીએમ મમતા મોદી સરકારના કાયદાની સામે તેમના પક્ષ દ્વારા આયોજિત ધરણાંના કાર્યક્રમમાં હાજર રહ્યાં હતા.

વડાપ્રધાન મોદીએ સવારે નવી દિલ્હીથી રવાના થતા પહેલાં પોતે જ ટ્વીટ કરીને પોતાના પશ્ચિમ બંગાળના પ્રવાસની જાણકારી આપતા લખ્યું કે, 'હું આજ અને કાલ બે દિવસ માટે પશ્ચિમ બંગાળના પ્રવાસ પર જઈ રહ્યો છું જેના માટે હું ખૂબ જ ઉત્સાહિત છું.' ત્યારબાદ તેઓ બે દિવસીય પ્રવાસ પર કોલકાતા પહોંચ્યા હતા ત્યાં તેઓ કોલકાતા બંદરગાહ ટ્રસ્ટની ૧૫૦મી વર્ષગાંઠના અવસર પર યોજાયેલા કાર્યક્રમમાં સામેલ થવા માટે અને હેરિટેજ બિલ્ડિંગ્સ રાષ્ટ્રને સમર્પિત કરવા માટેના કાર્યક્રમમાં સામેલ થશે. વડાપ્રધાન કાર્યાલયના નિવેદન અનુસાર શનિવારના રોજ વડાપ્રધાન કોલકાતામાં ચાર હેરિટેજ બિલ્ડિંગ્સ પશ્ચિમ

અનુસંધાન પાના નં. ૮

નવી નિમણૂંક બાદ લેફ. જનરલ નરવણેની પ્રથમ પત્રકાર પરિષદ યોજાઈ

આર્મી ચીફની લલકાર: આદેશ મળતાં જ પાક. પાસેથી અમારૂ કાશ્મીર પરત લેવા સેના તૈયાર

સેનાના ત્રણેય પાંખ વચ્ચે તાલમેલ જરૂરી, તાલીમ પર ભાર મૂક્યો

ન્યુ દિલ્હી

૩૧મી ડિસેમ્બરના રોજ ભારતના ૨૮મા સેના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળનાર લેફ.જનરલ મનોજ મુકુન્દ નરવણે દ્વારા તેમની પ્રથમ પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં તેમણે શબ્દો ચોર્યા વગર સ્પષ્ટ શબ્દોમાં એવી કટિબધ્ધતા વ્યક્ત કરી હતી કે પાકિસ્તાનના કબ્જામાં રહેલું કાશ્મિર-પીઓકે- ભારતનો જ એક હિસ્સો છે અને દેશની સંસદ તેને હસ્તગત કરવાનો સંકલ્પ પસાર કરી સેનાને આદેશ મળશે તો ભારતનું એ અડધુ કાશ્મિર પરત મેળવવા માટે ભારતીય સેના ત્વરિત કાર્યવાહી હાથ ધરશે. ભારતની સેના દેશના સીમાડાઓનું રક્ષણ કરવા માટે હરહંમેશ તૈયાર છે.

સેનાના સંચાલન મુદ્દે સેના પ્રમુખે કહ્યું હતું કે જ્યાં સુધી ભારતીય સેનાનો સંબંધ છે તો અમારા માટે ટૂંકા ગાળાના જોખમ તરીકે આતંકવાદી સામે અભિયાન ચલાવવાનું છે અને લાંબા સમયનું જોખમ પારંપરીક યુદ્ધ છે. અમે આ બન્ને માટે સુસજ્જ છીએ.પાકિસ્તાન અને ચીન સરહદ પર સુરક્ષા દળને ફરીથી સંતુલિત કરવાની જરૂર છે. અમારે અમારી ઉત્તર અને પશ્ચિમી બન્ને સરહદ પર સમાન ધ્યાન આપવાની જરૂર છે. જનરલ મનોજ મુકુંદ નરવણેની સેના પ્રમુખ બન્યા બાદ શનિવારે પ્રથમ વાર મિડિયા સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે આ એક સંસદીય સંકલ્પ છે કે પાકિસ્તાનના કબ્જામાં રહેલું કાશ્મીર ભારતનો હિસ્સો છે. જો સંસદ સંકલ્પ પસાર કરશે કે પીઓકે ભારતનો ભાગ હોવો જોઈએ અને આ અંગે જો અમને યોગ્ય આદેશ મળશે તો અમે તેને મેળવવા માટે યોગ્ય કાર્યવાહી કરશું.

જમ્મુ-કાશ્મીરના ખીણ પ્રદેશમાં ફરજ બજાવતાં સૈન્ય અધિકારીઓ સામે મળી રહેલી ફરિયાદો અંગે સેના પ્રમુખે કહ્યું કે સરહદ પર રહેલા કમાન્ડરના આદેશનું સન્માન થશે. જે પણ ફરિયાદો આવી છે તે પાયા વગરની સાબિત થઈ છે. સિયાચિન આપણા માટે ખૂબ જ મહત્વનું છે. તેની સુરક્ષા માટે પશ્ચિમ અને ઉત્તરી મોરચાની રચના કરવામાં આવી છે. આ ક્ષેત્ર અમારા માટે વ્યૂહાત્મક રીતે ઘણુ

અનુસંધાન પાના નં. ૮

૧૦ જાન્યુઆરીની મધરાતથી ગૃહ મંત્રાલય દ્વારા જોગવાઈઓનો અમલ શરૂ

ઉગ્ર વિરોધ વચ્ચે નાગરિક કાયદાનો અમલ લાગુ, ગેઝેટમાં પ્રસિધ્ધિ

શરણાર્થીઓ માટે કટ ઓફ ડેટ ૩૧ ડિસે.૨૦૧૪ જાહેર કરાઈ, અમુક રાજ્યોમાં લાગુ નહીં પડે

ન્યુ દિલ્હી

નાગરિકત્વ સંશોધિત કાયદો-સીએએની સામે દેશના મોટા ભાગના રાજ્યોમાં લોકો દ્વારા ભારે વિરોધ અને કેરળ સહિત બિન-ભાજપી રાજ્યોએ તેનો અમલ કરવાની ના પાડી છે ત્યારે બીજી તરફ કેન્દ્રની એનડીએ સરકારે તેમાં પીછેહઠ કરવાને બદલે એક જાહેરનામુ બહાર પાડીને તેનો અમલ ૧૦ જાન્યુઆરીની મધરાતથી શરૂ કરી નાંખ્યો છે. દેશના ગૃહ મંત્રાલય દ્વારા ગેઝેટની નકલ જાહેર કરીને વિવાદાસ્પદ એવા આ આ કાયદાની જોગવાઈઓ ૧૦ જાન્યુઆરીથી લાગુ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જો કે કેન્દ્રના આ કાયદાને વિધાનસભામાં સત્તાવાર પ્રસ્તાવ લાવીને અનુમોદન આપનાર ભાજપ શાસિત ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં જણાવાયું છે, 'કેન્દ્ર સરકાર, નાગરિકતા (સુધારો) અધિનિયમ, ૨૦૧૯ (૨૦૧૯ ના ૪૭) ની કલમ ૧ ની પેટા કલમ (૨) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, તારીખ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ. જેમાં જણાવેલ કાયદાની જોગવાઈઓ અમલમાં આવશે તે ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

સૂત્રોએ કહ્યું કે ગૃહમંત્રી અમિત શાહે વારંવાર એવી જાહેરાત કરી હતી કે તમામ વિપક્ષો એક થઈને ગમે તેટેલો વિરોધ કરશે તો પણ સરકાર પાકિસ્તાન સહિત ૩ દેશોમાંથી યાતના ભોગવીને શરણાર્થી તરીકે ભારત આવેલા હિન્દુ-સિખ-ઈસાઈ-બૌધ્ધ-જૈનો વગેરે.ને ભારતનું નાગરિકત્વ આપવાના કાયદામાં કરાયેલો સુધારો કોઈ કાળે પરત નહીં ખેંચાય. અને તે મુજબ તેમના મંત્રાલયે કાયદાની જોગવાઈના અમલને ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવાની તેનો અમલ લાગૂ કરીને વિરોધીઓને જવાબ આપ્યો હોવાની છાપ ઉપસી રહી છે.

નોંધનીય છે કે સંસદમાં ડિસે.૨૦૧૯માં બહુમતિથી પસાર કરાયેલા આ સંશોધિત કાયદાની સામે દેશભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. કેટલાક રાજ્યોમાં, આ દેખાવોમાં હિંસક ઘટનાઓ પણ બની હતી. કોંગ્રેસ સહિતના અન્ય રાજકિય વિરોધીઓ પણ આ કાયદાનો સતત વિરોધ કરી રહ્યા છે. દેશભરની કેટલીક જાણીતી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ પણ સરકારને આ કાયદો પાછો ખેંચવાની માંગ કરી રહ્યા છે. પરંતુ

અનુસંધાન પાના નં. ૮





હૈદરાબાદમાં વિરોધીઓ એનઆરસી, સીએએ અને એનપીઆર વિરુદ્ધ એક રેલીમાં ભાગ લે છે.

કોચ્ચિના મરદુમાં ૧૮ માળની બે ગેરકાયદે બિલ્ડીંગ બ્લાસ્ટથી તોડી પાડી

કોચ્ચિ

સુપ્રિમ કોર્ટના આદેશ બાદ કેરળમાં કોચ્ચિના મરદુ નગરપાલિકામાં બનેલી ચાર ગેરકાયદે ઈમારતને ધરાશાયી કરવાના આદેશને લાગુ કરવામાં આવ્યો હતો. જેમાંથી આજે આલ્ફા સરેન અને હોલી ફેથ બિલ્ડીંગને ધરાશાયી કરવામાં આવી હતી.

બંને બિલ્ડીંગનું બાંધકામ ગેરકાયદેસર રીતે કરવામા આવ્યું હતું જેથી સુપ્રિમકોર્ટે તેને ધરાશાયી કરવાનો આદેશ આપ્યો હતો. ૧૮ માળની હોલી ફલેથ બિલ્ડીંગમાં ૯૦ ફલેટ હતા. જ્યારે આલ્ફા સેરેનમાં ૭૩ ફલેટ હતા. જેમા કુલ ૨૪૦ જેટલા પરિવાર રહેતા હતા.

પહેલા ગેરકાયદે હોલી ફેથ એચ ૨૦ને સવારે ૧૧.૧૮ વાગ્યે ધરાશાયી કરવામાં આવી હતી. બાદમાં થોડી મીનિટો બાદ અલ્ફા સેરેને બિલ્ડિંગના ટાવરોને ધરાશાયી કરવામાં આવ્યા હતા. બંને બિલ્ડીંગો પાડવામાં આવી તેમા ૮૦૦ કિલો વિસ્ફોટક પદાર્થનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને તે બ્લાસ્ટ કરતી વખતે આસપાસના વિસ્તારમા ધારા ૧૪૪ લાગૂ કરવામાં આવી હતી.

આજે મરદૂમાં જૈન અને ગોલ્ડન ફ્લીટ બિલ્ડીંગને પણ પાડવામાં આવશે. કારણકે આ બંને બિલ્ડીંગનું બાંધકામ પણ ગેરકાદેસર રીતે કરવામાં આવ્યું છે.

બિલ્ડીંગની આસપાસના સ્થાનિકોને તે સમયે બારી બારણા બંધ રાખવા કહેવામાં આવ્યું હતું. સાથે જ તેમને ઘરની લાઈટ પણ બંધ રાખવા કહેવામાં આવ્યું હતું. મહત્વનું છે કે ગેરકાયદેસર બાંધકામ મામલે જે પણ કાર્યવાહી કરવામાં આવી. તેને અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કહી શકાય.

જાપાની કરોડપતિએ કરી પૈસાની લ્હાણી, ટ્વીટર ફોલોઅર્સને ૬૫ કરોડ વહેંચ્યા

ટોક્યો

જાપાની કરોડપતિ યુસાકૂ મૈઈજાવાએ પોતાના ટ્વીટર ફોલોઅર્સને લગભગ ૬૫ કરોડ રૂપિયાની રકમ વહેંચી દીધી છે. તેમનું કહેવું છે કે, ૧,૦૦૦ ટ્વીટર ફોલોઅર્સ વચ્ચે ૧ બિલિયન યેન લગભગ ૬૫ કરોડ રૂપિયાની રકમ વહેંચી દીધી છે. આ રકમ ૧,૦૦૦ ફોલોઅર્સને આપવામાં આવશે, જેની મૈઈજાવા પોતાના સામાજીક પ્રયોગ માટે પસંદગી કરશે. આ પ્રયોગનો મતલબ એ જાણવા માટે છે કે શું પેસા માણસને વધારે ખુશ રાખી શકે છે? આ રકમને હાંસલ કરવા માટે લોકોને માત્ર એટલું જ કરવાનું હતું કે, તેમને ૭ જાન્યુઆરી પહેલા યુસાકૂ મૈઈજાવાના ટ્વીટને રિટ્વીટ કરવાનું હતું.

મૈઈજાવાએ ૩૧ ડિસેમ્બરના તે ટ્વીટને જેમા તેમણે સોશિયલ એક્સપેરિમેન્ટની ઘોષણા કરી હતી કતે અત્યાર સુધીમાં ૪૦ લાખથી વધુ લોકોએ રિટ્વીટ કર્યું હતું. તેમણે એક યૂટ્યૂબ વીડિયોમાં જણાવ્યું કે, આ પ્રયોગમાં ઈનામી રકમ મેળવનારા ૧૦૦૦ લોકોની પસંદગી લોટરીના આધારે કરવામાં આવશે. પસંદગી પામેલ ટ્વીટર યૂઝર્સને મેસેજ દ્વારા સૂચના આપવામાં આવશે. ગત વર્ષે પણ કરોડપતિ મૈઈજાવાએએ આ પ્રકારના જ પ્રયોગોમાં ૬.૫ કરોડ રૂપિયાની રકમ આપી હતી. ગત વર્ષે મૈઈજાવાના ટ્વીટને ૫૦ લાખથી વધુ લોકોએ રિટ્વીટ કર્યું હતું. આ વર્ષે કરવામાં આવનાર પ્રયોગને મૈઈજાવાએ એક ગંભીર સામાજીક પ્રયોગ ગણાવ્યો છે. આ પ્રયોગ દ્વારા જાણવા માંગે છે કે, ૬.૫ લાખ રૂપિયાની રકમ એક વ્યક્તિના જીવન પર શું અસર કરે છે.

જેએનયુ હિંસા મામલે દિલ્હી પોલીસની કામગીરી પર શંકાના વાદળો ઘેરાયાં

ન્યુ દિલ્હી

જેએનયુમાં થયેલી હિંસાને લઈને શુક્રવારે દિલ્હી પોલીસ તરફથી પ્રેસ કોન્ફરન્સ કરીને કેટલાક તથ્યોને સામે રાખ્યવાનો પ્રયત્ન કર્યો. પણ દિલ્હી પોલીસ અધૂરી તૈયારીઓ સાથે મીડિયાની સામે આવી હતી. પોલીસે બંને પક્ષોના હુમલાખોરોની તસવીરો જાહેર કરી. જેમાં એક તસવીરમાં નામ કોઈનું અને વ્યક્તિ કોઈ બીજી જ હવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત પોલીસ પર ભેદભાવનો પણ આરોપ લાગી રહ્યો છે કારણ કે, તેમણે ડાબેરીપક્ષોના આરોપી હુમલાખોરોનું નામ લીધું પણ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું નામ લેવાથી દૂરી રાખી હતી.

એક વિડિયોમાં ૫ જાન્યુઆરીએ બપોરે ૩.૪૫ વાગ્યે કેટલાક બુકાનીધારી વિદ્યાર્થીઓ દેખાઈ રહ્યા છે જે કદાજ પેરિયાર હોસ્ટેલ જઈ રહ્યા હતાં. તેમની સાથે જેએનયુ વિદ્યાર્થી સંઘની અધ્યક્ષા આઈશી ઘોષ પણ દેખાઈ રહી છે. જોકે, વિડિયોમાં કોઈના હાથમાં હથિયાર નથી. બીજી તરફ બુકાનીધારીની એક ભીડ હથિયાર લઈને રાતે આવી અને તેમણે સાબરમતી હોસ્ટેલ પર હુમલો કર્યો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ હુમલો દિવસે કરેલા હુમલાનો બદલો લેવા માટે કરવામાં આવ્યો હતો. બીજો હુમલો ઘણો ઉગ્ર હતો. આઈશી અને એક પ્રોફેસરના માથા પર ઈજા થઈ અને કુલ ૩૬ લોકો ઘાયલ થયાં.

તપાસ પર ઉઠેલા સવાલો અને સોશિયલ મીડિયામાં ચોતરફી ટીકાનો ભોગ બન્યા પછી પોલીસે તાત્કાલિક વિકાસ પટેલની સાચી તસવીર જાહેર કરી. પણ આ ઘટના બાદ પોલીસની થિયરી પર અનેક સવાલો ઉભા થયાં છે. જો પોલીસ તમામ લેફ્ટ વિદ્યાર્થી સંગઠનોના નામ લઈ રહી છે તો એબીવીપીનું નામ શા માટે નથી લઈ રહી અને બીજું કે, ૫ તારીખે જે બુકાનીધારીઓ જેએનયુમાં દાખલ થયા તેના અંગે હજુ સુધી પોલીસ કેમ કોઈ જાણકારી નથી આપી રહી.

ભારતીયો ભોળા હોય છે, યોજના અંગે સરકારી દાવા પર વિશ્વાસ કરી લે છે: ચિદમ્બરમ

ચેન્નાઈ

કોંગ્રેસ નેતા અને ભૂતપુર્વ નાણાં પ્રધાન પી.ચિદમ્બરમે કહ્યું હતું કે મે ભારતીયો જેવા ભોળા લોકો ક્યારેય જોયા નથી, જેઓ વિવિધ યોજનાઓના અમલીકરણને લઈ કરવામાં આવી રહેલા સરકારી દાવાને તરત જ સ્વીકારી લે છે. ચિદમ્બરમ સાહિત્યને લગતા એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે અખબારમાં કંઈ પણ છપાય છે તો લોકો તેને માની લે છે. આપણે કોઈ પણ બાબતને લઈ વિશ્વાસ કરી બેસીએ છીએ. ચિદમ્બરમે કહ્યું હતું કે સરકારે દાવો કર્યો છે કે દેશના તમામ ગામોમાં વીજળી પહોંચી ગઈ છે. ૯૯ ટકા પરિવાર માટે શૌચાલય બનાવવામાં આવ્યા છે. લોકોએ આ વાત પર વિશ્વાસ કરી લીધો છે. આવું જ આયુષ્યમાન ભારત યોજનામાં છે. દિલ્હીમાં મારા ડ્રાઈવરના પિતાની સર્જરી કરવાની હતી, પરંતુ આ યોજના અંતર્ગત લાભ મળ્યો ન હતો. ભૂતપુર્વ નાણાં પ્રધાને કહ્યું હતું કે મે તેને (ડ્રાઈવર)ને પૂછ્યું હતું કે જો તેની પાસે આયુષ્યમાન કાર્ડ છે તો તેણે હોસ્પિટલ જવું જોઈએ. જ્યારે તે હોસ્પિટલ ગયો તો ત્યાં તેને કહેવામાં આવ્યું કે તેમને આ પ્રકારની કોઈ યોજના અંગે જાણકારી નથી. પરંતુ આપણે લોકો માની લઈ છીએ કે આયુષ્યમાન ભારત યોજના સમગ્ર દેશમાં લાગુ થઈ ગઈ છે. આપણે એવું માની છીએ કે બિમારીનો ઈલાજ આ યોજના અંતર્ગત થઈ જાય છે. તે પણ કોઈ પણ પ્રકારના ખર્ચ વગર. આ આપણું ભોળાપણુ છે. અનેક સમાચાર અને આંકડા હકીકતથી તદ્દન વિપરીત છે.

આસામના ભૂતપુર્વ મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ કેન્દ્ર સરકાર પર નિશાન તાક્યું હતું. તેમણે કહ્યું હતું કે ભારત એક લોકશાહી દેશ છે. અમે ઈચ્છીએ છીએ કે લોકતંત્ર યથાવત રહેવું જોઈએ. નાગરિકતા સંશોધન કાયદાની બાબતમાં હિન્દુ-મુસ્લિમોને અલગ કરવામાં આવી રહ્યા છે. હિન્દુ ધર્મનિરપેક્ષ છે. તેમના વિચાર મોટા છે. પરંતુ સરકાર સંકીર્ણ માનસિકતા ધરાવે છે. તે રાજનીતિક લાભ માટે હિન્દુત્વના મૂળ સિદ્ધાંત સાથે બાંધછોડ કરવામાં આવી રહી છે.

ઝાકીર નાઈકનો ઘટસ્ફોટ: 'કાશ્મીર મુદ્દે સમર્થન માટે મોદી સરકારે ઓફર કરી હતી'

ન્યુ દિલ્હી

એક વિડિયો દ્વારા નાઈકે આ દાવો કર્યો, વિડિયોમાં નાઈકે કહ્યું કે તેણે આ કથિત સોદાનો ઈકાર કરી દીધો, નાઈક દાવા અનુસાર,તેણે છેલ્લા સપ્ટેમ્બર મહિનામાં ભારત સરકારનાં એક પ્રતિનિધી દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. નાઈકે પોતાની પી આર ટીમ દ્વારા જારી કરવામાં આવેલા વિડિયોમાં કહ્યું 'સાડા ત્રણ મહિના પહેલા ભારતીય અધિકારીઓએ ભારત સરકારનાં એક પ્રતિનિધિ સાથે ખાનગી બેઠક માટે મારો સંપર્ક કર્યો હતો, જ્યારે તે સપ્ટેમ્બર ૨૦૧૯નાં ચોથા સપ્તાહમાં પુટરાજયા(મલેશિયાનું એક શહેર) આવ્યા,તો તેમણે કહ્યું કે તે વ્યક્તિગત રીતે ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહની સીધી સુચનાથી તેમને મળવા આવ્યા છે.' તેમણે મને જણાવ્યું કે તે ભારતમાં મારા સુરક્ષીત માર્ગ માટે કામ કરી શકે કેમ કે તે મુસ્લીમ દેશોની સાથે સંબંધ સુધારવા માટે મારા કનેક્સનનો ઉપયોગ કરવા માગે છે. પ્રતિનિધિએ કહ્યું કે મારા અને ભારત સરકાર વચ્ચેની ભ્રમણા અને ગેરસમજને દુર કરવા માગે છે,અને મને ભારતમાં સુરક્ષીત માર્ગ પ્રદાન કરવા માગે છે. નાઈકે કહ્યું 'બેઠક કેટલાય કલાકો સુંધી ચાલી તેમણે મને જણાવ્યું કે તે ઈચ્છતા હતા કે હું ભારતમાં કાશ્મિરથી કલમ ૩૭૦ હટાવવા માટે બિજેપી સરકારનું સમર્થન કરૂ,મેં આ અંગે તેમને સ્પષ્ટ રીતે ના પાડી દીધી. નાઈકે કહ્યું કે પ્રસ્તાવનો ઈકાર કર્યા બાદ તેમને બિજેપી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂધ્ધ કોઈ પણ પ્રકારનું નિવેદન નહીં આપવાનું કહેવામાં આવ્યું.



ગુવાહાટીમાં ખેલ ઈન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૦ આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક્સ અન્ડર ૧૭ ગર્લ્સ ઓલ રાઉન્ડનો વિજેતા, પ્રિયંજનદાસ ગુમા (ત્રિપુરા) ગોલ્ડ મેડલ (સી), સિધિપ્રવીર હેટ્ટેકર (મહારાષ્ટ્ર) સિલ્વર મેડલ (એલ) અને પી સુરભી (તેલંગાણા) બ્રોન્ઝ મેડલ (આર), ત્રીજી આવૃત્તિ દરમિયાન ફોટોગ્રાફ્સ માટે પોઝ આપશે.



એક કુંભાર કરાડમાં મકરસંક્રાંતિ ઉત્સવની આગળ માટીના વાસણોને પૂરી સ્પર્શ આપે છે.

પ્રિંસ હેરી અને મેગને રોયલ ફેમિલી છોડી, આર્થિક જવાબદારી જાતે નિભાવશે

ન્યુ દિલ્હી

સસેક્સના ડ્યૂક અને ડચેસ પ્રિંસ હેરીના પત્ની મેગન મર્કલે જાહેરાત કરી છે કે હવે તેઓ રોયલ ફેમીલીના સીનિયર પદેથી પાછળ હટી ગયા છે. તેઓ કેનેડા શિફ્ટ થવાની તૈયારી કરી રહ્યાં છે. બન્નેએ આ નિર્ણય એટલા માટે લીધો છે જેથી તેઓ તેમની જવાબદારી સાથે ઉઠાવી શકે અને આર્થિક રૂપે સ્વતંત્ર બની શકે. આ જાહેરાત બાદ શાહી પરિવાર અત્યારે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મેઘાને તેમની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર લખ્યું, ઘણા મહિનાઓ સુધી વિચાર્યા બાદ અમે આ વર્ષે અમારા રોલમાં બદલાવ કરવા જઈ રહ્યાં છીએ. અમે શાહી પરિવારના સીનિયર મેમ્બર્સનું પદ છોડીને અમારી આર્થિક જવાબદારીઓ પોતે ઉઠાવવા જઈ રહ્યા છીએ. અણે ક્વીનને હંમેશા સપોર્ટ કરતા રહીશું. અમે ક્વીન, કોમનવેલ્થ અને બાકી બાબતો માટે કામ કરીતા રહીશું. આ ભૌગોલિક બેલેન્સ અમારી દીકરા આર્ચીને એ રોયલ ટ્રેડિશનની પ્રશંશા કરતા શિખવાડશે જેમાં તે પેદા થયો છે. તેની સાથે અમારા પરિવારને સ્પેસ મળશે જેનાથી અમે અમારા જીવનના આગામી પડાવ પર ધ્યાન આપી શકીશું. જેમ કે અમારી આગામી ચેરિટેબલ સંસ્થાને લોન્ચ કરવી.

બંકિંઘામ પેલેસ તરફથી આ સ્થિતિને ખૂબ જટિલ ગણાવવામાં આવી છે. શાહી મહેલને લાગે છે કે આ વિચાર સમજીને લેવામાં આવ્યો નથી. દક્ષિણ આફ્રિકાના પ્રવાસ બાદથી જ સંકેત મળી રહ્યા હતા કે હેરી અને મેગન માર્કલ તેમના શાહી જીવનથી ખુશ ન હતાં. બીજીતરફ તેમના આ નિર્ણયથી શાહી પરિવાર ખુશ નથી. બીબીસીના રિપોર્ટ અનુસાર હેરી અને મેગન માર્કલને શાહી પરિવારમાં સીનિયર પદ પર રહેતા એવા ઘણા કામ કરવા પડતા હતા જેનાથી તેઓ ખુશ ન હતાં. હેરીને ભીડ સાથે કોઈ સમસ્યા નથી રહેતી પરંતુ કેમેરાથી તેઓ દૂરી બનાવતા. બીજી તરફ મેગનનું માનવું હતું કે તે એવું વ્યક્તિત્વ નથી બનવા માગતી જ્યાં તે મૂંગી બની જાય. તે જ્યારે પણ કંઈ બોલતી, ટીકાઓ થવા લાગતી હતી. આ બન્નેએ આ નિર્ણય લેતા પહેલા પરિવારના કોઈ પણ સભ્યની સલાહ લીધી નથી. શાહી પરિવારથી અલગ થયા બાદ શું તેમની શાહી ઉપાધિ બરકરાર રહેશે કે નહીં એ તમામ વાતો ભવિષ્યમાં સામે આવશે.

અમેરિકાએ ઈરાનના ધાતુ ઉદ્યોગ સહિત અન્ય સેક્ટર્સ પર નવા પ્રતિબંધો લગાવ્યા

વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી તણાવભરી સ્થિતિને લઈને વિશ્વના સમુદાયો દ્વારા બંને દેશોને સંયમ અને શાંતિપૂર્ણ સમાધાન કરવાની અપીલ કરી હતી, પરંતુ અમેરિકાએ તેની અવગણના કરતા ઈરાન પર નવા પ્રતિબંધો લાદ્યા છે.

અમેરિકાના નાણામંત્રી સ્ટેવન મ્યુશને વોશિંગ્ટનમાં એક પત્રકાર પરિષદ આયોજીત કરી પ્રતિબંધો વિશે જાણકારી આપી હતી. તેમના મુજબ અમેરિકાએ ઈરાનના ધાતુ ઉદ્યોગ અને તેની અર્થવ્યવસ્થા સાથે સંકળાયેલા અન્ય સેક્ટર્સ પર પ્રતિબંધ લગાવ્યા છે.

અમેરિકન મંત્રાલય દ્વારા કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, ગત મંગળવારે ઈરાનમાં અમેરિકન સેના છાવણીઓ પર બેલેસ્ટિક મિસાઈલ હુમલા કર્યા પછી અમે ઈરાન વરિષ્ઠ અધિકારીઓ પર નિશાના સાધી રહ્યા છીએ. જેમાં ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા કાઉન્સિલના સચિવ અલી શામખાની, ઈરાન સશસ્ત્ર દળના મોહમ્મદ રેજા આસ્થિની જેવા અન્ય અધિકારીઓ સામેલ છે.

આ મુદ્દે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યુ કે ઈરાન જે સેક્ટર્સ દ્વારા આવક મેળવી રહ્યું છે અમેરિકા તેની પર નિશાન સાધી રહ્યું છે. અહીંથી પ્રાપ્ત આવકને ઈરાન પરમાણુ હથિયાર બનાવવામાં, મિસાઈલ બનાવવામાં તથા આતંકવાદ અને પ્રોક્સી નેટવર્ક પર ખર્ચ કરી રહ્યું છે.

ક્વેટાની મસ્જિદમાં વિસ્ફોટ થતા ૧૬ લોકોના મોત, ૨૦ ઘાયલ

ઈસ્લામાબાદ

ક્વેટાના ઘૌસાબાદ વિસ્તારમાં થયેલા વિસ્ફોટમાં પોલીસ અધિકારી સહિત ૧૬ લોકોના મોત થયા છે જ્યારે ૨૦ ઘાયલ થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર. વિસ્ફોટ સાંજની નમાજના સમયે થયો હતો. મૃતકોમાં ક્વેટાના ડીએસપી અમાનુલ્લાનો પણ સમાવેશ થાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ વિસ્ફોટ ડીએસપીને નિશાન બનાવવા માટે જ કરવામાં આવ્યો હતો. ગત મહિને ક્વેટામાં જ ડીએસપીના દિકરાની ગોળઈ મારીને હત્યા કરી દેવામાં આવી હતી. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન અને બલૂચિસ્તાનના મુખ્યમંત્રી જે. કમાલ ખાને ઘટનાની નિંદા કરી છે. તેમણે ઓફિસરોને જલ્દી જ તપાસ પૂરી કરીને રિપોર્ટ સોંપવાના આદેશ આપ્યા છે. ક્વેટામાં તમામ હોસ્પિટલોમાં ઈમરજન્સીની જાહેરાત કરી દેવામાં આવી છે. બલૂચિસ્તાનના ગૃહમંત્રી જિયા લંગોવે ઘટના પર પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, મૃતકોની સંખ્યા હજી વધી શકે છે, કારણ કે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જો કે, ઘાયલોની સારવારમાં કોઈપણ પ્રકારની લાપરવાહી નહી ચલાવી લેવાય. ગૃહમંત્રીએ કહ્યું કે, આતંકીઓ પાકિસ્તાનના વિકાસથી ડરી ગયા છે. હારી ગયેલા અને ડરી ગયેલા આતંકીઓને ક્યારે સફળ થવા દેવામાં નહી આવે.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૬ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

ફિટ રહેવા કસરત કરો

આમાં કોઈ શંકા નથી કે આપ હેલ્થી અને બિમારીથી દુર રહેવા માટે ઈચ્છુક છો તો પોતાની નિષ્ક્રિય લાઈફસ્ટાઈલને છોડી દેવી પડશે. પોતાની ગતિહીન લાઈફસ્ટાઈલને ત્યાગીને એક્ટિ લાઈફસ્ટાઈલ અપનાવવાની સ્થિતીમાં જીવન બદલાઈ શકે છે. વધારે ફિટ અને સ્વસ્થ રહી શકાય છે. માત્ર એક ફેરફાર કરીને આપ હાર્ટ સાથે સંબંધિત બિમારી, સ્ટ્રોક, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીને દુર રાખી શકાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એક્ટિવ લાઈફસ્ટાઈલ માટે આપને દિવસભર જીમમાં પરસેવો વહેડાવવાની કોઈ જરૂર નથી. દરરોજ માત્ર ૨૨ મિનિટ સુધી વોકિંગ કરવામાં આવે તો પણ સારા પરિણામ મળી શકે છે. ૨૨ મિનટ સુધી રોજ ચાલવાથી આરોગ્યને જાળવી શકાય છે. અમેરિકન જર્નલ ઓફ પ્રિવેન્ટિવ મેડિસીનમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસના પરિણામ હવે જાહેર કરવામાં આવ્યા છે. જે દર્શાવે છે કે દરરોજ ૩૦ મિનિટ સુધી વોકિંગ ખુબ ફાયદાકારક છે. આના કારણે મોતની શંકા ૨૦ ટકા સુધી ઘટી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વોકિંગ ખુબ સરળ અને પરફેક્ટ કસરત સમાન છે. ૧૩ વર્ષ સુધી વ્યપાક અભ્યાસ કર્યા બાદ આના તારણ જારી કરવામાં આવ્યા છે. વોકિંગ સરળ કસરત છે. કારણ કે તે એક સિમ્પલ એક્શન છે. જે સંપૂર્ણ રીતે ફ્રી છે. તેના માટે કોઈ પણ પ્રકારના સાધનની જરૂર હોતી નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત સામાન્ય રીતે પીઠમાં દુઃખાવાનો પણ મદદરૂપ થાય છે.

શરીરને સ્વસ્થ રાખવા માટે રોજ નિયમિત કસરત કરવા માટે ટેવ પાડવાની જરૂર છે

ભોજનની બરબાદી રોકાશે

અન્ન અને પર્યાવરણને બચાવી લેવા માટે એક ખાસ અને અસરકારક પહેલ કરવામાં આવી રહી છે. લગ્ન પ્રસંગ, કોઈ પણ પ્રકારની પાર્ટી અને અન્ય ઉત્સવમાં અમે જોઈએ છીએ કે મોટા પાયે ભોજન બરબાદ થાય છે. કારણ કે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બચી ગયેલા ભોજનને મોટા ભાગની જગ્યાએ ફેંકી દેવામાં આવે છે. આ જ સ્થિતી રોજ રાત્રે સામાન્ય રીતે હોટેલમાં જોવા મળે છે. જ્યાં સામાન્ય રીતે હોટેલ બંધ કરતી વેળા હોટેલોમાં બચી ગયેલા ભોજનને ફેંકી દેવામાં આવે છે. પરંતુ હવે વિચારવાની જરૂર છે કે દરરોજ આટલા મોટા પ્રમાણમાં ફેંકાઈ જનાર ભોજન કેટલા ગરીબ લોકોની મદદમાં આવી શકે છે. આ ચિંતા હેઠળ શહેરની એક સામાજિક સંસ્થા અન્ન અને પર્યાવરણને બચાવી લેવા માટે ખાસ પગલા લેવાની શરૂઆત કરી છે. જે હેઠળ લગ્નમાં બચી ગયેલા ભોજનને એકત્રિત કરી ગરીબ વસ્તી સુધી પહોંચાડી દેવામાં આવે છે. આ હેઠળ લગ્નમાં બચી ગયેલા ભોજનને એકત્રિત કરીને ગરીબ વસ્તી સુધી પહોંચાડી દેવાના પ્રયાસ કરવામાં આવે છે. આ હેઠળ લગ્નમાં બચી ગયેલા ભોજનને એકત્રિત કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સંગઠન દ્વારા લોકોની પાસેથી મળેલા દાનનો ઉપયોગ આના માટે કરવામાં આવે છે. સંગઠન દ્વારા જુદા જુદા પગલા લેવામાં આવે છે. શહેરના આશરે તમામ મેરિજ ગાર્ડન તેમજ હોટેલોમાં સંસ્થા દ્વારા બેનર ચસ્પા કરી દેવામાં આવ્યા છે. વિજય મારસિંહ શિન્દેએ કહ્યુ છે કે સંસ્થા દ્વારા શહેરના હોટેલો અને મેરિજ ગાર્ડન અને ઘરમાંથી બચી ગયેલા ભોજનને એકત્રિત કરવામાં આવે છે. સારા ભોજનને એકત્રિત કરવામાં આવે છે. જેના સારા પરિણામ મળી રહ્યા છે. ફાઉન્ડેશનની રચનાને હજુ માત્ર બે મહિનાનો સમય થયો છે ત્યારે તેના ઉદ્ધેશ્યને ચારેબાજુથી પ્રશંસા મળી રહી છે. શહેરના લોકો પણ સંગઠનના ઉદ્ધેશ્યથી પ્રેરિત થઈને તેને બચી ગયેલા ભોજનને આપી દેવા માટે પહેલ કરી રહ્યા છે. કેટલાક લોકો તો સંસ્થાની ઓફિસમાં જઈ ભોજન ઉપલબ્ધ કરાવી રહ્યા છે. કેટલાક કેસમાં સુચના મળ્યા બાદ સંસ્થાના લોકો પોતે સ્થળ પર જઈને ભોજન એકત્રિત કરી નાંખે છે. ત્યારબાદ ગરીબ વસ્તીમાં પહોંચીને સંસ્થા દ્વારા ગરીબ લોકોને ભોજન આપવામાં આવે છે. સોશિયલ મિડિયા પર પણ આને લઈને ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

કાઈટ ફેસ્ટિવલ : પંતગના રસિક માત્ર ભારતમાં જ નથી...

અનેક દેશોમાં પતંગબાજી થાય છે

ઉત્તરાયણના પર્વ પર અમારા દેશમાં જોરદાર પતંગબાજી થાય છે. પતંગના રસિકો અને નાના બાળકો તો ઉત્તરાયણના કેટલાક દિવસ પહેલાથી જ ઉત્તરાયણની તૈયારીમાં લાગી જાય છે. ગુજરાત અને અમદાવાદમાં તો પતંગબાજી દુનિયામાં સૌથી વધારે જોવા મળે છે. પતંગબાજીનો કારોબાર આજે હજારો કરોડ રૂપિયામાં પહોંચી ગયો છે. ગુજરાતમાં જ તો ભારતના સૌથી મોટા પતંગ ઉત્વવનુ આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જેમાં આંતરરાષ્ટ્રીય પતંગબાજો પણ તેમની કુશળતા સાબિત કરતા રહે છે. મોટા ભાગના પૂર્વોતર રાજ્યોમાં સપ્ટેમ્બરમાં વિશ્વકર્મા પુજાના દિવસે પતંગ ચગાવવામાં આવે છે. પતંગ ચગાવવા માટેની પરંપરા નવી નથી. બીજી બાજુ પતંગબાજીની પરંપરા માત્ર ભારત અને ગુજરાતમાં જ નથી બલ્કે દુનિયાના કેટલાક દેશોમાં પણ પતંગબાજી કરવામાં આવે છે. ભારત સહિત દુનિયાના કેટલાક દેશોમાં અલગ અલગ સમય પર મોટા મોટા પતંગ ઉત્સવનુ આયોજન કરવામાં આવે છે. જેમાં લાખોની સંખ્યામાં લોક પહોંચે છે. ઓસ્ટ્રેલિયામાં ધ ફસ્ટિવલ ઓફ ધ વાઈન્ડસ એટલે કે હવાના ઉત્સ તરીકે આને ગણવામાં આવે છે. દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં સિડનીમાં બન્ડી બીચ પર વિશાળ મેળાનુ આયોજન કરવામા આવે છે જેમાં હજારો લોકો એકત્રિત થાય છે. મોટી સંખ્યામાં લોકો તેમના પરિવાર અને બાળકો સાથે પહોંચે છે. આ મેળામાં મોજમસ્તીનો માહોલ રહે છે. કેટલાક લોક અહીં પતંગ ચગાવવા માટે પહોંચે છે. આ લોકો માત્ર પતંગબાજીના કરતબ જ દર્શાવતા નથી બલ્કે કેટલીક અન્ય કુશળતા પણ સાબિત કરે છે. પતંગ ચગાવવા માટેના ગુણ પણ દર્શાવવામાં આવે છે. ઓસ્ટ્રેલિયાની જેમ જાપાનમાં પણ પતંગબાજીનો ક્રેઝ રહેલો છે. જાપાનમાં વિશ્વ પ્રસિદ્ધ હમામાત્સુ જોઈન્ટ કાઈટ ફેસ્ટિવલની શરૂઆત ૧૬મી સદીમાં કરવામાં આવી હતી. નામ મુજબ જ તેમાં મટી સંખ્યામાં પતંગ ચગાવવામાં



ભારત સહિત અનેક દેશોમાં અલગ અલગ સમય પર મોટા મોટા પતંગોત્સવનુ આયોજન કરવામાં આવે છે : હજારો લોકો પહોંચે છે

આવે છે. કેટલીક પતંગો તો ૩.૫ વર્ગ મીટર જેટલી મોટી પણ હોય છે. માન્યતા એવી છે કે હમામાત્સુક કિલ્લાના દેવતાના ઘરમાં શિશુના જન્મના ઉત્સવ વેળા પતંગબાજીની શરૂઆત થઈ હતી. અહીં પતંગબાજીને જોવા માટે માત્ર સ્થાનિક લોકો જ નહીં બલ્કે બહારના દેશોના પ્રવાસી પણ ઉત્સુકતા સાથે પહોંચે છે. આ ઉત્સવ મે મહિનામાં આવે છે., ઈંગ્લેન્ડના પોટ્સમાઉથમાં આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલનુ આયોજન કરવામાં આવે છે. આસમાન રંગબિરેગા પતંગોથી ભરાઈ જાય છે. અહીં પતંગ ચગાવવાની સાથે સાથે પતંગ બનાવવા અને અન્ય કલા પણ શિખવાડવામાં આવે છે. પતંગોના જદા જુદા આકાર, પ્રકાર, ડિઝાઈન તમામનુ ધ્યાન ખેંચે છે. ૩-ડી પતંગો મ્યુઝિક વગાડે તેવી પતંગો પણ હોય છે. ટ્રિક દર્શાવનાર પતંગો આકર્ષણનુ કેન્દ્ર હોય છે. એન્જિનિયરિંગના કુશળ નમુના દર્શાવતી પતંગો પણ ઈંગ્લેન્ડમાં પતંગબાજી દરમિયાન જોવા મળે છે. આ તમામ પ્રકારની આકર્ષક પતંગોને જોવા માટે લાખોની સંખ્યામાં લોકો એકત્રિત થાય છે. દુનિયાભરના પ્રવાસીઓના મન આ પતંગો જીતી લે છે. આ ઉત્સવની ઉજવણી ઓગષ્ટ મહિનામાં કરવામાં આવે છે. ગ્વાટેવામાલામાં પ્રાચીન કાળથી પતંગ ચગાવવાની પરંપરા રહેલી છે. અહીં નવેમ્બર મહિનામાં ઓલ સેન્ડ્સ ડેના દિવસે બૈરીલેટ ફેસ્ટિલવલનુ આયોજન કરવામાં આવે છે. જેમાં ભવ્ય અને મોટી પતંગો ચગાવવામાં આવે છે. પતંગબાજી ઉપરાંત અન્ય વિવિધ વાનગીનુ પણ આ દિવસે ભવ્ય વેચાણ કરવામાં આવે છે. જે દિવસે અહીં પતંગ ચગાવવામાં આવે છે તેને ડાયા ડી લોસ મ્યુરટોસ કહેવામાં આવે છે. અહીંના લોકોની માન્યતા છે કે આના કારણે ખરાબ આત્મા દુર રહે છે. આ દિવસે તેમના મૃત પ્રિય જન મળવા માટે પણ પહોંચે છે. ઈન્ડોનેશિયામાં બાલી ખાતે આનુ આયોજન કરવામાં આવે છે. જેમાં ઈન્ડોનેશિયા સહિત દુનિયાના દેશો આમાં ભાગ લેવા માટે પહોંચે છે. અહીં સેંકડો ટીમ એકત્રિત થઈને એક સાથે પતંગ ચગાવે છે. જેમાં સ્પર્ધાનુ આયોજન પણ કરવામાં આવે છે. બાલીની પારંપારિક પતંગસ્પર્ધા દુનિયામાં જાણીતી રહી છે. કેટલીક પતંગોનુ કદ ત ૧૦ મીટર સુધીનુ હોય છે. દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં પણ સૌથી મોટા પતંગ ઉત્સવનુ આયોજન કરવામાં આવે છે. જેનુ આયોજન જાન્યુઆરીમાં કરવામાં આવે છે. દર વર્ષે ૨૦,૦૦૦ લોકો તેમાં એકત્રિત થાય છે. ઈટાલીના સર્વિયામા પણ આ ઉત્સવ મનાવવાની પરંપરા રહેલી છે. એપ્રિલ મહિનાના અંતમાં અહીં આનુ આયોજન કરવામાં આવે છે. જેમાં વિવિધ આકર્ષક પતંગો ચગાવવામાં આવે છે. જેમાં કાર્ટુનવાળી પતંગોની બોલબાલા રહે છે. પ્રાણીઓના ચિત્રોની પતંગો ચગાવવામાં આવે છે..

ક્યા ક્યા દેશમાં પતંગબાજી

દુનિયાના દેશોમાં પતંગબાજીના તહેવારની ઉજવણી કરવામાં આવે છે. જો કે જુદા જુદા પ્રસંગે આ પતંગો ચગાવવાની પરંપરા રહેલી છે. ચીનના વિફાંગ અથવા તો શાંડોન્ગને પતંગના જન્મસ્થળ તરીકે ગણવામાં આવે છે. આને દુનિયાના પતંગના પાટનગર તરીકે પણ ગણવામાં આવે છે. ખુબ ઓછા લોકો આ બાબતને જાણે છે કે અહીં જ દુનિયાના સૌથી મોટા કાઈટ મ્યુઝિયમની સ્થાપના પણ કરવામા આવી છે. અહીં પતંગોના એક વિશાળ કારખાનાએ પણ દુનિયાનુ ધ્યાન ખેંચ્યુ છે. જ્યાં કેટલીક આકર્ષક ડિઝાઈનવાળી પતંગો તૈયાર કરવામાં આવે છે. અહીં એપ્રિલ મહિનામાં યોજાતા ઉત્સવમાં ડ્રેગન અને સેન્ટીપેડ ડિઝાઈનની પતંગો સૌથી વધારે ચગાવવામાં આવે છે. બીજી બાજુ પતંગબાજીની પરંપરા માત્ર ભારત અને ગુજરાતમાં જ નથી બલ્કે દુનિયાના કેટલાક દેશોમાં પણ પતંગબાજી કરવામાં આવે છે. ભારત સહિત દુનિયાના કેટલાક દેશોમાં અલગ અલગ સમય પર મોટા મોટા પતંગ ઉત્સવનુ આયોજન કરવામાં આવે છે. જેમાં લાખોની સંખ્યામાં લોક પહોંચે છે. ઓસ્ટ્રેલિયામાં ધ ફસ્ટિવલ ઓફ ધ વાઈન્ડસ એટલે કે હવાના ઉત્સવ તરીકે આને ગણવામાં આવે છે. જુદા જુદા દેશોમાં ક્યાં ક્યા નામે પતંગબાજી થાય છે તેની રોચક માહિતી નીચે મુજબ છે.

- ઓસ્ટ્રેલિયામાં ધ ફેસ્ટિવલ ઓફ વાઈન્ડસ નામથી પતંગબાજીના ઉત્સવનુ આયોજન કરવામાં આવે છે જેમાં સિડનીના બોન્ડી બીચ પર લાખો લોકો દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં જમા થાય છે
- જાપાનમાં હમામાત્સુ જોઈન્ટ કાઈટ ફેસ્ટીવલનુ આયોજન કરવામાં આવે છે જેમાં વિદેશી પ્રવાસીઓ પણ મોટી સંખ્યામાં પહોંચે છે
- ઈંગ્લેન્ડમાં પોટર્સમાઉથમાં ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનુ આયોજન કરવામાં આવે છે જેમાં લાખો લોકો પહોંચે છે. ૩-ડી પતંગો મ્યુઝિક વગાડે તેવી પતંગો પણ હોય છે. ટ્રિક દર્શાવનાર પતંગો આકર્ષણનુ કેન્દ્ર હોય છે. એન્જિનિયરિંગના કુશળ નમુના દર્શાવતી પતંગો પણ ઈંગ્લેન્ડમાં પતંગબાજી દરમિયાન જોવા મળે છે
- ગ્વાટેવામાલામાં પ્રાચીન કાળથી પતંગ ચગાવવાની પરંપરા રહેલી છે. અહીં નવેમ્બર મહિનામાં ઓલ સેન્ડ્સ ડેના દિવસે બૈરીલેટ ફેસ્ટિલવલનુ આયોજન કરવામાં આવે છે. જેમાં ભવ્ય અને મોટી પતંગો ચગાવવામાં આવે છે
- ઈન્ડોનેશિયામાં બાલી ખાતે આનુ આયોજન કરવામાં આવે છે. જેમાં ઈન્ડોનેશિયા સહિત દુનિયાના દેશો આમાં ભાગ લેવા માટે પહોંચે છે. અહીં સેંકડો ટીમ એકત્રિત થઈને એક સાથે પતંગ ચગાવે છે. જેમાં સ્પર્ધાનુ આયોજન પણ કરવામાં આવે છે
- દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં પણ સૌથી મોટા પતંગ ઉત્સવનુ આયોજન કરવામાં આવે છે. જેનુ આયોજન જાન્યુઆરીમાં કરવામાં આવે છે. દર વર્ષે ૨૦,૦૦૦ લોકો તેમાં એકત્રિત થાય છે
- ઈટાલીના સર્વિયામા પણ આ ઉત્સવ મનાવવાની પરંપરા રહેલી છે. એપ્રિલ મહિનાના અંતમાં અહીં આનુ આયોજન કરવામાં આવે છે.

કાઈટ ફેસ્ટિવલ ગુજરાતના સૌથી મોટા ઉત્સવ પૈકી એક તરીકે છે

ગુજરાત : ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ

ગુજરાતમાં દર વર્ષે ૨૦૦થી પણ વધારે નાના મોટા તહેવારોની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવે છે. જો કે ગુજરાતના સૌથી મોટા તહેવારો પૈકી એક તરીકે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલને ગણવામાં આવે છે. જેમાં કરોડો લોકો ઉત્સાહ સાથે ભાગ લેતા હોય છે. દર વર્ષે ૧૪મી જાન્યુઆરીના દિવસે ઉતરાયણ પર્વની ઉજવણી ગુજરાતમાં કરવામાં આવે છે. જે એક જોવાલાયક પર્વ હોય છે. આ દિવસે પતંગ રસિકોની સાથે સાથે પરિવારના અન્ય સભ્યો પણ સક્રિય રીતે ભાગ લેતા હોય છે. વહેલી સવારથી જ બાળકોની સાથે સાથે પરિવારના મોટા સભ્યો પણ પતંગબાજી માટે પોતાની છત પર નજરે પડે છે. ચારેબાજુ નાના મોટા મકાનોની છત લોકોની ભરાઈ જાય છે. આકાશ રંગ બિરંગી પતંગોથી ભરાઈ જાય છે. એક અલગ આકર્ષણ જામે છે. ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલની ખાસ વિશેષતા રહેલી છે. જેમાં દુનિયાના દેશોના પતંગબાજો તેમની કુશળતા દર્શાવવા માટે પહોંચે છે. તેમની ખાસ પ્રકારની પતંગોને જોવા માટે લાખો લોકો કાઈટ ફેસ્ટીવલમાં પહોંચે છે. તહેવાર પહેલા પતંગો બનાવવા માટે લોકોના ઘરમાં કામ શરૂ થઈ જાય છે. ગુજરાતમાં પતંગબાજી ઉત્સવનુ કદ કેટલુ મોટુ છે તેનુ અંદાજ આનાથી જ લગાવી શકાય છે કે મહિનાઓ પહેલા માંગને પહોંચી વળવા માટે લોકોના ઘરમાં પતંગ બનાવવા માટે કામ ચાલે છે. ઉત્તરાયણ તહેવાર એ દિવસથી શરૂ થાય છે જ્યારે શિયાળાના દિવસે ઉનાળામાં ફેરવાઈ જવાની શરૂઆત થાય છે. ઉત્તરાયણને મકર સંક્રાન્તિ પર્વ તરીકે પણ ગણવામાં આવે છે. વર્ષ ૨૦૧૨માં ટ્યુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાતે ઉલ્લેખ કર્યો હતો કે ગુજરાતમાં ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલે ગિનિશ વર્લ્ડ રેકોર્ડ બુકમાં સ્થાન મેળવી લીધુ છે. એ વર્ષે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલમાં ૪૨ દેશોના



પતંગ ઉત્સવની શરૂઆતના મહિનાઓ પહેલા પતંગ બનાવવા માટેનુ કામ ગુજરાતમાં જુદા જુદા ઘરમાં શરૂ થાય છે : લાખોને રોજગારી મળી

પતંગબાજો પહોંચી ગયા હતા. ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલનુ દર વર્ષે ગુજરાતમાં આયોજન કરવામાં આવે છે. ઉત્તરાયણ પર્વની ઉજવણી દેશના જુદા જુદા રાજ્યોમાં પણ કરવામાં આવે છે પરંતુ ગુજરાતની ઉજવણી ખાસ પ્રકારની હોય છે. આ તહેવારની ઉજવણી માટે સાબરમતી રિવર ફ્રન્ટ આદર્શ સ્થળ તરીકે છે. ખુબસુરત આ સ્થળ પર ૫૦૦૦૦૦ લોકોની ક્ષમતા રહેલી છે. અથવા તો કેટલીક વખત આનુ આયોજન અમદાવાદ પોલીસ સ્ટેડિયમ ખાતે પણ કરવામાં આવ્યુ છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં રિવર ફ્રન્ટ વધારે આકર્ષણનુ કેન્દ્ર રહ્યુ છે. કાઈટ ફેસ્ટીવલ દરમિયાન અમદાવાદ અને ગુજરાતના બજારો પતંગ અને દોરીથી ભરાઈ જાય છે. દિવસો પહેલાથી જ ખરીદ શરૂ કરવામાં આવે છે. પંતગના કેટલાક જાણીતા બજારો છે. જે ૨૪ કલાક આ દિવસોમાં ખુલ્લા રહે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તો અમદાવાદમાં ઘણા પરિવારો પતંગ બનાવવાના કારોબારમાં લાગી ગયા છે અને સારી કમાણ કરી રહ્યા છે. અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં સંસ્કાર કેન્દ્રમાં સ્થિત કાઈટ મ્યુઝિયમ પણ તમામનુ ધ્યાન ખેંચે છે. વર્ષ ૧૯૮૫માં આની સ્થાપના કરવામાં આવી હતી. આમાં અસામાન્ય પ્રકારની પતંગો પ્રદર્શન માટે મુકવામાં આવી છે. ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલની વાત કરવામાં આવે તો તેન શરૂઆત ૧૯૮૯મા કરવામાં આવી હતી. ગુજરાતમાં પતંગબાજની શરૂઆત સામાન્ય રીતે સવારે પાંચ વાગે થઈ જાય છે અને અડધી રાત બાદ પણ તેની ઉજવણી જારી રહે છે. સમગ્ર તહેવારમાં એક કરોડથી પણ વધારે લોકો ઉત્સાહ સાથે ભાગ લેતા રહે છે. ઉત્તરાયણનો પતંગઉત્સવ ખૂબ જ અનોખો જોવા મળે છે. અહીં પોલના લોકો ખૂબ જ સદભાવના વાળા, ભાઈચારા અને લાગણીશીલ લોકો જોવા મળે છે. અમદાવાદમાં પતંગ બજારની વાત કરવામાં આવે તો ૮૪ની સાલ પહેલા પતંગ બજાર ટંકશાળમાં ભરાતું હતું પણ ત્યાર બાદથી હાલ સુધી રાયપુરમાં આ બજાર ભરાય છે. અહીંયા સીઝનેબલ વેપાર કરવામાં આવે છે. આમા પોળોમાં રહેતા બાળકો આમા કામકાજ કરે છે અને ઉથી ચાર મહિનાની આજીવીકા આમાથી મેળવે છે. ઉત્તરાયણની અસલ મજા શહેરમાં આવેલી પોળોમાં રહે છે. વિશેષતા એ છે કે મોટાભાગે એક જ જાતિના લોકો વસવાટ કરે છે અને તેઓ પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે ભેગા મળીને ઉજવણી કરે છે.

ગ્લોબલ વોર્મિંગ ઈફેક્સ : પુરનો ખતરો વધ્યો

માઉન્ટ એવરેસ્ટ : ઘાસ ઉગી

માઉન્ટ એવરેન્ટ તેમજ હિમાલયના ટ્રીલાઈન તેમજ સ્નોલાઈન વચ્ચે ઘાસ અથવા તો ઝાડીઓ સતત ઉગી રહી છે. તેનુ કારણ ગ્લોબલ વોર્મિંગ છે. માઉન્ટ એવરેસ્ટ નજીક ઘાસ ઉગી ગઈ છે. એવરેસ્ટ તેમજ હિમાલય ધરતીના એવા વિસ્તાર તરીકે છે જે સૌથી વધારે તેજી સાથે ગરમ થઈ રહ્યા છે. આના કારણે હિન્દુકુશ ક્ષેત્રમાં પુરનો ખતરો તોળાઈ રહ્યો છે. વૈજ્ઞાનિકો દ્વારા ઉપગ્રહો મારફતે મળેલા ફોટોમાં તપાસની કામગીરી હાથ ધરી છે. વૈજ્ઞાનિકો દ્વારા આ ક્ષેત્રમાં ઉગી ગયેલી ઘાસના મામલે તપાસની કામગીરી હાથ ધરી છે. આ ક્ષેત્રોમાં ઉગી ગયેલી ઘાસ અને ઝાડીઓની અસર શુ થશે તેમાં અભ્યાસનીકામગીરી હાથ ધરી છે. ઉપગ્રહો ડેટા મારફતે તપાસ કરવામાં આવ્યા બાદ જુદીજુદી બાબતો જાહેર કરવામાં આવી છે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ આના કારણે ક્ષેત્રના જળ વિજ્ઞાન પર માઠી અસર થઈ રહી છે. હિમાલયમાંથી એશિયાની દસ સૌથી મોટી નદીઓ નિકળે છે. જે આશરે ૧૪૬ કરોડ લોકોને પાણીનો પુરવઠો ઉપલબ્ધ કરાવે છે. ઈંગ્લેન્ડની એક્સેટર યુનિવર્સિટીના શોધ કરનાર લોકો દ્વારા નાસાના લેન્ડસેટ ઉપગ્રહો દ્વારા આ ક્ષેત્રોની વર્ષ ૧૯૯૩ અને વર્ષ ૨૦૧૮માં લેવામાં આવેલા ફોટોમાં અભ્યાસની કામગીરી હાથ ધરી છે. વિવિના પર્યાવરણ અથવા તો સ્થિરતા સંસ્થાના ડોક્ટરકરેન એન્ડરસનના કહેવા મુજબ સબવેનિવલ જોન એવી જગ્યા ચે જે મોસમી બરફ હોય છે. જો તે ગરમ થાય તો ગલન વહેલી તકે થાય છે. સાથે સાથે પુરનો ખતરો વધી જાય છે. વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગને લઈને વિશ્વભરના વૈજ્ઞાનિકો મથામણ કરી રહ્યા છે. આના કારણે જુદા જુદા વિસ્તારોમાં વધારે પડતા વરસાદ, કમોસમી વરસાદ , સિઝનને લઈને દુવિધા અને તાપમાનમાં વધારા સહિતની અસર જોવા મળી રહી છે. આવનાર દિવસોમાં તેની માઠી અસરને રોકવા માટે વૈજ્ઞાનિકો અને દુનિયાના દેશો પોતાની રીતે તૈયારીમાં લાગેલા છે.



ભાભીજી ઘર પર હૈ ફેમ ફાલ્ગુની રાજાણીની એમેઝોનની વેબ સિરીઝ કામાઠીપુરામાં એન્ટ્રી

થોડા સમય પહેલાં ઍમેઝૉન પ્રાઇમ દ્વારા અપકમિંગ વેબ-શો 'કામાઠીપુરા'ની જાહેરાત કરવામાં આવી હતી. આ શો કામાઠીપુરાના રેડ લાઇટ એરિયામાં થતા મર્ડર પર બેઝ્ડ છે. તાજેતરમાં આવેલી ફિલ્મ 'સેક્શન ૩૭૫'ની અભિનેત્રી મીરા ચોપડા આ વેબ-શોમાં મહિલા પોલીસના રોલમાં દેખાશે. આ સિવાય દિગ્ગજ અભિનેતા કુલભૂષણ ખરબંદા, તનુજ વીરવાણી (ઇનસાઇડ એજ), વરુણ જોશી (યે હૈ મોહબ્બતેં, કુમકુમ ભાગ્ય), અનંગ દેસાઈ (ખિચડી) જેવા કલાકારો પણ જોવા મળશે. વિઝન મૂવી મેકર નિર્મિત આ શોના ડિરેક્ટર શ્રવણ કુમાર છે. હવે 'ભાભીજી ઘર પર હૈ'માં 'ગુલ્ફામ કલી' તરીકે જાણીતી બનેલી અભિનેત્રી ફાલ્ગુની રાજાણી પણ આ શો સાથે જોડાઈ છે. તે કામાઠીપુરા વિસ્તારના એક વેશ્યાગૃહની માલિકનો રોલ ભજવશે. ફાલ્ગુની રાજાણી 'ગુજ્જુભાઈ ધ ગ્રેટ' અને 'કૅશ ઑન ડિલિવરી' જેવી ગુજરાતી ફિલ્મો પણ કરી ચૂકી છે.

ડોન-૩ને લઈને ટુંક સમયમાં જાહેરાત કરવામાં આવી શકે

ડોન-૩ ફિલ્મના સંબંધમાં ટુંક સમયમાં જ મોટી જાહેરાત કરવામાં આવનાર છે. ફિલ્મના નિર્માતા, નિર્દેશક અને અભિનેતા ફરહાન અખ્તરે ડોન-૩ ફિલ્મને લઈને મોટી જાહેરાત કરી છે. તાજેતરમાં જ એક કાર્યક્રમના ભાગરૂપે પહોંચેલા ફરહાન અખ્તરે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યુહતુ કે અમે ડોન-૩ ફિલ્મ માટે કામ કરી રહ્યા છે. ટુંક સમયમા જ આને લઈને મોટી જાહેરાત કરવામાં આવી શકે છે. જો કે આ મામલે ટુંક સમયમાં જ કોઈ મોટી જાહેરાત કરવામાં આવી શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ડોન સિરિઝની ફિલ્મમાં શાહરૂખ ખાન મુખ્ય રોલ કરી રહ્યો છે. ફરહાન અખ્તર હાલમાં અન્ય બે ફિલ્મમાં કામ કરી રહ્યો છે. શાહરૂખ ખાન ડોન-૩ ફિલ્મમાં કામ કરશે. ફિલ્મમાં શાહરૂખની સાથે અભિનેત્રી કોણ રહેશે તે અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. જો કે ફિલ્મને લઈને હાલમાં અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી. શાહરૂખ ખાન છેલ્લે જિરો ફિલ્મમાં નજરે પડ્યો હતો. જે બોક્સ ઓફિસ પર જોરદાર ફ્લોપ સાબિત થઈ હતી. શાહરૂખ ખાન પણ છેલ્લે કોઈ મોટ ફિલ્મ બોક્સ ઓફિસ પર આપી શક્યો નથી. જેથી તે રોલને લઈને સાવધાન થયો છે. શાહરૂખ ખાન હાલમાં કોઈ ફિલ્મમાં કામ કરી રહ્યો નથી.તેની પાસે કોઈ ફિલ્મ આવી રહી નથી. તે હાલમાં કેટલીક ફિલ્મોની પટકથા વાંચી રહ્યો છે. તે કઈ ફિલ્મમાં કામ કરનાર છે. તે અંગ કોઈ નિર્ણય કરવામાં આવ્યો હતો. શાહરૂખ ખાન ફિલ્મને લઈને હાલ કોઈ નિર્ણય કરી રહ્યો નથી.



શાહરૂખ ખાન જ ડોન-૩માં મુખ્ય રોલમાં રહેશે

ફરહાન અખ્તર ફિલ્મની પટકથાને લઈ હવે વ્યસ્ત બન્યો

અર્થની રિમેકથી જેક્લીનનો પત્તો કપાઇ ગયો : સ્વરા ઇન

શુ તમને વર્ષ ૧૯૮૨માં આવેલી મહેશ ભટ્ટની કલાસિક ફિલ્મ અર્થ યાદ છે કે કેમ. આ ફિલ્મમાં શાબાના આઝમી, સ્મિતા પાટીલ, રાજકિરણ અને કુલભુષણ ખરબંદાએ યાદગાર ભૂમિકા અદા કરી હતી. આ ફિલ્મ આ તમામ કલાકારો માટે યાદગાર બની ગઈ હતી. તમામ કલાકારોની કેરિયરમાં આ ફિલ્મના કારણે તેજી આવી ગઈ હતી. હવે એવા સમાચાર મળી રહ્યા છે કે ફિલ્મની હિન્દી રીમેક બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મમાંથી મુળ રીતે જેક્લીનને હવે બહાર કરી દેવામાં આવી છે. પહેલા એવા સમાચાર હતા કે જેક્લીન ફિલ્મમાં શાબાના આઝમીની ભૂમિકા અદા કરનાર છે. જો કે હવે એવા સમાચાર મળ્યા છે કે ફિલ્મમાંથી જેક્લીનનો પત્તો કપાઈ ગયો છે. હવે જાણવા મળ્યુ છે કે ફિલ્મમાં તેની જગ્યાએ સ્વરા ભાસ્કરને લેવામાં આવી છે. મહેશ ભટ્ટે વર્ષ ૨૦૧૭માં જ જાહેરાત કરી હતી કે તેઓ અર્થની રીમેક બનાવનાર છે. થોડાક દિવસ પહેલા એવા હેવાલ આવ્યા હતા કે અભિનેત્રી જેક્લીનને ફિલ્મ માટે લેવામાં આવી છે. જો કે હવે સ્વરા ભાસ્કરને લેવાઈ હોવાના હેવાલ મળ્યા છે. સ્વરા અર્થ ફિલ્મ નિહાળી ચુકી છે. તેને આ ફિલ્મ ખુબ પસંદ પડી હતી. તેને જ્યારે આ ફિલ્મની ઓફર કરવામાં આવી ત્યારે તે તરત જ રાજી થઈ ગઈ હતી. તે ટુંક સમયમાં જ ફિલ્મના નિર્માણ મામલે કામ શરૂ કરશે. સ્વરા નિલ બટ્ટે સન્નાટા બાદ વધુ એક મહિલા પ્રધાન ફિલ્મમાં કામ કરવાને લઈને આશાવાદી છે. અર્થ રીમેકને રેવતી નિર્દેશન કરનાર છે. રેવતીએ જ આ ફિલ્મની તમિળ રીમેકમાં ભૂમિકા કરી હતી

મુળ ફિલ્મમાં રાજકિરણ, સ્મિતા પાટીલ, શાબાના અને કુલભુષણ ખરબંદાના ઉલ્લેખનીય રોલ હતા



હવે કુલી નંબર વન પહેલી મેના દિવસે રિલિઝ કરાશે

એમ માનવામાં આવે છે કે આશાસ્પદ સ્ટાર વરૂણ ધવન તેના હોમ પ્રોડક્શનની ફિલ્મ કુલી નંબર વનની રીમેકમાં ધુમ મચાવી દેશે. આ ફિલ્મનુ શુટિંગ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયુ છે. હવે તેને પહેલી મે ૨૦૨૦ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. પરિવારના સભ્યો ફિલ્મને લઈને આશાવાદી છે. વિતેલા વર્ષોમાં ગોવિન્દાની ફિલ્મ કુલી નંબર વનની રિમેક બની રહી છે. ફિલ્મને લઈને વરૂણ આશાવાદી છે. કારણ કે તેની ફિલ્મો હાલમાં ફ્લોપ સાબિત થઈ રહી છે. વરૂણ ધવન વિતેલા વર્ષોની બેસ્ટ ફિલ્મમાં ગોવિન્દાની ભૂમિકા અદા કરી રહ્યો છે. પિતા સાથે વધુ એક ફિલ્મ તે કરી રહ્યો છે. પિતા ડેવિડ ધવનની સાથે તે ત્રીજી ફિલ્મમાં કામ કરી રહ્યો છે. તે નંબર વન ફ્રેન્ચાઈસની આગામી ફિલ્મ છે. જેમને આ અંગેની માહિતી નથી તેમને કહેવામાં જરૂર છે કે નંબર વન ફ્રેન્ચાઈસની શરૂઆત વર્ષ ૧૯૯૫માં કુલી નંબર વન સાથે જ કરવામાં આવી હતી. કુલી નંબર વન ફિલ્મને લઈ ચાહકો રાહ જોઈ રહ્યા છે. હોમ પ્રોડક્શનની અગાઉ રજૂ કરવામાં આવેલી તમામ ફિલમો બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ રહી છે. આ સ્થિતીમાંઆ ફિલ્મને લઈને પણ ભારે આશા છે સારા અલી ખાનને વધુ એક મોટી ફિલ્મ મળી ગઈ છે. તેની કેરિયરમાં તેજી આવી શકે છે. વરૂણ ધવન કહે છે કે પિતા ડેવિડ ધવન સાથે ફિલ્મ કરીને તે ગર્વ અનુભવ કરે છે.કારણ કે પિતા કોઈ પણ નાનકડી બાબતને ચલાવી લેતા નથી. વિતેલા વર્ષોમાં કુલી નંબર વન ફિલ્મ રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. હવે નવી ફિલ્મમાં કેટલાક મશાલા નવી રીતે ઉમેરી દેવામાં આવ્યા છે.



બે વર્ષમાં હું ઇલાયચીની જેમ રહેવા માંડી છું : હિબા ખાન



સોની સબ પર આવતી 'જિજાજી છત પર હૈ'માં ઇલાયચીનું પાત્ર ભજવી રહેલી હિબા નવાબનું કહેવું છે કે મેં ઇલાયચીની જેમ રહેવાનું શરૂ કરી દીધું છે. આ શોમાં ઇલાયચી એટલે કે હિબા અને પંચમ એટલે કે નિખિલ ખુરાના વચ્ચે એક અનોખી લવ-સ્ટોરી જોવા મળી રહી છે. આ શોને બે વર્ષ પૂરાં થયાં છે. એ વિશે પૂછતાં હિબાએ કહ્યું કે 'મારી એક્સાઇટમેન્ટની કોઈ હદ નથી રહી. મારા જીવનમાં છેલ્લાં બે વર્ષ ખૂબ ઉત્તમ રહ્યાં છે. આ શોની એનર્જીને કારણે મારામાં હંમેશાં સેટ પર પહોંચવાની તાલાવેલી હોય છું. મારા માટે શરૂઆતમાં આ પાત્ર ખૂબ મુશ્કેલ હતું, પરંતુ મને અહેસાસ થયો છે કે મેં ઇલાયચીની જેમ જીવવાનું શરૂ કરી દીધું છે. આ સમયમાં અમે એક ફૅમિલી બની ગયાં છીએ અને સેટ પર મને મારી બેસ્ટ ફ્રેન્ડ રાશિ બાવા મળી ગઈ છે. આ શોમાં મેં યુનિક લુક દ્વારા ઘણાં પાત્ર ભજવ્યાં છે. આ બે વર્ષને બે શબ્દોમાં વર્ણવું તો મસ્તી અને હાસ્યથી ભરપૂર રહ્યાં છે.' આ વિશે નિખિલ ખુરાનાએ કહ્યું હતું કે 'આ શો દ્વારા એક ઍક્ટર તરીકે મારામાં ઘણો વિકાસ થયો છે અને મેં ઘણું શીખ્યું પણ છે. આ શોમાં મેં લગભગ ૪૦ પાત્રો ભજવ્યાં છે અને મારા માટે આ એક સ્કૂલ જેવું રહ્યું છે. હું ઘણું શીખ્યો છું અને આ અનુભવને હું લાઇફમાં સાથે

સ્ટેમ્પ પેપર સ્કેમ આધારિત સિરીઝમાં રોહિત રોય લીડ રોલમાં

અઢળક હિન્દી ફિલ્મો અને સિરિયલો કરી ચૂકેલો જાણીતો અભિનેતા રોહિત રૉય હવે ઓટીટી ડિજિટલ પ્લૅટફૉર્મ ઉલ્લુની આગામી વેબ-સિરીઝ 'પેપર'માં જોવા મળવાનો છે. હાલ સ્ટાર પ્લસ પર ચાલી રહેલી 'સંજીવની' સિરિયલમાં તે વર્ધાન મખીજાનું પાત્ર ભજવી રહ્યો છે. ઉલ્લુની વેબ-સિરીઝ 'પેપર'ની વાર્તા નેવુંના દાયકામાં આકાર લેશે જેમાં એક ગામડાના ભણેલાગણેલા છોકરાની વાહ હશે જે પોતાનાં સપનાં પૂરાં કરવા ભારતના મોટા શહેરમાં જાય છે. એ છોકરો શહેરમાં કરોડોનું સ્ટૅમ્પ પેપર કૌભાંડ કરે છે, નકલી સ્ટૅમ્પ પેપર બનાવડાવે છે અને એના કારણે કુખ્યાત થઈ જાય છે. આ છોકરાનો રોલ જે પાછળથી મોટો માણસ બને છે એ રોહિત રૉય ભજવવાનો છે. રોહિત રૉય આ સિરીઝમાં એક યુવાનથી પંચાવન વર્ષની ઉંમરની વ્યક્તિનો રોલ ભજવવાનો છે. તેના પાત્રનું નામ અબ્દુલ હશે જે ગામડાનો સામાન્ય યુવાન હશે જે સમય જતાં ભારતનો પાવરફુલ માણસો પૈકીનો એક બની જશે.



લાઉગરવાતનમાં નોર્ધર્ન લાઇટ્સ...

ઓરોરા બોરિયાલિસ તરીકે પણ ઓળખાતી આ લાઇટ્સ નોર્ધર્ન મેગ્નેટિક પોલથી નજીક સૂર્યનાં પાર્ટિકલ્સ પૃથ્વીના વાતાવરણને મળતાં સર્જાય છે. તે જોવા માટે વધુ અનુકૂળ પરિસ્થિતિ શિયાળામાં હોય છે. આકાશમાં જાણે કોઇએ આછા લીલા રંગના પીછડા ફેરવ્યા હોય અને કુદરત કોઇ અનોખા રૂપે સામે આવી હોય તેવું લાગતું હતું



ઓરોરા બોરિયાલિસ તરીકે પણ ઓળખાતી આ લાઇટ્સ નોર્ધર્ન મેગ્નેટિક પોલથી નજીક સૂર્યનાં પાર્ટિકલ્સ પૃથ્વીના વાતાવરણને મળતાં સર્જાય છે. તે જોવા માટે વધુ અનુકૂળ પરિસ્થિતિ શિયાળામાં હોય છે. આકાશમાં જાણે કોઇએ આછા લીલા રંગના પીછડા ફેરવ્યા હોય અને કુદરત કોઇ અનોખા રૂપે સામે આવી હોય તેવું લાગતું હતું.



થિંગવેલિર નેશનલ પાર્ક અને સ્ટ્રોક્કુર ગેઝિયર વચ્ચેના સાઠેક કિલોમિટરનાં અંતર દરમ્યાન લાઉગરવાતન નામે એકમાત્ર ગામ દેખાયેલું. બાકીના અનંત લાગતા વગડામાં ક્યાંક અમારી કોટેજ હતી. આ મિડાલ્સકોટ કોટેજ ટેક્નિકલી લાઉગરવાતન ગામનો જ ભાગ હતી, પણ અમે ખાતરી કરી ચૂક્યા હતાં કે ત્યાંથી સ્ટ્રોક્કુર સુધી રસ્તામાં બીજું કશું ન હતું. અમે સાથે લાવેલી અને રસ્તામાં સુપરમાર્કેટથી ખરીદેલી ચીજો સાથે ડીનર બનાવવાનું શરૂ કર્યું. ન્યૂ યોર્કથી આવેલાં થેપલાં અને અમદાવાદથી ફેન્કફર્ટ થઈને આવેલો છૂંદો તો હતાં જ, સાથે આઇસલેન્ડમાં ઊગેલા બટાકા અને ટામેટાંનું રસાવાળું શાક બનાવ્યું. સહિયારી મહેનતમાં જમાવટ થઈ ગઈ.

કોટેજથી મેઈન રોડ ઘણો દૂર હોવા છતાં ત્યાંથી પસાર થતી ગાડીઓનો ઝાંખો પ્રકાશ અમારા સુધી પહોંચતો હતો. રાતના દસ વાગતા સુધીમાં તે પણ બંધ થઈ ગયો. બે બેડરૂમ અને ડ્રોઈંગરૂમ સાથે અટેચ્ડ કિચનવાળી કોટેજ તે રાતે ઘર જ બની ગઈ હતી. અલકમલકની વાતો સાથે બધાં જુદા જુદા ટાઈમઝોનમાંથી આવેલાં અને બીજા દિવસે જલદી નીકળવાની જાણકારી હોવા છતાં કોઈ સૂવાનું નામ નહોતું લેતું. બહાર ચારેય બાજુ માન્યામાં ના આવે તેવો સન્નાટો હતો. પોર્ચ પર બેસવાની વ્યવસ્થા તો હતી, પણ બહાર આઇસલેન્ડની વસંતમાં પણ માઇનસ આઠ ડિગ્રીમાં ઠરવાનું જોખમ લેવા જેવું ન હતું. સાથે સ્નો તો ખરો જ.

હજી નોર્ધર્ન લાઇટ્સના કોઈ અણસાર નજરે પડ્યા ન હતા. સાડાબાર આસપાસ બધાં ધરાર સૂવા તો ગયાં અને બીજાં બધાંને ઊંઘ આવી પણ ગઈ. કંઈક વાંચવાના ઈરાદે હું ડ્રોઈંગરૂમમાં આવી અને કોઈ અપેક્ષા વિના બારીની બહાર નજર નાંખી અને જાણે થોડીવાર માટે મોઢું ખુલ્લું જ રહી ગયું. આકાશમાં જાણે કોઈએ આછાં લીલા રંગના પીછડા ફેરવ્યા હોય અને કુદરત કોઈ અનોખા રૂપે સામે આવી હોય તેવું લાગતું હતું. એક શંકા એ પણ થઈ કે આ સપનું હોઈ શકે. ઝડપભેર કુમારને ઉઠાડ્યો, અને આકાશમાં તે નોર્ધર્ન લાઇટ્સ જ હોઈ શકે એ ખાતરી કરીને જીગર અને આનલને પણ ઉઠાડ્યાં. રાતના ગાડી લઈને આગળ હજી વધુ વિગતે લાઇટ્સ જોવા નીકળી પડવું કે અહીંથી જ મજા લઈને બીજા દિવસોને પણ નોર્ધર્ન લાઇટ્સ બતાવવાનો ચાન્સ આપવો એ બાબતે ચર્ચા થઈ.

આઇસલેન્ડમાં પહેલી જ રાતે આ મોકો મળશે તેની કલ્પના ન હતી. ટ્રાઇપોડ સાથે ફોટા પાડવાનું શરૂ થયું અને એ પણ ખાતરી થઈ કે નોર્ધર્ન લાઇટ્સ ફોટામાં વધુ ઘાટ્ટી દેખાય છે, પણ આ અજાયબીની મિસ્ટિક્ધો જાતે અનુભવવામાં અને વર્ણન કરવામાં ઘણો ફર્ક છે. ઓરોરા બોરિયાલિસ તરીકે પણ ઓળખાતી આ લાઇટ્સ નોર્ધર્ન મેગ્નેટિક પોલથી નજીક સૂર્યનાં પાર્ટિકલ્સ પૃથ્વીના વાતાવરણને મળતાં સર્જાય છે. તે જોવા માટે વધુ અનુકૂળ પરિસ્થિતિ શિયાળામાં હોય છે. બરાબર આ જ લાઇટ્સ સાઉથ પોલ પાસે ઓરોરા ઓસ્ટ્રાલિસ કે સધર્ન લાઇટ્સ તરીકે ઓળખાય છે. આ વૈજ્ઞાનિક સુંદરતાથી એમ પેટ ભરાય તેમ ન હતું. અમે બહાર આંટો મારીને એ જ વ્યુ ખેતરો ઉપર ખુલ્લા આકાશ નીચે ઊભા રહીને જોયો.

ઘણાંનું આઇસલેન્ડ જવાનું મૂળ પ્રયોજન જ નોર્ધર્ન લાઇટ્સ જોવાનું હોય છે. તેમના માટે રેકયાવિકથી શિયાળામાં રોજ રાત્રે ખાસ લાઇટ્સ દેખાવાની વધુ શક્યતા હોય તેવાં સ્થળો પર એક્સકર્શન ટૂર વધુ સલાહભરી છે. છતાંય નોર્ધર્ન લાઇટ્સ દેખાવાની કોઇ ગેરેન્ટી નથી હોતી. હજી બાકીની આખી ટ્રિપ દરમ્યાન અમારી બધી કોટેજ દુનિયાથી દૂર જ હતી. ઘણાં આઇસલેન્ડ પંદર દિવસ રહે અને એક પણ વાર લાઇટ્સ જોવા ન મળે, અને ઘણાં માત્ર ત્રણ રાત રહે અને રોજ રાત્રે નોર્ધર્ન લાઇટ્સ જોઈને જાય એવું પણ બને.

તે રાત્રે માંડ ઊંઘ આવી ને સવારે બ્રેકફાસ્ટ કરીને સાઇટસીઈંગ માટે નીકળવાનો સમય આવી ગયો. ગણ્યાં ગાંઠ્યાં મોટાં શહેરોને બાદ કરતાં આઇસલેન્ડમાં રોડ સાઇડ કાફેઝ અને રેસ્ટોરાં તો ભૂલી જ જવાનાં હતાં. મિડાલ્સકોટ કોટેજમાં કદાચ પૂરા બાર કલાક પણ નહોતા વિતાવ્યા પણ ત્યાં એક એક્સપિરિયન્સ ઓફ એ લાઇફ ટાઇમ માણવા મળેલો. સવારે ફ્રેન્ચ-પ્રેસ કોફી સાથે ખાસ બટાકાની પ્યુરીવાળી પરાઠા જેવી દેખાતી આઇસલેન્ડિક બ્રેડ અને પેસ્તોની ઉજાણી કરી અમે લાઉગરવાતન ગામમાં આંટો માર્યો. ૨૦૦ પોપ્યુલેશન સાથે ગામમાં લોકો કરતાં જોવાલાયક સ્થળો વધુ હોય તેવું લાગ્યું. ત્યાં એ જ નામનું એક સરોવર પણ છે, અને તેના પાણીના કેટલાક હિસ્સા કુદરતી ગરમ પાણીવાળા છે. જો સમય અને અનુકૂળ વેધર હોત તો ત્યાં ડૂબકી મારવાની મજા આવી જાત. તે દિવસના પહેલા ભાગમાં જ એજેન્ડા પર ઘણાં સ્થળો હતાં. જર્ની શરૂ કરતા પહેલાં ખાવા-પીવાની સામગ્રી રિ-ફિલ કરવી જરૂરી હતી. લાઉગરવાતનમાં તો કશું દેખાયું નહીં. અમે રસ્તામાં એક ખેડૂતને પૂછ્યું અને જાણવા મળ્યું કે થોડે દૂર સેલફોસ નામનું મોટું શહેર છે, ત્યાં માત્ર સુપરમાર્કેટ જ નહીં ઘર વસાવવાની બધી ચીજો મળી જશે. અમે તેનો આભાર માનવા સાથે તેને ખાતરી આપી કે અમારે કંઇ ઘર નથી વસાવવું, ખાલી ચિપ્સ, બિસ્કિટ અને ફ્રૂટ્સ ખરીદવાં છે. સેલફોસમાં રિચાર્જ થઈ અમે સફર આગળ વધારી. હજી રાતના આકાશના રંગો મગજ પર સવાર હતા. ફરી ઉજ્જડ વિસ્તાર શરૂ થઈ ગયો હતો. એવામાં દૂરથી જ જમીનમાંથી ધુમાડા નીકળતા દેખાયા. સ્ટ્રોક્કુર આવી ગયું હતું.

ઈર્ષાનું મનોવિજ્ઞાન



સ્ત્રીઓ પોતાની ઈર્ષાનો ભાવ પોતાના વ્યવહારમાં દેખાડી દે છે અને તેમની ઈર્ષા પણ સીમિત હોય છે. સારા સેન્ડલ, સારું પર્સ, સારો ડ્રેસ, સારું વાહન જેવી સામાન્ય બાબતોથી વધારે આગળ તેમની ઈર્ષા નથી જતી

મનુષ્ય માત્રમાં અનેક પ્રકારના ભાવ રહ્યા છે, પણ ઈર્ષા તેમા સર્વોપરી સાબિત થઈ છે. કોઈ પણ વ્યક્તિ જો એમ કહે કે મારામાં ક્યારેય ઈર્ષાનો ભાવ રહ્યો જ નથી તો સમજવું કે ઈર્ષા કરતા પણ ખોટું બોલવાનો ભાવ તેમાં વધારે છે. હાં, એ વાત અલગ છે કે ઈર્ષાની ભાવના પુરુષો કરતા સ્ત્રીઓમાં વધારે હોય, પણ સ્ત્રીઓ ક્યારેય એ સ્વીકારતી નથી અને આપણી પાસે એ માટે માપવાનું કોઈ યંત્ર નથી. જો કે, પ્રસ્થાપિત કરવા માટે એક મિત્ર અને પત્નીને અલગ અલગ એક વાત કહેવી. પહેલા પત્નીને કહેવું કે આજે બાજુવાળા સંધ્યા ભાભી શું સરસ તૈયાર થઈને નીકળ્યા હતાં એટલે તમારે કેટલું સાંભળવું પડે એ જોઈ લેવું અને પછી આ જ વાત મિત્રને કહેવી એટલે એ તરત જ પૂછશે કે 'શું પહેર્યું હતું? મને ફોન ન કરાય?' હવે જોઈ લો પુરુષમાં ઈર્ષા વધારે કે સ્ત્રીમાં? હમણા ખૂબ વરસાદના લીધે અમારા આખા એપાર્ટમેન્ટના બધા જ ફ્લેટમાં ભેજ ઊતરતો હતો, પણ કોણ જાણે સદ્નસીબે મારા ફ્લેટમાં જરા પણ ભેજ ન ઊતર્યો. આ વાત ધીમે ધીમે આખી સોસાયટીમાં ફેલાય ગઈ અને ફેલાતા ફેલાતા સમાચાર આવ્યા કે સોસાયટીની એક ખાસ મીટિંગ બોલાવવામાં આવી છે. મને એમ હતું કે આ બાબતે મારા વખાણ થશે અને તમે શું કર્યું જેથી તમારો ફલેટ સલામત રહ્યો એવી કંઈક વાતો થશે પણ જેવી ચર્ચા શરૂ થઈ કે તરત જ ખબર પડી કે મીટિંગનો મુખ્ય એજંડા ઈર્ષા છે! બધાના ફ્લેટમાં ભેજ આવે છે અને મારા [illegible]ુમ નહીં. આ ચર્ચા સોલ્યુશનને બદલે ઉગ્ર થવા લાગી ત્યાં જ મારો છોકરો દોડતો આવ્યો અને કહે 'ચાલો પપ્પા મમ્મી જલદી બોલાવે છે. આપણા હોલની છતમાંથી ટીપા પડે છે. આ ત્રણ કલાકથી ચાલતી મીટિંગ બીજી જ મિનિટે પૂરી થઈ ગઈ અને બધાના ચહેરા પરની ખુશી જોઈને હું પણ ખુશ થઈ ગયો અને થયું કે કામ પત્યું! ઈર્ષાનું તમે જો બારીકીથી અવલોકન કરો તો મનુષ્યની અંદર રહેલી ભાવના છે જે બાળપણથી જ ઇનબીલ્ટ હોય છે. રમકડાંથી આ સફર શરૂ થાય છે. બીજા બાળક પાસે સારું રમકડું હોય તો આપણે જ પહેલા સમજાવીએ છીએ કે તારું રમકડું તેનાથી ઘણું સારું છે, પણ જો બાળક સમજી જાય કે પેલાનું રમકડું વધારે સારું છે તો અંદર ઈર્ષાનો જન્મ થાય છે અને જેવો મોકો મળે કે ઝૂંટવી લેવું કે તોડી નાખવું એ મુખ્ય ધ્યેય બને છે. હવે આ રમકડાંની દુનિયા બદલતી રહે છે. યુવાન થતા રમકડું બદલાય છે, પણ ઈર્ષાનો ભાવ ક્યારેય બદલાતો નથી! એટલે જ આજની તારીખ સુધી પાડોશીની પત્ની જ વધારે સુંદર લાગતી આવી છે! અને દરેક સ્ત્રીના મનમાં એ જ ભાવ રહ્યો છે કે કેવા સારા સારા માગા આવતા હતાં, જો થોડી રાહ જોઈ હોત તો આ ન ભટકાઈ જાત. માણસને મળે છે તેનો આનંદ નથી, પણ બીજાને મળે એનો વિરોધ છે. થોડા સમય પહેલા હું અને ચુનિયો ટ્રેઈનમાં મુંબઈ જતા હતાં. સામે બેઠેલા ભાઈ સાથે વાતો થઈ અને ખબર પડી કે તે ભાવનગરના છે. ચુનિયાએ આદત મુજબ વાત કરતા કરતા તમાકુ ચોળી. પેલા ભાઈએ પણ ઘરની જેમ વર્તન કરતા કહ્યું કે 'લાવો લ્યો ત્યારે હું પણ થોડી તમાકુ ખાવ' ચુનિયાએ હોંશે હોંશે આપી. પેલા ભાઈએ સરસ રીતે તમાકુ બનાવીને મોઢામાં ચડાવતા જ બોલ્યા 'અમારા ભાવનગર જેવી તમાકુ ન થાય, તમારા રાજકોટની બહુ મોળી હો' અમારા ચુનિયાને લાગી આવ્યું એટલે કહે 'લે મોળી લાગી? કાઢી નાખો, લ્યો પાણી કોગળો કરી નાખો તેજ તમાકુ ખવડાવું' ભાઈએ તો કાઢી નાખી. સરસ કોગળો કર્યો અને ચુનિયા સામે જોતા રહ્યા, પણ થોડી વારે સહનશક્તિનો અંત આવતા ચુનિયા પાસે તમાકુ માગી. ચુનિયાએ તરત જ જવાબ આપ્યો 'એક તો મફતની તમાકુ ખાવી અને પાછી મોળી કહેવી? હવે આ મોળી પણ નથી દેવી' અમારા ચુનિયાને પોતાની તમાકુ વિશે કોઈ કંઈ બોલી જાય તો પણ ઈર્ષા આવે. ચુનિયાએ અત્યાર સુધીમાં લગભગ ૫૦ ધંધા બદલ્યા હોય તો તેનું કારણ પણ ઈર્ષા જ છે. ચુનિયો મગજમાં એક વાત કસીને બેસી ગયો છે કે જીવનમાં આગળ વધવું હોય તો ઈર્ષા થવી જ જોઈએ. ચુનિયાએ પોતાની શેરીમાં ઈર્ષામાં ભરતી કરતા કરતા તેનું ઘર એક ફૂટ શેરીથી નીચે જવા દીધું છે! અને આમ જ રહેશે તો ક્યારે અંડરગ્રાઉન્ડ ઘર હશે એ પણ નહીં ખબર પડે!!! જાહેરાતની દુનિયા આપણી આ વૃત્તિને સારી રીતે જાણી ગયા છે એટલે કોઈને કોઈ રીતે આપણી ઈર્ષાવૃત્તિને જાગૃત રાખે છે. વર્ષો પહેલા એક ટીવીની જાહેરાત આવતી જેમાં કહેતા કે પાડોશીને તમારી ઈર્ષા થાય અને તમે ગૌરવ અનુભવો એવું ટીવી ખરીદો જે લંબાતા લંબાતા કપડાં ધોવાના સાબુ સુધી ફેલાય ગઈ છે. 'ઇસકી સારી મેરી સારી સે સફેદ ક્યોં?' પણ તેના બાવડા જૂઓ, તેની ઘેર આવતું પાણી જૂઓ, ઘરનું વોશિંગ મશીન જૂઓ. તેના ધણીને ધોઈ નાખતી હોય એ સ્ત્રીની સારી સફેદ ન હોય તો કેવી હોય? પણ સળી કરી જ લેવાની એટલે વસ્તુ વેંચાય! ફેસબૂકમાં, વૉટ્સએપમાં ફોટા અપલોડ કરવા એ શું છે? એક પ્રકારની સળી. બધાને દેખાડે કે જૂઓ અમે તો કાશ્મીર ફરીએ છીએ, પ્લેનમાં સેલ્ફી પાડીને અપલોડ કર્યા હોય એટલે એ પણ સાબિત કરે કે પ્લેનમાં મુસાફરી કરીએ છીએ. ખાવા, પીવાના ફોટા પણ મૂકે એટલે લોકોને જાણ થાય કે સારી હૉટેલમાં જમે પણ છે. હવે આ બધું જાણે આપણે એક જ જોવાના હોય અને પત્ની ફેસબૂક વાપરતી જ ન હોય! જેવું ધ્યાનમાં આવે એટલે એ ઈર્ષાનો ભાવ આપણને કેટલાં ખર્ચના ખાડામાં ઉતારે એ આપણે જ જાણતા હોય! એમાં પણ આજની ટીનએજર છોકરીઓ પર તો મને બહુ જ ગુસ્સો અપાવે છે. એવા સરસ મઝા કરતા ફોટા મૂકીને જાણે મને ઘરડો સાબિત કરવા માગતી હોય!!! સૌથી મોટી ઘટના એ છે કે સ્ત્રીઓ પોતાની ઈર્ષાનો ભાવ પોતાના વ્યવહારમાં દેખાડી દે છે અને તેમની ઈર્ષા પણ સીમિત હોય છે. સારા સેન્ડલ, સારું પર્સ, સારો ડ્રેસ, સારું વાહન જેવી સામાન્ય બાબતોથી વધારે આગળ તેમની ઈર્ષા નથી જતી, પણ પુરુષની અંદર ભરેલી ઈર્ષા એટલી હદે ખતરનાક હોય છે કે જે પાડોશમાં રહેતી સુંદર સ્ત્રીથી શરૂ કરીને અમેરિકાના પ્રમુખ સુધી ફેલાયેલી હોય છે, પણ તેનું જમા પાસું એ છે કે તે છુપાવવામાં માહિર હોય છે. સાથે જ રહીને તમને ક્યારે વેતરી નાખે એ તમને જ નહીં ખબર પડે! ઈર્ષાને નકારાત્મક લેવા કરતા સકારાત્મક રીતે લો તો આ ઈર્ષા તમને પ્રગતિના શિખરો સર કરાવી શકે. જો તમને એક્ટર બનવાનો કીડો હોય તો નવાઝુદ્દીનની, ઇરફાનની, નસીરુદ્દીનની ઈર્ષા કરો અને તેમના લેવલ સુધી તેમને પાડી દેવાની વૃત્તિ રાખો. જો તમને બિઝનેસમાં કોઈની ઈર્ષા થતી હોય તો અંબાણી બંધુની કરો અને એવો બિઝનેસ કરો કે તમે ટોપ પર હો. સ્ત્રી કદાચ ઐશ્વર્યા રાય બચ્ચન જેવી સુંદર ન હોય તો તેની ઈર્ષા કરવાને બદલે મનથી એટલી સુંદર બનવાનો પ્રયત્ન કરે કે કદાચ અભિષેક ઐશ્વર્યાને છોડીને તેને પ્રોપોઝ કરી લે.

ઈર્ષાની ભાવના પુરુષો કરતા સ્ત્રીઓમાં વધારે હોય, પણ સ્ત્રીઓ ક્યારેય એ સ્વીકારતી નથી અને આપણી પાસે એ માટે માપવાનું કોઈ યંત્ર નથી

નિર્ભયા કેસ : સુપ્રીમ કોર્ટમાં ૨ દોષિતોની ક્યુરેટિવ પિટીશન મંજૂર, ૧૪ જાન્યુઆરીએ સુનાવણી

ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપના ચાર દોષિતોમાંથી વિનય કુમાર શર્મા અને મુકેશ સિંહે સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટીશન દાખલ કરી હતી. અરજી સુપ્રીમ કોર્ટે સ્વીકારી લીધી છે અને તેની સુનાવણીનો નિર્ણય કર્યો છે. જસ્ટિસ એનવી રમના, અરુણ મિશ્રા, આરએફ નરીમન, આર. ભાનુમતિ અને અશોક ભૂષણની બેન્ચ ૧૪ જાન્યુઆરીએ આ મામલે સુનાવણી કરવાના છે. આ પહેલાં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે મંગળવારે નિર્ભયાના ચારેય દુષ્કર્મીઓ અક્ષય ઠાકુર, પવન ગુપ્તા, મુકેશ સિંહ અને વિનય શર્મા સામે ડેથ વોરન્ટ જાહેર કર્યો છે. કોર્ટે ચારેય દોષિતોને ૨૨ જાન્યુઆરીએ સવારે ૭ વાગે ફાંસી આપવાનો નિર્ણય આપ્યો છે. ચારેય દોષિતોએ કોર્ટના નિર્ણય પછી ક્યુરેટિવ પિટીશન દાખલ કરવાની વાત કરી હતી. જ્યારે એક એનજીઓએ નિર્ભયાના દોષિતોને મળવાની મંજૂરી માંગી હતી જેથી તેઓ તેમને અંગદાન માટે પ્રેરિત કરી શકે. દિલ્હીની કોર્ટે આ અરજી શુક્રવારે ફગાવી દીધી હતી. અરજી પ્રમાણે તેઓ સમાજ કલ્યાણ માટે દોષિતોને અંગદાન માટે પ્રેરિત કરવા માંગતા હતા, તેથી તેઓ દોષિતોને મળવા માંગતા હતા. કોર્ટે કહ્યું હતું કે, દોષિતો સામે ડેથ વોરન્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેથી હવે તેમને પરિવારના એક સભ્ય અને વકીલ સિવાય કોઈ નહીં મળી શકે.

ચારેય દોષિતોને જેલ નંબર ૩માં ફાંસી આપવામાં આવશે. ત્રણેય દોષિતોને જેલ નંબર ૨માં રાખવામાં આવ્યા છે અને એકને જેલ નંબર ૪માં રાખવામાં આવ્યો છે. નિર્ભયા કેસમાં ઘટનાના ૨૫૭૮ દિવસ પછી ડેથ વોરન્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ નિર્ભયા સાથે ગેંગરેપ થયો હતો. નવ મહિના પછી સપ્ટેમ્બર ૨૦૧૩માં નીચલી કોર્ટે તેમને ફાંસીની સજા આપી હતી. માર્ચ ૨૦૧૪માં હાઈકોર્ટ અને મે ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે ફાંસીની સજા યથાવત રાખી હતી.

૩૦૦ આતંકવાદી હોવાની બાતમી મળી

સરહદની પેલે પાર ૫૦ આતંકવાદી લોંચ પેડ્સ ફરી સક્રિય થયા

ન્યુ દિલ્હી

ભારત-પાકિસ્તાન સરહદની પેલે પાર ૫૦ આતંકવાદી લોંચ પેડ્સ ફરી સક્રિય કરાયા હોવાની અને ત્યાં હાલ ૩૦૦ જેટલા આતંકવાદી ભારત પર હુમલો કરવા તૈયાર હોવાની બાતમી મળી હતી.

લશ્કરી ગુપ્તચર સેવા અને અન્ય ગુપ્તચર સંસ્થાઓને મળેલી બાતમી પછી એલઓસી (લાઈન ઓફ કન્ટ્રોલ) પર સિક્યોરિટી દળોને સાબદાં કરવામાં આવ્યાં હતાં.

આ લોંચિંગ પેડ્સમાં ૫૦થી વધુ આતંકવાદીઓ અફઘાન મૂળના છે અને એ બધા જૈશ-એ-મુહમ્મદ સાથે સંકળાયેલા છે એવું પણ બાતમીદારે જણાવ્યું હતું.

આ બધા પાકિસ્તાની લશ્કરના પીઠબળથી ભારતના પ્રજાસત્તાક દિનની આસપાસ જમ્મુ કશ્મીર અને અન્ય રાજ્યો ફરીવાર આતંકવાદી હુમલા કરવાનું ષડ્યંત્ર ઘડી રહ્યા છે એવું પણ લશ્કરી ગુપ્તચર સેવાને મળેલી બાતમીમાં જણાવવામાં આવ્યું હતું.

ઝડપાયેલા આઈએસઆઈએસ આતંકીઓનો ખુલાસોઃ હિંદુ નેતાઓની હત્યાનો ટાર્ગેટ મળ્યો હતો

ન્યુ દિલ્હી

બે દિવસ પહેલા દેશની રાજધાની દિલ્હીમાં ઝડપાયેલા આઈએસઆઈએસનાં ત્રણ સંદિગ્ધ આતંકીઓએ મોટો ખુલાસો કર્યો છે. આ લોકોની પૂછપરછ દરમિયાન ઝફર નામનાં એક આતંકીએ ગુપ્તચર એજન્સીને જણાવ્યું છે કે, તેઓ શહીદી માટે જ અહીં આવ્યા હતાં. તેમને અહીં મોટા અને ફેમસ હિંદુ નેતાઓની હત્યા કરવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. મોટા નેતાઓની જાણકારી તેમને શહેરની દિવાલો પર લાગેલા પોસ્ટરો પરથી લેવાની હતી. જે બાદ આખા પ્લાનિંગની સાથે તેમની ઉપર હુમલો કરવાનો હતો. તેમણે એ પણ જણાવ્યું કે, તેમણે સેના અને પોલીસનાં ભરતી કેમ્પનની રેકી કરવાની જવાબદારી આપવામાં આવી હતી. આ લોકોનાં હેન્ડલરે તેમને જણાવ્યું હતું કે, વર્દી પહેરેલા મોટા અધિકારીઓ દેખાય તો તેમની હત્યા કરી દેવાની.

ગુપ્તચર એજન્સીઓનાં અધિકારીઓ પ્રમાણે, આ ત્રણ આતંકીઓની યોજના દેશનાં વિવિધ શહેરોમાં મોટા હુમલાની હતી. આ ઉપરાંત આરએસએસનાં મોટા નેતા પણ તેમના નિશાના પર હતા. અધિકારીઓનું કહેવું છે કે, ઝડપાયેલા આઈએસઆઈએસ આતંકવાદીઓની ઉત્તરપ્રદેશમાં પણ મોટા હમલાઓ કરવાનું ષડયંત્ર હતું. ઉત્તરપ્રદેશ એટીએસ હવે દિલ્હી એટીએસનાં સંપર્કમાં છે. તેઓ આમને પોતાના કબજામાં લઈને પૂછપરછની તૈયારીમાં છે. આ દરમિયાન પૂછપરછમાં તે પણ ખુલાસો કર્યો કે, આ લોકો એકબીજા સાથે વાતચીત કરવા માટે એવી એપનો ઉપયોગ કરતા હતા કે, કોમ્યુનિકેશન પુરું થતાંની સાથે જ ટેક્સટ પોતાની જાતે જ ડિલીટ થઈ જાય.

દીપિકાના જેએનયુ જવા મુદ્દે રઘુરામ રાજન બોલ્યાઃ એક્ટ્રેસે લોકોને પ્રેરણા આપી છે

ન્યુ દિલ્હી

જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે થયેલી હિંસા મામલે હવે રાજકારણ ગરમાયું છે. વિપક્ષી દળોના નેતા આ મામલે નિષ્પક્ષ તપાસની માગણી કરી રહ્યા છે. કેટલાક બોલીવૂડ સેલેબ્સે પણ પીડિત વિદ્યાર્થીઓનું સમર્થન કર્યું હતું. બોલીવૂડ એક્ટર દીપિકા પાદુકોણે પણ પીડિત વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી. જેને કારણે દીપિકા ભાજપના નેતાઓના નિશાના પર આવી ગઈ છે. હવે આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને દીપિકા પાદુકોણનું સમર્થન કર્યું છે. રઘુરામ રાજને પોતાના બ્લોગમાં દીપિકા પાદુકોણનું નામ લખ્યા વગર જણાવ્યું કે, જ્યારે એક એક્ટ્રેસ પોતાની ફિલ્મ જોખમમાં નાંખીને જેએનયુ પીડિતા સાથે મુલાકાત કરીને વિરોધ નોંધાવે છે તો તે અમને આ જ કારણથી પ્રેરિત કરે છે કે દાવ પર શું લાગ્યું છે. તેણે બતાવ્યું કે, સત્ય અને ન્યાય માત્ર મોટા શબ્દો જ નહીં પરંતુ એવા આદર્શ છે જેના માટે કુર્બાની આપી શકાય છે.

તેમણે આગળ લખ્યું કે, આજે ભારતમાં વિવિધ સમુદાયના યુવાનો એક સાથે માર્ચ કરી રહ્યા છે. હિન્દુ અને મુસ્લિમ એક સાથે રાષ્ટ્ર ધ્વજની સાથે ચાલી રહ્યા છે અને તે ભાગલાને નકારી રહ્યા છે જે રાજકીય નેતાઓએ તેમના ફાયદા માટે તૈયાર કર્યો છે.

રઘુરામ રાજને ચૂંટણીપંચના અધિકારી અશોક લવાસાનું નામ લીધા વગર લખ્યું કે, જ્યારે ચૂંટણી કમિશ્નર તેમને અને તેમના પરિવારના ઉત્પીડન બાદ પર સત્યના માર્ગે ચાલે છે તો તેનાથી ખબર પડે છે કે આજે પણ કેટલાક લોકો સત્ય, સ્વતંત્રતા અને ન્યાય માટે મોટી મોટી વાતો કરવાને બદલે ત્યાગ પણ કરે છે.

આઈએનએક્સ વિક્રમાદિત્ય પર લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસનું સફળ લેન્ડિંગ

ન્યુ દિલ્હી

આઈએનએસ વિક્રમાદિત્ય પર પહેલીવાર લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (ફાઈટર વિમાન) તેજસે સફલ લેન્ડીંગ કર્યું હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. કોઈ સ્વદેશી ફાઈટર વિમાને ભારતીય વિમાનવાહક જહાજ પર લેન્ડ કર્યાનો આ પહેલવહેલો બનાવ હતો. આ વિમાન સંપૂર્ણપણે ભારતીય વિજ્ઞાનીઓ અને ટેક્નિશિયનોએ બનાવ્યું છે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન આ એક આગવી સિદ્ધિ ગણી શકાય એવું નૌકાદળના પ્રવક્તાએ કહ્યું હતું.

આ પ્રવક્તાએ ટેક્નિકલ માહિતી આપતાં કહ્યું કે એરેસ્ટર વાયરની મદદથી તેજસ વિક્રમાદિત્ય પર ઊતર્યું હતું.

હાલ નૌકા દળના સહયોગથી એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી લડાયક વિમાનો તૈયાર કરી રહી હોવાની જાણકારી પણ આ પ્રવક્તાએ આપી હતી.

ડીઆરડીઓના પ્રવક્તાએ એવી માહિતી આપી હતી કે વિક્રમાદિત્ય પર લેંડીંગ કરાવવા અગાઉ અમે શોર બેઝ્ડ ટેસ્ટ ફેસિલિટી (કાંઠા પરના પરીક્ષણ વિભાગ)માં તેજસના લેન્ડીંગની કસોટી કરી હતી. એમાં સફળતા મળ્યા બાદ એને વિક્રમાદિત્ય પર ઊતારવામાં આવ્યું હતું.

બસ-ટ્રકમાંથી કોઈ એકમાં જ્વલનશીલ પદાર્થ હતો જેના કારણે વિસ્ફોટ સાથે આગ લાગી, ૨૧ ઘાયલ

બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થતા ભીષણ આગઃ ૨૧ લોકો જીવતા ભૂંજાયા

પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું, મૃતદેહની ઓળખ માટે ડીએનએ ટેસ્ટની મદદ લેવાઈ

કન્નોજ

ઉત્તર પ્રદેશનાં કન્નોજમાં શુક્રવાર રાત્રે બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. છિબરામઉમાં જી.ટી.રોડ પર થયેલા આ અકસ્માતમાં બસ અને ટ્રકમાં આગ લાગી હતી. જેમાં ૨૧ લોકો જીવતા ભૂંજાઈ ગયાં. જ્યારે ૨૧ લોકો ઘાયલ થયા છે. જાણકારી પ્રમાણે, બસમાં આશરે ૪૦ લોકો સવાર હતાં. જોકે મૃતકોના આંકડાને લઈને હજી પણ સ્થિતિ સ્પષ્ટ નથી. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટનાને લઈને દુખ વ્યક્ત કર્યું હતું.

આ ભિષણ અકસ્માતને લઈને કાનપુર રેંજના આઈજીનું કહેવું છે કે, આ અકસ્માત એટલો તો ભયાનક હતો કે મૃતદેહો દર્દનીય રીતે સળગી ગયા છે. મૃતકોના હાડકા પણ સળગી ગયા હોવાનું માનવામાં આવે છે. મૃતકોનો સાચો આંકડો તો ડીએનએ રિપોર્ટ બાદ જ જાણી શકાશે. બસમાંથી હજી સુધી મૃતદેહો બહાર કાઢી થકાયા નથી. આઈજીએ જણાવ્યું હતું કે, ૨૦ લોકો લાપતા છે, શક્ય છે કે તે તમામના મૃત્યું નિપજયા હોય. બસમાં ૪૦ મુસાફરો સવાર હતાં. જેમાંથી કેટલાક મુસાફરો બહાર નીકળી ગયા હતા જ્યારે કેટલાક મુસાફરો હાલ પણ અંદર ફસાઈ ગયા હતા. આ અકસ્માત નજરે જોનારાઓના મતે ૧૦થી ૧૫ લોકો બસમાંથી કૂદીને બહાર નિકળ્યા હતાં. કાનુપર રેન્જનાં આઈજી મોહિત અગ્રવાલે જણાવ્યુ કે, ૧૩ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર સ્લીપર બસ ફર્રુખાબાદથી જયપુર જઈ રહી હતી. ગાઢ ધુમ્મસના કારણે આ અકસ્માત સર્જાયો હતો.

ઈજાગ્રસ્ત લોકોને નજીકના હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ઘણી મુશ્કેલી બાદ આગ પર કાબૂ મેળવવા આવ્યો છે.

રિપોર્ટ મુજબ કન્નોજના છિબરામઉમાં જીટી રોડ હાઈવે પર ગામ ધિલોઈ પાસે ટ્રેક અને ડબલ ડેકર સ્લીપર બસ વચ્ચે ભયંકર અથડામણ થઈ હતી. સ્લીપર કોચની બસ છિબરામઉ થઈને ફર્રુખાબાદથી જયપુર જઈ રહી હતી. તે જ સમયે ટ્રક કન્નોજના બેવરથી કાનપુર તરફ જઈ રહી હતી. આ અકસ્માત રાતે ૯ વાગે થયો હતો. આ અકસ્માતમાં બંને ગાડીઓમાં ભીષણ આગ લાગી હતી. થોડા સમયમાં જ બંને ગાડીઓ ધૂ-ધૂ કરી સળગવા લાગી અને આગના ગોળા ઉંચા ઉડતા જોવા મળ્યા હતા. આ હાદસામાં સ્લીપર કોચ બસમાં સવાર ૨૧ મુસાફરો આગમાં જીવતા ભડથું થયા હતાં.

અખિલેશ યાદવનો આરોપઃ યોગી સરકાર કન્નોજ બસ દુર્ઘટના માટે જવાબદાર

કન્નૌજ

કન્નૌજમાં ભીષણ અકસ્માત બાદ ફરી એક વખત રાજનીતિ તેજ થઈ ગઈ છે. રાજયના પૂર્વ સીએમ અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે અકસ્માતને લઈને મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પર નિશાન સાધ્યું છે.

અખિલેશ યાદવે યોગી આદિત્યનાથ પર આરોપ લગાવતા કહ્યું કે મારા કાર્યકાળ દરમ્યાન બની રહેલા ફાયર સ્ટેશનનું કામ જો અટકાવવામાં ન આવ્યું હોત તો મુસાફરોનો જીવ બચાવી શકાયો હોત.

રંતુ ભાજપ સરકારે સત્તામાં આવતા જ તેની માનસિકતા દર્શાવી સમાજવાદી પાર્ટીના કાર્યકાળમાં નિર્માણ પામી રહેલા ફાયર સ્ટેશનને બંધ કરાવી દીધું. કે જે ઘટનાસ્થળથી ફક્ત ૧૦ મિનિટના અંતરે આવેલું હતું.

શશિ થરુરે કેજરીવાલ પર પ્રહાર કરતા કહ્યું: 'તેઓ લાચાર મુખ્યમંત્રી છે'

ન્યુ દિલ્હી

કોંગ્રેસ સાંસદ શશિ થરુરે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને લાચાર મુખ્યમંત્રી ગણાવ્યા છે. થરુરે કહ્યું કે, જવાહર લાલ નહેરુ યૂનિવર્સિટીમાં થયેલી હિંસા બાદ દિલ્હીના મુખ્યમંત્રીએ ઘાયલ વિદ્યાર્થીઓને મળવાનું પણ જરુરી ન સમજ્યું. કોંગ્રેસ સાંસદે કહ્યું કે નાગરિકતા સંશોધન કાયદાને લઈને હજી સુધી આમ આદમી પાર્ટીએ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું નથી.

થરુરે કહ્યું- કેજરીવાલ કદાચ ઈચ્છે છે કે, નાગરિકતા સંશોધન કાયદાના વિરોધી અને સમર્થક બંને તેમના તરફ હતા. તેથી તેઓ આ મુદ્દે કોઈ મજબૂત સ્ટેન્ડ ન લઈ શક્યા. જો તેઓ આ મામલે કઈ બોલી જ નથી શકતા તો લોકોએ કયા આધારે કેજરીવાલને વોટ આપવા જોઈએ.

થરુરે દાવો કર્યો છે કે, કેજરીવાલે એક સમયે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષિતને લાચાર મુખ્યમંત્રી ગણાવ્યા હતા. હવે તેમણે જાતે પોતાનું એ ટ્વિટ વાંચવુ જોઈએ. શું લોકો આવા મજબૂર મુખ્યમંત્રી ઈચ્છે છે કે તેમના બાળકો સાથે લાઠીચાર્જ થાય અને મુખ્યમંત્રી તેમને મળવા પણ ન જઈ શકે. થરુરે કહ્યું- હું નથી જાણતો કે કેજરીવાલ કોનો આદેશ સાંભળી રહ્યા છે. પણ તમને કોણે કહ્યું કે, વિદ્યાર્થીઓ સાથે થયેલી હિંસા સામે ન બોલશો, તેમને ન મળશો અથવા પછી નાગરિકતા સંશોધન કાયદા મામલે સ્પષ્ટ સ્ટેન્ડ ન લેશો? તમે તો મુખ્યમંત્રી છો. બીજુ કોઈ નથી જે તમને આદેશ આપે.

ઓમાનના સુલતાન કાબુસ બિન સઈદનો ઈંતેકાલ, પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

ન્યુ દિલ્હી

ઓમાનના સુલતાન કાબુસ બિન સઈદનો શનિવારે સવારે લાંબા સમયની માંદગી બાદ ઈંતેકાલ થયો હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. તેમણે કરેલા વસિયતનામાના બંધ કવરને ખોલ્યા બાદ જાણ થશે કે તેમના ઉત્તરાધિકારી કોણ બનશે.

મિડલ ઈસ્ટ અને આરબ દેશોમાં સૌથી લાંબા સમય સુધી શાસન કરનારા સુલતાન તરીકે કાબુસ બિન સઈદનું નામ લઈ શકાય. તેમણે પોતાના વાલિદ (પિતા)ને પદભ્રષ્ટ કરીને ૧૯૭૦માં સત્તાની ધુરા હસ્તગત કરી હતી.

ઓમાનની કાયાપલટ કરીને એને આધુનિક બનાવવાનો યશ સુલતાન બિન સઈદને ફાળે જાય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં ભારતના અચ્છા દોસ્ત ગણાવ્યા હતા અને એમની વિદાયથી ભારતને અત્યંત દુઃખ થયું હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર રેલવે સ્ટેશન ખાતે અમિત શાહે ૧૦૦ ફૂટ ઊંચો તિરંગો લહેરાવ્યો

પીપીપી ધોરણે ડેવલપ થઈ રહેલા ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન પર પણ અમદાવાદ સહિતના સ્ટેશનોની જેમ ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રીય ધ્વજ લગાવવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે શનિવારે આ રાષ્ટ્ર ધ્વજ ફરકાવ્યો હતો. ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર ૧૦૦ ફૂટની ઊંચાઈ પર ૩૦ ફૂટ ઠ ૨૦ ફૂટનો રાષ્ટ્ર ધ્વજ લહેરાવ્યો હતો. આ રાષ્ટ્રધ્વજ કાયમ માટે ફરકતો રહેશે. આ ઉપરાંત અમિત શાહ જીટીયુના પદવીદાન સમારંભમાં પણ હાજરી આપશે.

અમિત શાહ આ ઉપરાંત અન્ય રેલવે સ્ટેશનો પર પેસેન્જર સુવિધાઓનું લોકાર્પણ કર્યું હતું. અન્ય સુવિધાઓનું લોકાર્પણ કર્યું હતું. જેમાં સાણંદ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ અને ૩નો વિસ્તાર કરવાની સાથે પેસેન્જરો સરળતાથી ટ્રેનમાં ચઢી શકે તે માટે તેને હાઈલેવલનું બનાવવામાં આવ્યું છે. છારોડી રેલવે સ્ટેશનો પ્લેટફોર્મ નંબર-૧ લોકોની સુવિધા માટે હાઈલેવલનો તૈયાર કરાયો છે.

અમિત શાહે મહાત્મા મંદિર ખાતે સાઈબર કાઈમને અટકાવતી એપ્સનું લોકાર્પણ કર્યું

૯૦ના દશકામાં ગુજરાત કોમી રમખાણોથી ઓળખાતું, આજે વિકાસથી ઓળખાય છેઃ અમિત શાહ

આ ઉપરાંત સીસીટીવી કેમેરા આધારિત 'વિશ્વાસ' પ્રોજેક્ટને શરૂ કરાવ્યો

અમદાવાદ

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે તેમણે સાઈબર કાઈમને અટકાવતી એપ્સનું લોકાર્પણ કર્યું હતું. લોકાર્પણ સમયે અમિત શાહે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સાયબર કાઈમથી પીડાતા લોકોને સાયબર આશ્વસ્ત ખરા અર્થમાં આશ્વસ્ત કરશે. આ માટે તેમણ રાજયની પોલીસને અભિનંદન પાઠવ્યા હતા. આ એપ્સનું લોચિંગ સમયે ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ઉપરાંત રાજ્યના જિલ્લા તમામ જિલ્લાઓથી વીડિયો કોન્ફરન્સથી પોલીસકર્મીઓ જોડાયા હતા. સાઈબર કાઈમને અટકાવતી એપ્સ સહિતના વિવિધ લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપવા માટે કેન્દ્રિય ગૃહપ્રધાન ગુજરાત આવ્યા. સવારે અમદાવાદ એરપોર્ટ ખાતે પહોંચ્યા હતા અને ત્યાંથી તેઓ સીધા ગાંધીનગર પહોંચ્યા.

આ ઉપરાંત તેમણે સીસીટીવી કેમેરા આધારિત વિશ્વાસ પ્રોજેક્ટને શરૂ કરાવ્યો હતો. આ પ્રોજેક્ટથી રાજ્યના ૩૪ જિલ્લા મથકો અને ૭ પર્યટક સ્થળો મળીને ૪૧ શહેરોમાં એડવાન્સ એનાલિટિક્સ આધારિત સીસીટીવી કેમેરાથી તમામ ગતિવિધિ પર નજર રખાશે.

અમિત શાહે પ્રોજેક્ટનો પ્રારંભે જણાવ્યું હતું કે, કાયદા વ્યવસ્થાને નિયંત્રણમા લેવા માટે ટેક્નોલોજી નો ઉપયોગ કરવો જરૂરી બને છે. ટેક્નોલોજી ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર છે ગુજરાતે લીડ લીધી છે. પ્રેરણા સ્ત્રોત ગુજરાતથી શરૂ થાય છે. ગુજરાતને એક સમયે કોમી રણખાણનાં પ્રદેશથી ઓળખવામાં આવે છે. આજે વિકાસનાં પ્રદેશથી ઓળખવામાં આવે છે. મેં પણ ગુજરાતમાં એક સમયે એવા બોર્ડ જોયા છે કે પોરબંદરથી હદ શરૂ થાય છે અને કાયદા વ્યવસ્થાની હદ પુરી થાય. જન પ્રતિનિધિઓ ગુનેગારો સાથે તાલમેલ કરે તે વ્યવસ્થા નરેન્દ્ર મોદીની સરકાર બાદ પડી ભાંગી. પીએમ મોદી જ્યારે સીએમ હતા.



બોલીવુડ કલાકારો વરૂણ ધવન, કેન્દ્ર, શ્રદ્ધા કપૂર, જમણ, અને નોરા ફતેહી તેમની આગામી ફિલ્મ "સ્ટ્રીટ ડાન્સર ૩" ને અહમદાબાદમાં પ્રમોટ કરવા પહોંચ્યા છે.

સીએએ પર વિપક્ષના જુઠ્ઠાણાએ દેશમાં અરાજકતાનો માહોલ બનાવી દીધો છેઃ અમિત શાહ

ગાંધીનગર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારના રોજ ગાંધીનગર ખાતે સાયબર ક્રાઈમને અટકાવવા માટેની 'આશ્વસ્ત' એપના લોકાર્પણ કાર્યક્રમમાં વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) અંગે વિપક્ષના જુઠ્ઠાણાએ દેશમાં અરાજકતા ફેલાવી છે. તેમણે જણાવ્યું કે, સીએએનો હેતુ લોકોને નાગરિકતા પ્રદાન કરવાનો છે તેમની નાગરિકતા છીનવી લેવાનો નહી. તેમણે ભાજપના કાર્યકર્તાઓને અપીલ કરી કે તેઓ ઘરે-ઘરે જઈને લોકોને આ નવા કાયદાની જોગવાઈઓ અંગે સમજ આપે. ગુજરાત પોલીસની વિવિધ પરિયોજનાઓના ઉદ્ઘાટન માટે આયોજીત સમારંભમાં અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે વિપક્ષની પાસે કોઈ મુદ્દો નથી તેથી તેઓ સીએએ અંગે જુઠ્ઠાણું અને ભ્રમ ફેલાવી રહ્યા છે. જેને કારણે સમગ્ર દેશમાં અરાજકતાનો માહોલ છે. આ કાયદાનો ઉદ્દેશ ત્રણેય પાડોશી દેશ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં પ્રતાડિત થઈ રહેલા લઘુમતીઓને નાગરિકતા આપવાનો છે.




જમશેદપુરના જેઆરડી ટાટા સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે જમશેદપુર કેનલ ક્લબ દ્વારા આયોજીત ડોગ શો દરમિયાન એક પ્રશિક્ષિત કૂતરો સ્ટંટ કરે છે..

કાસીમ સુલેમાની અમેરિકાની ચાર એમ્બેસીને ટાર્ગેટ કરવાનો હતોઃ ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ઈરાની કમાન્ડર જનરલ કાસીમ સુલેમાની અમેરિકાની ચાર એમ્બેસીને ટાર્ગેટ કરવાની હતી. તેમણે કહ્યું કે, મને લાગે છે કે તેઓ ચાર એમ્બેસી પર હુમલાનું કાવતરુ ઘડી રહ્યા હતા. કદાચ તેઓ બગદાદમાં આવેલીએ એમ્બેસી ઉપર જ હુમલો કરવાના હતા. જોકે સુલેમાનીની હત્યાના એક સપ્તાહ પછી ટ્રમ્પે આ દાવો કોઈ પણ પુરાવા વગર અથવા અન્ય માહિતી આપ્યા વગર કર્યો છે.



સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના આર્ટિકલ-૫૧ પ્રમાણે કોઈપણ દેશે અન્ય દેશ પર કાર્યવાહી કર્યા પછી પોતાના પક્ષમાં પુરાવા રજૂ કરવાના હોય છે. અમેરિકન પ્રશાસન અત્યાર સુધી જનરલ સુલેમાનીને મારવાના ચોક્કસ કારણો રજૂ કરી શક્યા નથી.

જનરલ સુલેમાનીની હત્યા પછી વિદેશ મંત્રી પોમ્પિયોએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, જનરલ સુલેમાની પશ્ચિમી એશિયા વિસ્તારમાં અમેરિકન ઓફિસર્સને ટાર્ગેટ કરવાના હતા. પરંતુ તેમણે આ વિશે વધુ કોઈ માહિતી આપી નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, સુલેમાની કેવી રીતે જોખમ હતો, ત્યારે પોમ્પિયોએ વાત ડિસેમ્બરમાં વિદ્રોહીઓના હુમલામાં મારવામાં આવેલા અમેરિકન કોન્ટ્રાક્ટર તરફ વાળી દીધી હતી. અમેરિકાએ ૩ જાન્યુઆરીએ ઈરાનની કુર્દસ સેનાના જનરલ કાસમી સુલેમાનીને મારી નાખ્યો છે. ત્યારપછી ઈરાને અમેરિકા પર બદલો લેવાની ધમકી આપી હતી. ૭ જાન્યુઆરીએ ઈરાને અમેરિકાના બે બેઝ પર ૨૨ મિસાલઈ છોડી હતી. તેમાં ૮૦ અમેરિકન સૈનિકો મારવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

ઇરાનની ભૂલ પહેલા પાનાથી ચાલુ

હતો. મૃતકોમાં ૬૩ કેનેડાના નાગરિકો અને તે સિવાય ૮૨ ઈરાની, ૧૧ યુક્રેનના, ૧૦ સ્વિડિશ અને જર્મની-બ્રિટનના ૩-૩ નાગરિકોના મોત થયા છે.

વિમાન તૂટી પડ્યા બાદ ઈરાને અમેરિકા, કેનેડા અને બ્રિટનના આ દાવાને પહેલાં નકારી કાઢ્યો હતો અને રાષ્ટ્રપતિ રુહાનીની સરકારે કહ્યું હતું કે વિમાનને મિસાઈલ અથડાવાની વાત ખોટી છે. કારણકે તે સમયે ઘણાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રિય વિમાને ત્યાંથી ઉડાન ભરી હતી. ઈરાનનો આરોપ હતો કે આ રિપોર્ટ્સ તેમના વિરુદ્ધ મીડિયામાં મનોવૈજ્ઞાનિક યુદ્ધ શરૂ કરવા માટે ફેલાવવામાં આવી રહી છે. પરંતુ આખરે સત્ય બહાર આવ્યું છે અને યુધ્ધના માહોલમાં બે દેશો વચ્ચેની તંગદિલીમાં ૧૭૬ જેટલા નિર્દોષ લોકોનો ભોગ લેવાઈ ગયો હતો.

ઈરાનમાં વિમાન તૂટી પડ્યા બાદ યુક્રેન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (યુએઆઈ) દુર્ઘટનામાં કોઈ ટેક્નિકલ ખામી હોવાની વાતનો ઈંકાર કર્યો હતો. પાયલટ પાસે કોઈ પણ ઈમરજન્સીને પહોંચી વળવા માટેની આવડત હતી. અમારો રેકોર્ડ જણાવે છે કે, વિમાન ૨૪૦૦ ફૂટની ઉંચાઈ પર જ હતું. ક્રૂના અનુભવ પ્રમાણે ટેક્નિકલ ખામી નહિવત્ હોઈ શકે. એટલે કે યુક્રેન દ્વારા તે વખતે આશંકા વ્યક્ત કરાઈ હતી કે તેમનું વિમાન તૂટ્યું નથી પણ તોડી પાડવામાં આવ્યું છે. જે આખરે સાચુ પડ્યું છે.

નોંધનીય બાબત એ પણ છે કે બોઈંગ ૭૩૭-૮૦૦ વિમાન ખૂબ સલામત માનવામાં આવે છે. સલામતીની બાબતમાં તેનો રેકોર્ડ ઘણો સારો છે. આ વિમાન વર્ષ ૨૦૧૬ માં બનાવવામાં આવ્યું હતું. સોમવારે તેનું શેડ્યૂલ પણ જાળવવામાં આવ્યું હતું. દરમિયાન, યુક્રેન એરલાઈન્સે દાવો કર્યો છે કે આ અકસ્માત કોઈક ભૂલને કારણે થયો નહોતો. બંને ફ્લાઈટ પાઈલટ્સનો ૧૧ હજાર કલાકથી વધુનો અનુભવ હતો. તેથી અકસ્માત અંગે પણ હુમલો થવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી

મમતા બેનરજી પહેલા પાનાથી ચાલુ

બંગાળને સમર્પિત કરશે. નાગરિકતા સુધારણા કાયદા અને એનઆરસી મામલે પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા ભારે વિરોધ વચ્ચે વડાપ્રધાન મોદી આજે પોતાના બે દિવસીય પ્રવાસ પર કોલકતા પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી મમતા બેનરજી વચ્ચે રાજભવનમાં મુલાકાત યોજાઈ હતી. થશે. વડાપ્રધાનના પ્રવાસને ધ્યાનમાં રાખીને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો છે અને એફએફઆઈ સંગઠન દ્વારા મોદીનો ગો બેકના બેનર સાથે વિરોધ કર્યો હતો. વડાપ્રધાનનો આ પ્રવાસ એવા સમય પર થઈ રહ્યો છે જ્યારે કેન્દ્ર સરકારે નાગરિકતા સુધારણા કાયદો લાગૂ કરી દીધો છે અને મમતા તેનો સખત વિરોધ કરી રહ્યા છે.

જોકે, અધિકારીએ બેઠકના એજન્ડા વિશે કોઈ ખુલાસો કર્યો નથી. વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખતા રાજભવનની આસપાસ કલમ ૧૪૪ લાગૂ કરી દેવામાં આવી છે. રાજભવન અને એરપોર્ટની આસપાસ ભારે સંખ્યામાં જવાનો ખડે પગે તૈનાત છે.

વડાપ્રધાન સાથેની મુલાકાતમાં મમતા બેનરજીએ જણાવ્યું કે, મેં વડાપ્રધાનને કહ્યું કે અમે નાગરિકતા સંશોધન કાયદો (ઝછછ), દ્રૅઈ અને દ્રઈઝના વિરોધમાં છીએ. અમે ઈચ્છીએ છીએ કે ઝછછ-દ્રઈઝને પરત લેવામાં આવે.

તેમની મુલાકાત સામે કોંગ્રેસ, ડાબેરી સંગઠનો અને અન્ય રાજકીય સંગઠનોએ વિરોધ પ્રદર્શનનો એજેન્ડા તૈયાર કરી દીધો છે. અત્યારે પશ્ચિમ બંગાળ સ્ટુડન્ટ્સ ફેડરેશનના સભ્યો કોલકાતામાં કાળા ગુબ્બારા અને ગો બેક મોદીના બેનર સાથે વિરોધ પ્રદર્શન કરતા જોવા મળ્યા હતાં.

પ્રોટોકોલ પ્રમાણે તેઓ રાજ ભવનમાં રોકાશે. લેફ્ટ પાર્ટી સિવાય ઘણા સંગઠનોએ કાળા વાવટા ફરકાવીને તેમનો વિરોધ કરવાની જાહેરાત કરી છે. તે શરૂ પણ થઈ ગઈ છે. મુખ્યત્વે દ્રઈઝ, દ્રૅઈ અને CAAના વિરોધમાં તેમની સામે વિરોધ કરવામાં આવશે. અમુક મુસ્લિમ સંગઠનોએ પણ રાજભવનની નજીક રેલીની જાહેરાત કરી છે. જમિયત-એ-ઉલેમા હિન્દના બંગાળ યુનિટે પણ કાળા વાવટા ફરકાવીને વિરોધ કરવાની વાત કહી છે. તૃણમુલ કોંગ્રેસે પણ અમુક વિસ્તારોમાં માનવસાંકળ બનાવીને વિરોધ કરવાની જાહેરાત કરી છે.

પશ્ચિમ બંગાળ પ્રશાસને મોદીની મુલાકાતને લઈને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરી છે. ઈન્ટેલિજન્સ બ્રાન્ચે વિરોધ પ્રદર્શન અંગે રિપોર્ટ સોંપી દીધો છે જેમાં કહ્યું છે કે ત્રણ સંસ્થાઓ મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવાના છે જે એરપોર્ટ અને રસ્તા પર થશે. આ દરમિયાન પીએમ મોદીને કાળા વાવાટા દેખાડવામાં આવશે. એક અધિકારીએ કહ્યું કે પીએમના આગમન અંગે સિક્યોરીટી ફુલપ્રુફ છે. એરપોર્ટથી જોડાતા રોડના કિનારાઓ પર બેરીકેડ લગાવવામાં આવશે. તે સિવાય રોડ પર વધારાની સુરક્ષા ડિપ્લોય હશે જેથી દેખાવકારો પર ધ્યાન કેન્દ્રીત કરી શકાય.

સરકારના એક વરિષ્ઠ અધિકારીઓએ મોદીના રૂટનો સર્વે કરીને માહિતી મેળવી છે. તેમાં છેલ્લા સમયે કોઈ ફેરફાર હશે તે સ્પેશ્યલ પ્રોટેક્શન ગ્રુપ પર આધારિત હશે જે વડાપ્રધાનની સુરક્ષા સંભાળે છે. એક અધિકારીએ કહ્યું કે એરપોર્ટ પર એક ચોપર સ્ટેન્ડબાય રખાશે જેથી પ્લાનમાં કોઈ ફેરફાર હોય તો તેને લાગૂ કરી શકાય.

મોદી એરપોર્ટથી હેરિટેજ કરન્સી બિલ્ડિંગ જશે જ્યાં તેઓ કાર્યક્રમની શરૂઆત કરશે. ત્યારબાદ તેઓ હાવડા બ્રિજ પર લાઈટ એન્ડ સાઉન્ડ શોનો શુભારંભ કરાવશે. ત્યારબાદ તેઓ નદીના રૂટથી બેલુર મઠ જશે જે રામક્રિષ્ણ મિશનનું વૈશ્વિક કેન્દ્ર છે. અધિકારીએ જણાવ્યું હતું કે નદી પર વધારાનું સુરક્ષા કવર હશે. બેલુર મઠની મુલાકાત અંગે પણ સુરક્ષા માટે પેટ્રોલીંગ કરવામાં આવ્યું છે. ગંગાના કિનારાઓ પર પોલીસને એલર્ટ રાખવામાં આવી છે. જોકે વરસાદની આશંકા હવામાન વિભાગે દર્શાવી છે તેથી એ પરિસ્થિતિમાં વડાપ્રધાન રોડના માર્ગે પણ બેલુર મઠ જઈ શકે છે. આ પરિસ્થિતિ પડકારજનક છે કારણ કે ત્યાં પહોંચવાના રસ્તા ખૂબ સાંકડા છે. જોકે તેના માટે પણ અલગ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. રવિવારે તેઓ કોલકાતા પોર્ટ ટ્રસ્ટ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સવારે ૧૧ વાગ્યે નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં સંબોધન કરશે. બપોરે ૧૨.૪૫ વાગ્યે તેઓ કાર્યક્રમ પૂર્ણ કરીને રવાના થશે.

આર્મી ચીફ પહેલા પાનાથી ચાલુ

મહત્વ ધરાવે છે.ભારતના લશ્કરમાં અધિકારીઓની તંગી અંગેના એક સવાલના જવાબમાં સેના પ્રમુખે કહ્યું કે અધિકારીઓની અછત છે-પણ એવું નથી કે તે માટે અરજી કરનારા લોકોની તંગી છે કે મળતા નથી વાસ્તવમાં અમે લશ્કરમાં અધિકારીઓની પસંદગી માટે ચોક્કસ માપદંડ નક્કી કરેલા છે, જે ઘટાડવામાં આવ્યાં નથી.

સેનામાં મહિલા સૈનિકોના એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે ૬ જાન્યુઆરીથી ૧૦૦ મહિલા દળની તાલીમની શરૂઆત થઈ ગઈ છે.

ભારતમાં થલ-જલ અને વાયુ એમ સેનાની ત્રણ પાંખ કામ કરે છે. આ ત્રણેયનો ઉલ્લેખ કરીને જનરલ નરવણે કહ્યું કે, ત્રણેય સેના વચ્ચે આંતરિક તાલમેલ ખૂબ જ જરૂરી છે. જેમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ આ ક્ષેત્રમાં એક મોટું પગલું છે. જેની નિમણૂંક પણ થઈ ગઈ છે. સેના પરિવર્તનની પ્રક્રિયા હેઠળ છે. અમે હંમેશા એવું નક્કી કરવાનો પ્રયત્ન કરીશું કે અમને સર્વશ્રેષ્ઠ કામગીરી અને સૈનિકો-અધિકારીઓ મળે. અમારી સામે જે પણ પડકાર આવશે ભવિષ્યમાં અમે તે માટે તૈયાર રહેશું. તે જ અમારું મુખ્ય કામ છે.

સેના માટે સતત અને કઠોર તાલીમ અનિવાર્ય છે. તે અંગે જનરલે કહ્યું કે, અત્યારે અમે અમારા જાબાંઝ જવાનોને ભવિષ્યમાં કોઈપણ પ્રકારનના પડકારોને પહોંચી વળવા કામ આવનારી કઠોર તાલીમ આપી રહ્યાં છીએ. અમે સંખ્યા પર નહીં, ગુણવત્તા પર ભાર આપી છીએ. અમે નક્કી કરશું કે આપણા લોકો સર્વશ્રેષ્ઠ યોગદાન આપે. બંધારણ પ્રત્યે નિષ્ઠા જ હંમેશા અમારા માટે માર્ગદર્શનક હોવું જોઈએ.અમે બંધારણમાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાને આધાર બનાવી આગળ વધશું.

ઉગ્ર વિરોધ વચ્ચે પહેલા પાનાથી ચાલુ

સરકાર દ્વારા એ વિરોધની વચ્ચે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, તેથી હવે તેને ફક્ત સુપ્રીમ કોર્ટના આદેશ પર રદ કરી શકાશે અથવા કેન્દ્ર સરકાર પોતે આ કાયદામાં કોઈ ફેરફાર કરી શકે છે. જો કે કેન્દ્ર સરકાર પોતે તેમાં પીછેહઠ કરે તેવી કોઈ શક્યતા જણાતી નથી. આ કાયદાને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવ્યું છે ત્યારે હવે કાયદાની કોર્ટમાં જંગ ખેલાય તેમ છે.

આ કાયદો પર નજર નાંખીએ તો નાગરિકત્વ અધિનિયમ, ૧૯૫૫ ને બદલવા માટે કેન્દ્ર સરકાર સંસદમાં નાગરિકતા સુધારા બિલ લાવી હતી. બંને ગૃહોમાં બહુમતી દ્વારા આ બિલ પસાર કર્યા પછી, રાષ્ટ્રપતિએ ૧૨ ડિસેમ્બરના રોજ તેને મંજૂરી આપી. લગભગ એક મહિના પછી, સરકારે એક જાહેરનામું બહાર પાડ્યું અને તેને આખા દેશમાં તેને લાગુ કર્યું છે. આ કાયદા મુજબ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના હિન્દુ, શીખ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ અને પારસી શરણાર્થીઓને ભારતનું નાગરિકત્વ આપવામાં આવશે. કાયદો અમલમાં આવે તે પહેલાં તેઓને ગેરકાયદેસર શરણાર્થી માનવામાં આવ્યાં હતાં.

જો કે પ્રાપ્ત માહિતી અનુસાર, આ કાયદો પૂર્વોત્તરના રાજ્યો આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને મણિપુરના કેટલાક વિસ્તારોમાં લાગુ નહીં થાય. સંસદે કાયદો પસાર કર્યા બાદ સૌ પ્રથમ આસામમાં જ તેની સામે સામે ઉગ્ર વિરોધ જોવા મળ્યો હતો. અને ત્યારબાદ બીજા રાજ્યોમાં આંદોલનનો શરૂ થયા હતા. હાલમાં આ રાજ્યોમાં સ્થિતિ શાંત છે પરંતુ બીજા રાજ્યોમાં વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યાં છે.

ગૃહ મંત્રાલય સાથે સંકળાયેલા સૂત્રો કહે છે કે આ કાયદાના નિયમોના અમલનું કામ હજી બાકી છે. આ કાયદાની કટ ઓફ ડેટ ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ નક્કી કરવામાં આવી છે, તેથી નિયમો મુજબ, અરજદારોએ યોગ્ય દસ્તાવેજો સાથે સાબિત કરવું પડશે કે તેઓ આ તારીખે (૩૧ ડિસેમ્બર ૨૦૧૪) અથવા તે પહેલાં ભારત આવ્યા છે. વિવાદિત નાગરિકતા સુધારા કાયદાના વિરોધમાં દેશભરમાં ઓછામાં ઓછા ૩૧ અને એકલા ઉત્તર પ્રદેશમાં ઓછામાં ઓછા ૨૧ લોકોનાં મોત નીપજ્યાં છે.

ઈરાકી રાજદૂતે સ્પષ્ટતા કરી...'તેલ પુરવઠાને કોઈ પ્રતિકૂળ અસર નહીં થાય'

ન્યુ દિલ્હી

ઈરાકના રાજદૂત ફલાહ અબ્દુલહસન અબ્દુલ સદાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે ઈરાન અને અમેરિકા વચ્ચેના હાલના તનાવની કોઈ પ્રતિકૂળ અસર ભારતને મળતા તેલ પુરવઠા પર નહીં થાય. ભારતને કાચા તેલનો પુરવઠો હંમેશની જેમ મળતો રહેશે.

અમેરિકાએ બગદાદ એરપોર્ટ પર કરેલા હવાઈ હુમલામાં ટોચના ઈરાની લશ્કરી અધિકારી કાસિમ સુલેમાની માર્યા ગયા ત્યારબાદ ઈરાને બગદાદમાં આવેલા અમેરિકી રાજદૂતાવાસ પર એક કરતાં વધુ વખત રૉકેટ અને મિસાઈલ મારો કર્યો હતો. તેથી સ્વાભાવિક રીતેજ અન્ય દેશોની સાથે ભારતના મનમાં એવી છાપ પડી હતી કે તેને મળતા ક્રૂડ તેલના પુરવઠાને અસર થશે. ઈરાકી રાજદૂતે આ માન્યતાને રદિયો આપ્યો હતો. તેથી પણ આગળ વધીને તેમણે કહ્યું કે ઈરાકમાં વસતા તમામ ભારતીયો સલામત છે અને એમની સિક્યોરિટીની જવાબદારી અમારી છે. માટે ચિંતા કરશો નહીં.

પોલિયાના વધતા પ્રકોપના કારણે પાકિસ્તાન જવાનો પ્રતિબંધ ૩ મહિના વધ્યો

ઈસ્લામાબાદ

વિશ્વ સ્વાસ્થય સંગઠનએ પાકિસ્તાનના દરેક રાજયોમાં ડ્રાઈવ્ડ પોલિયો વાયરસ ટાઈપ-૨ના સતત વધતા પ્રકોપ અને વાઈલ્ડ પોલિયો વાયરસ ટાઈપ-૧ના જોખમને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન જવાનો પ્રતિબંધ ૩ મહિના વધુ વધારી દેવામાં આવ્યો છે. પાકિસ્તાની ન્યૂઝ પેપરમાં પ્રકાશિત રિપોર્ટ પ્રમાણે ડબ્લ્યુએચઓએ ભલામણ કરી છે કે, પાકિસ્તાનમાં પોલિયો રોકવાનો કાર્યક્રમ તુરંત શરૂ કરવાની જરૂર છે. પાકિસ્તાન સિવાય અફઘાનિસ્તાન અને નાઈજીરિયા જેવા દેશોમાં પણ મુસાફરી કરવાનો પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

ડબ્લ્યુએચઓનો નિર્ણય ઈન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશનની ઈમરજન્સી સમીતિની ભલામણના આધારે લેવામાં આવ્યો છે. પાકિસ્તાનને આ વિશે થોડા સમય પહેલાં જ જાણ કરવામાં આવી છે. અહીં ૨૦૧૯માં પોલિયો વાયરસના ૧૩૪ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે ૨૦૧૮માં આ સંખ્યા માત્ર ૧૨ની હતી. પાકિસ્તાનમાં સૌથી વધુ પોલિયો ગ્રસ્ત રાજ્યોમાં પંજાબ અને ખૈબર પખ્તૂનખાનું નામ સામેલ છે. ડબ્લ્યુએચઓનું કહેવું છે કે, તાજેતરના વર્ષોમાં જ થયેલી પ્રગતિ એકદમ ઉંધી દેખાઈ રહી છે. સમીતિના સર્વે પ્રમાણે ૨૦૧૪ પછી પોલિયો વાયરસના આંતરરાષ્ટ્રીય પ્રસારનું જોખમ ખૂબ વધી ગયું છે.

ડબ્લ્યુએચઓએ ભારત સહિત દક્ષિણ-પૂર્વ એશિયાના ૧૧ દેશોને ૨૭ માર્ચ ૨૦૧૪માં પોલિયો મુક્ત જાહેર કર્યા છે. તેમાં બાંગ્લાદેશ, ભૂટાન, કોરિયા, ઈન્ડોનેશિયા, માલદીવ, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા, થાઈલેન્ડ અને તિમોર-લેસ્તે સામેલ છે. ત્યારપછી પણ ભારતમાં અમુક કેસ સામે આવ્યા હતા. ડબ્લ્યુએચઓએ સૌથી પહેલાં ૧૯૯૪માં અમેરિકાને, ૨૦૦૦માં પશ્ચિમી ઝોન અને ૨૦૦૨માં યુરોપીય દેશોને પોલિયોમુક્ત જાહેર કર્યા હતા.

પત્ની અને સાસરિયાના ત્રાસથી કંટાળી યુવકે આપઘાત કરતા ખળભળાટ

અમદાવાદ

દાણીલીમડા વિસ્તારમાં પત્ની તેમજ સાસરિયાના ત્રાસથી કંટાળી આપઘાત કરી લેનાર યુવકના કેસમાં પોલીસે વધુ તપાસ શરૂ કરી દીધી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, યુવકે આપઘાત પહેલા વીડિયો રેકોર્ડિંગ તેમજ સ્યુસાઇડ નોટ લખી હતી. ફરિયાદ અનુસાર, તેની પત્નીએ યુવક વિરુદ્ધ બે અલગ પોલીસસ્ટેશનમાં ખોટી ફરિયાદ નોંધાવી હતી. જેનાથી યુવક માનસિક રીતે ભાગી પડ્યો હતો અને ૧૮ નવેમ્બરે આપઘાત કરી લીધો હતો. દાણીલીમડા પોલીસે મૃતકની પત્ની, સાળી અને સાસુ સસરા સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દાણીલીમડાના મકવાણા પરિવારના પુત્ર સંદીપે તેની સાથે કામ કરતી રશ્મિ સાથે વર્ષ ૨૦૧૯માં પ્રેમલગ્ન કર્યા હતા. સંદીપે અને રશ્મિ બંન્ને સાબરમતી પાસે રહેતા હતા. એક દિવસ અચાનક યુવતીના પરિવારજનો તેને આવીને લઇ ગયા હતા અને ગાંધીનગરમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં સમાધાન કરી છુટાછેડા કરાવી નાખ્યા હતા. બાદમાં ૧૫મી ઓગષ્ટથી સંદીપ ક્યાંક જતો રહ્યો હતો. બાદમાં રશ્મિએ ઈડરમાં પણ એક ફરિયાદ નોંધાવી હતી. બાદમાં બંને સાથે રહેતા હતા તેવામાં રશ્મિ તા.૧નવેમ્બરના રોજ ક્યાંક જતી રહી હતી. જેથી સંદીપે તેના પરિવારને કહ્યું કે રોનક ઉર્ફે રશ્મિના પરિવારજનો ખોટા કેસ કરવાની ધમકીઓ આપી પૈસાની માંગણીઓ કરે છે.

તા.૧૮મી નવેમ્બરના રોજ સંદીપ રીક્ષામાં આવ્યો ત્યારે અર્ધ બેભાન હાલતમાં હતો તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન ૧૯મીના રોજ તેનું મોત થયું હતું. બાદમાં અંતિમ વિધી કરવામાં આવી અને સંદીપના મોબાઇલ ફોનમાં જોતા તેણે વિડીયો રેકોર્ડિંગ અને સ્યુસાઇડ નોટમાં તેના પત્ની, સાળી તથા સાસુ સસરાના ત્રાસથી કંટાળીને તે આપઘાત કરતો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. આ અંગે દાણીલીમડા પોલીસને જાણ કરતા પોલીસે પુરાવાના આધારે આઇપીસી ૩૦૬ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવા તજવિજ હાથ ધરી છે.

ઉત્તરાયણ પર્વમાં વાહનચાલકોની જીવાદોરી ગણાતા સળિયાનું વેચાણ ઘટયું

અમદાવાદ

ઉત્સવો અને તહેવારોની મોસમ આવે એટલે સિઝનેબલ ધંધો કરનારા ઉત્પાદકો, વેપારીઓ સક્રિય થઇ જાય. એ પતંગ, ફટાકડા, રાખડીઓ, રંગ-પિચકારી જેવી તમામ ચીજવસ્તુઓ દુકાન-હાટડીયો અને માર્ગો પરના મંડપોમાં જોવા મળે. પણ, મંદી અને ઉત્સવોના ઉત્સાહમાં ફીકાશ આવે ત્યારે વેપાર-ધંધા ધોવાઇ જાય. વેપાર નાનો હોય કે મોટો મંદી અને રસ વિહોણા માહોલની અસર સૌને થાય. પતંગોત્સવ ઉત્તરાયણ આવે એટલે ઘણાં લોકોને પેટિયું રળવાની આશા સાથે નવો વિકલ્પ મળે. પતંગ-દોરી બનાવનાર વેચનાર સાથે અનેક લોકોને રોજગાર મળે.

થોડા વર્ષો પહેલા દિવાળી જાય કે તુરંત જ નાના મોટા સૌ પતંગ રસિયાઓ ધાબે-છાપરે કે મેદાનોમાં પતંગની મોજ માણતા હતા. જેના કારણે દોરીઓ માર્ગો પર પડતી અને રાહદારીઓ અને વાહનચાલકો ઘવાતા હતા. એમાંય ધારદાર ચાઇનિઝ દોરીના કારણે વાહન ચાલકો ગંભીર ઇજાઓ પહોંચે છે. દોરીઓથી થતી ઇજાઓને રોકવા વાહન ચાલકોએ અવનવા નુસખા અપનાવવાના શરુ કર્યા. ગળે મફલર, મોં પર રુમાલ, માથે હેલમેટ પહેરવાની શરુઆત થઇ.એમાંય છેલ્લા કેટલાય વર્ષો થી વાહનો ના બંન્ને બાજુના કાચની જગ્યાએ એક સળીયો મુકવાની શરુઆત થઇ છે. દોડતા વાહન પર જ્યારે અચાનક જ દોરી પડે અને અર્ધ ગોળાકાર સળિયો લગાવ્યો હોય તો દોરી રોકોઇ જવાની શક્યતા વધી જાય.

મધુર ડેરી દ્વારા પાટનગરનાં રામકથા મેદાનમાં પતંગ ઉત્સવ ઉજવાયો

મકરસંક્રાંતિએ ભારતનો કૃષક તહેવાર છે. ભારત અને એશિયાનાં અન્ય દેશોમાં પણ આ દિવસને પાકની લગણી સાથે જોડવામાં આવ્યો છે. ત્યારે ગાંધીનગર સેકટર-૧૧ ખાતે આવેલ રામકથા મેદાનમાં વહેલી સવારથી જ મધુર ડેરી દ્વારા વર્ષના પહેલા પર્વ ઉતરાયણને પતંગ ઉડાવી ગાંધીનગરમાં અવનવા પતંગોથી આકાશીયુધ્ધ જોવા મળ્યો હતો. ત્યારે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ જણાવ્યું કે અવનવા કાર્યક્રમો જો સમાજમાં થાય તો આપણી સંક્રાંતિઓ આવનારી પેઢીઓમાં જીવિત રહે તે ઉદ્દેશ્યથી મધુર જાહેર પતંગઉત્સવનો આયોજન કરવામાં આવ્યો હતો. વધુ માહિતી આપતા જણાવ્યું કે ગુજરાતની ઉત્સવપ્રિય પ્રજાનું મનોબળ વધારવા અને પર્વને અનુરૂપ સંદેશો પાઠવવા આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ત્યારે મધુર ડેરીના એમ.ડી. મનોહર ચૌહાણે જણાવ્યું કે મધુર ડેરી સમગ્ર ભારતમાં પોતાનું ઉત્પાદન કરી લોકો સુધી ખાણીપીણી વસ્તુઓ પહોચાડે છે. જેથી ગાંધીનગરમાં પક્ષીઓને બચાવવા સાથે એક ઉદ્દેશ્યથી આ કાર્યક્રમ કરી પતંગોઉત્સવના ચાહકોને મધુર ડેરી એક ખાસ ઇનામ તરીકે ટુ-વ્હીલર એકટીવા આપવામાં આવશે.અલગ અલગ રાજયો પોતાની સંક્રાંતિથી આ ઉત્સવને ઉજવે છે ત્યારે ગુજરાત માત્ર એક એવો રાજય છે જયાં આ પર્વને પતંગ ઉડાવી ઉજવે છે. વધુમાં જણાવતા કહ્યું કે પતંગ પર્વને એક જાહેર ઉત્સવ તરીકે ઉજવીને ગુજરાતના પાટનગરની એક આગવી ઓળખ ઉભી કરવા મધુર ડેરી પ્રતિબધ્ધ છે.

મધુર ડેરી સમગ્ર ભારતમાં શેરી શેરીએ જોવા મળે છે અને મધુર ડેરી પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. ત્યારે મધુર ડેરી બિજનેશ હબ તરીકે પણ ઓળખવામાં આવે છે. નાની બાળાઓનાં હસ્તે પશુ,પક્ષી અને માછલીઓને ભોજન ખવડાવાય છે. ત્યારે મધુર ડેરી દ્વારા આયોજિત પતંગ ઉત્સવ માં પતંગ ચકાવનાર વ્યક્તિ માટે ઇનામ અને જલેબી, ઉંધિયાનો અયોજ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં ઉતરાયણ ના આ પર્વ માં ઉધીય,જલેબી પ્રખ્યાત છે જે અનુંસધાને લોકો આજના દિવસે આ બે ચીજોનું લાભ લે છે.

ઓક્સિજન પ્લાન્ટમાં બ્લાસ્ટ થતા ૬ કર્મચારીઓનાં મોત, ૧૫ ઘાયલ

વડોદરા

વડોદરાના પાદરામાં આવેલી એક કંપનીના ઓક્સિજન પ્લાન્ટમાં બ્લાસ્ટ થયો હોવાની જાણકારી સામે આવી છે. જેમાં ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે ૧૫ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થતા મૃત્યુઆંક ૬ પર પહોંચ્યો છે. જેમાંથી ૪ મૃતદેહોને પાદરાના વડુંમાં રખાયા છે જ્યારે ૨ મૃતદેહોને પ્રમુખ સ્વામી હોસ્પિટલમાં રાખવામાં આવ્યાં છે.

પાદરાના ગવાસદ ગામે આવેલી એમ્સ ઓક્સિજન કંપનીમાં બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટને કારણે સાતથી આઠ મજૂરોને ઈજાઓ પહોંચી હતી અને આ તમામ મજૂરોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઓક્સિજનનો બાટલો ફાટ્યો હોવાને કારણે પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. અને બ્લાસ્ટ બાદ કંપનીમાં આગ લાગી ગઈ હતી. બ્લાસ્ટને કારણે કંપનીમાં કામ કરી રહેલાં લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તો ગવાસદ ગામમાં પણ ફફડાટનો માહોલ ફેલાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ ૭ એમ્બ્યુલન્સ અને ૫ ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે દોડી આવી હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે કંપનીના ઉપરનાં પતરાં ઉડી પણ ઉડી ગયા હતા. બ્લાસ્ટની તીવ્રતા તમે એ વાતથી જ સમજી શકો કે, તેનો અવાજ અનેક કિમી દૂર સુધી સંભળાયો હતો. બ્લાસ્ટ સમયે કંપનીના અધિકારીઓ ઘટનાસ્થળે હાજર ન હતા.

આ બાજુ વડુંના પીઆઈના જણાવ્યાં મુજબ વિસ્ફોટ થયો તે કંપનીમાં હાઈડ્રોજન ગેસ રીફિલિંગનું કામ થાય છે. હાઈડ્રોજન ગેસ સિલિન્ડરમાં લીકેજના કારણે આ વિસ્ફોટ થયો. આગને જોકે હાલ કાબુમાં લઈ લેવાઈ છે. પાદરાના મામલતદાર, પ્રાંત અધિકારી, જીપીએસસી અધિકારી, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અધિકારી સ્થળ પર પહોંચી ગયા છે. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત છે. પાદરાના ફાયર અધિકારી નરેન્દ્ર કંઝારિયાએ આ વિસ્ફોટ અંગે નિવેદન આપતા કહ્યું કે કંપનીના ગોડાઉનમાં પ્રતિબંધ છે. હજુ પણ ગેસના સિલિન્ડર લીકેજ છે. પોલીસે બેરીકેટ લગાવ્યાં છે. વિસ્ફોટની ગતિ વધુ હોવાના કારણે દીવાલ પણ ફાટી પડી. મૃતકોના લોહીથી દીવાલો રંગાયેલી છે.

૧૫ ફૂટ ઊંડી વરસાદી કાંસમાં અસ્થિર મગજની મહિલા પડી, રેસ્ક્યૂ કરીને બહાર કાઢી

વડોદરા

છાણી જકાતનાકા પાસે ન્યૂ સમા રોડ પર આવેલી ૧૫ ફૂટ ઊંડી વરસાદી કાંસમાં વહેલી સવારે એક મહિલા પડી ગઈ હતી. ટીપી-૧૩ ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. જોકે અસ્થિર મગજની મહિલાએ બહાર નીકળવાની ના પાડતા ફાયર બ્રિગેડની ટીમે તેને હાથ બાંધીને બહાર કાઢી હતી. અને મહિલાને તેના પરિવારને સોંપી હતી.

વડોદરા ફાયર બ્રિગેડના ટીપી-૧૩ ફાયર સ્ટેશનમાં સવારે ૬:૨૦ કલાકે કોલ મળ્યો હતો કે, ન્યૂ સમા રોડ પર આવેલી પોસ્ટ ઓફિસ પાસે વરસાદી કાંસમાં એક મહિલા પડી ગઈ છે. જેથી તુરંત જ ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. પરંતુ મહિલાએ બહાર નીકળવાની ના પાડી દીધી હતી. અને ફાયર બ્રિગેડની ટીમ સાથે ઝપાઝપી કરી હતી. જોકે ફાયર બ્રિગેડની ટીમે મહિલાના હાથ બાંધીને તેને વરસાદી કાંસમાંથી બહાર કાઢી હતી. અને ફતેગંજ પોલીસ સ્ટેશનમાં સોંપી હતી. જ્યાં અંબિકા વિજય સોસાયટીમાં રહેતો તેમનો પુત્ર વ્રજ દેવેન્દ્રભાઈ મિસ્ત્રીને બોલાવવામાં આવતા તેમના માતા જ્યોતિકાબેન દેવેન્દ્રભાઈ મિસ્ત્રી(૫૯)ને પરિવારને સોંપ્યા હતા.

નવસારી સ્ટેશન પાસેથી દેશી તમંચા સાથે બે યુવકો પકડાયા

એસઓજી પોલીસે બે પરપ્રાંતીયોને પકડી પાડ્યા

નવસારી

નવસારી એસઓજી પોલીસ ગતરાત્રે બાતમી આધારે સ્ટેશન પર આવેલ જવાહર હોટલની સામેથી બે યુપીના શખ્સોને એક દેશી હાથ બનાવટના તમંચો અને ત્રણ નંગ જીવતા કાર્ટીજ સાથે ઝડપી પાડ્યા હતા અને એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો હતો. જે અંગે ટાઉન પોલીસે આર્મ્સ એક્ટનો ગુનો નોંધી કુલ ૧૫૬૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

નવસારી એસઓજી પોલીસને બાતમી મળી હતી. નવસારીમાં સ્ટેશન વિસ્તારમાં આવેલી જવાહર હોટલની સામે દેશી હાથ બનાવટનો તમંચો અને કાર્ટીઝ વેચવા માટે ઉભા છે. જે બાતમી આધારે એસઓજી પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન તમંચા અને જીવતા કાર્ટીઝ સાથે રામજનમ નગરૂભાઈ રાજભર ઉ.વ.૪૨, રહે.ઉલ્લાસનગર, તા.કલ્યાણ, જિ. થાણે, મહારાષ્ટ્ર, મૂળ રહે. યુપીની ધરપકડ કરી હતી અને બંનેની તપાસ કરતાં તેમની પાસેથી દેશી હાથ બનાવટનો તમંચો કિંમત ૫૦૦૦ તથા ત્રણ નંગ જીવતા કાર્ટીઝ કિંમત રૂા.૩૦૦ તથા તેઓના કબજામાંથી બે મોબાઈલ કિંમત રૂા.૧૦,૦૦૦ રૂપિયા અને રોકડા ૩૫૦ મળી કુલ ૧૫,૬૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે તમંચો સપ્લાય કરનાર કુંદન રહે. સરદરપુર, તા.શાદાત, જિ. ગાજીપુર, યુપીનો વોન્ટેડ જાહેર કર્યો હતો.

કોટામાં ગેંગવોર : રણવીરના બે હત્યારા સુરતથી ઝડપાયા

સુરત

રાજસ્થાનના કોટામાં ગેંગવોરમાં ભાનુ અને શિવરાજ ગેંગ સાથે જોડાયેલા રણવીરસિંહ ચૌધરીની ગત ૨૩ ડિસેમ્બરના રોજ ગોળીઓ મારી હત્યા કરવામાં આવી હતી. હત્યામાં વપરાયેલી સ્કોર્પિયો કાર પોલીસ કબ્જે કરી હતી અને આરોપીની શોધખોળ હાથ ધરી હતી. જેમાં બે આરોપીઓ સુરત તરફ ભાગ્યા હોવાની જાણ થઈ હતી. જેથી રાજસ્થાન, સુરત અને નવસારી પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી સુરતના પાલનપુર પાટીયા નજીક શુભમ એપાર્ટમેન્ટમાંથી બે યુવકની ધરપકડ કરી છે. બંને યુવકની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે.

કોટા વિસ્તારમાં આવેલા મહાવીરનગરમાં રણવીરસિંહ ચૌધરી રહેતો હતો અને ભાનુ અને શિવરાજ ગેંગનો લીડર હતો. રણવીર સામે ૧૬ જેટલા ગુનોએ પણ નોંધાયેલા છે.રણવીર ઘણીવાર સવારે અને સાંજે શ્રીનાથપુરમ સ્ટેડિયમ જતો હતો. ગત ૨૨મી ડિસેમ્બરના રોજ સ્ટેડિયમ ગયો હતો. રણવીર સ્ટેડિયમના મેઈન દરવાજા પર પહોંચ્યો ત્યારે એક સફેદ કલરની સ્કોર્પિયો કારમાંથી ૬ જેટલા હુમલાખોરોએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જેમાં ગોળીઓ રણવીરના શરીરમાં ઘૂસી ગઈ હતી. જેથી તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. ત્યારબાદ પોલીસ દ્વારા ૬ જેટલાની સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. રાજસ્થાન પોલીસના સંયુક્ત ઓપરેશનમાં રણવીરસિંહના બે હત્યારાઓને સુરતના પાલનુપર પાટિયા વિસ્તારના એપાર્ટમેન્ટમાંથી ઝડપી પડાયા હતા. આજે સુરતમાં નવસારી એલસીબીએ પાડેલા આ દરોડમાં એલસીબી પીઆઈ વી.એસ પલાસ અને પીએસઆઈ કિર્તી પાલની સફળ કામગીરી હતી. ઝડપાયેલા બન્ને ગુનેગારોને સુરતની કાઈમ બ્રાંચ કચેરીમાં લઈ જવામાં આવ્યા છે. અને આરોપીઓની કોટાના ગુનાના કામે ઓળક માટેની તજવીજ હાથધરી છે.

મહિલાઓ પર દુષ્કર્મની ઘટનાઓમાં ભાજપના લોકો સંકળાયેલા હોય છેઃ પ્રભા તાવિયાડ

પંચમહાલ

પંચમહાલ જિલ્લાના શહેરામાં કોંગ્રેસનો સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટીના મંત્રી અને દાહોદના કોંગ્રેસના પૂર્વ સાંસદ પ્રભાબેન તાવિયાડે જણાવ્યું હતું કે, હું એટલુ કહીશ કે, મહિલાઓ પર જે અત્યાચાર અને બળાત્કાર થાય છે એમા મોટાભાગના લોકો ભાજપના હોય છે. તે નલિયાકાંડ હોય, મોડાસા હોય, ઉન્નાવ કે રાજસ્થાનની ઘટના હોય તેમાં મોટાભાગે ભાજપના જ સંકળાયેલા હોય છે. કોંગ્રેસના પૂર્વ સાંસદ પ્રભાબેન તાવિયાડે જણાવ્યું હતું કે, આરએસએસની જે શાખાઓ હોય છે, તેમાં બહેનોને સમાવેશ થયો નથી.

અંગત પળોનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને યુવાને યુવતી સાથે દુષ્કર્મ આચર્યું

રાજકોટ

રાજકોટમાં લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધો બાંધ્યા બાદ વીડિયો ક્લિપ વાયરલ કરવાની ધમકી આપીને યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના મયુર ઘાવરી નામના યુવકે લગ્નની લાલચ આપીને યુવતી સાથે અલગ-અલગ જગ્યાઓ પર શારીરિક સબંધો બાંધ્યા હતા. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, યુવકે જ્યારે મારી સાથે પ્રથમ વખત શારીરિક સબંધ બાંધ્યો, ત્યારે તેને મારી જાણ બહાર તેની સાથેના અંગત પળોના બિભસ્ત ફોટો અને વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા. ત્યારબાદ જ્યારે મહિલાએ યુવક સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે યુવકે મહિલાને ધમકી આપી હતી કે 'હું જ્યારે બોલવું ત્યારે આવજે નહીં તો તારા વીડિયો વાયરલ કરી નાખીશ' હાલ સમગ્ર મામલે પ્રદ્યુમનનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચાઈનીઝ દોરીની ૨૭ ફિરકી અને ૨ હજાર પ્રતિબંધિત તુક્કલ સાથે ૪ની ધરપકડ

રાજકોટ

રાજકોટમાં ચાઈનીઝ દોરી અને પ્રતિબંધિક તુક્કલ સાથે અલગ-અલગ ૩ ગુનામાં પોલીસે ૩ આરોપીની ધરપકડ કરી છે. અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં ચાઈનીઝ દોરી વેચતા રમેશ ઝરીયા નામના શખ્સની પોલીસે ચાઈનીઝ દોરીની ૧૦ ફિરકી સાથે ધરપકડ કરી છે. આ ઉપરાંત ૨ હજાર પ્રતિબંધિત તુક્કલ સાથે એક વેપારીની પોલીસે ધરપકડ કરી છે. અને ગોવિંદબાગ શાકમાર્કેટ પાસે ખોડલધામ સિઝન સ્ટોરમાંથી ચાઈનીઝ દોરીની બે ફિરકી સાથે અતુલ કાનજીભાઈ લીંબાસીયા(૩૩)ની ધરપકડ કરી છે. અને ત્રણેય ગુનામાં પોલીસે ૩ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રદ્યુમનનગર પોલીસે ચાઈનીઝ દોરીની ૧૫ ફિરકી સાથે ઉસેફ દલવાણી નામના શખ્સની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે બોગસ ગ્રાહકોની ટીમ બનાવીને વેપારીઓ પાસે મોકલી ચાઈનીઝ દોરી તથા તુક્કલની ખરીદી કરીને વેપારીઓની માહિતી મેળવી હતી. અને ત્યારબાદ ચાઈનીઝ દોરી તથા તુક્કલ વેચતા વેપારીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી

ડમ્પરચાલકે લક્ઝરી બસને ટક્કર મારતાં ૧ મુસાફરનું મોત, ૧૦ ઈજાગ્રસ્ત

ધાનેરા

બનાસકાંઠાના ધાનેરાના સામરવાડામાં ડમ્પરચાલકે લક્ઝરી બસને ટક્કર મારતાં ૧ મુસાફરનું મોત નિપજ્યું છે. જ્યારે અન્ય ૧૦ મુસાફરોને ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ કરવા છતાં ૨ કલાક બાદ પોલીસ આવતાં લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. અમદાવાદથી બાડમેર જઈ રહેલી બસને બનાસકાંઠાના ધાનેરાના સામરવાડામાં પૂરપાટ ઝડપે આવતાં ડમ્પરે ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માત બાદ બસ રોડ પરથી ઉતરીને ઝાડીઓમાં અથડાઈ હતી. આ બસમાં ૬૦ જેટલા મુસાફરો સવાર હતાં. તેમાંથી એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. જ્યારે ૧૦ ઈજાગ્રસ્ત લોકોને ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત બાદ ડમ્પર ચાલક ડમ્પર સાથે ભાગી ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને બસમાં સવાર મુસાફરોને બચાવવાના કામે લાગી ગયા હતા. જો કે, ડમ્પરની ટક્કરથી બસની કેબિનનો કૂરચો બોલાઈ ગયો હતો. અને કેબિનમાં સવાર ડ્રાઈવરને ૩ કલાકની ભારે જહેમત બાદ જીવિત બહાર કાઢવામાં આવ્યો હતો.

ઉધના મસ્તાનનગરમાં દબાણો તોડી પડાતા લોકોમાં ભારે આક્રોશ

પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ સર્જાતા ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા

સુરત

ઉધના મસ્તાન નગરમાં પાલિકા દ્વારા ચાલી રહેલા દબાણ હટાવો અભિયાન વચ્ચે આજે વાતાવરણ ગરમાતા પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ થયું ગયું હતું. વિરોધ કરી રહેલી મહિલાઓને ડિટેઈન કરાતા પોલીસ અને મહિલાઓ વચ્ચે છુટ્ટા હાથની મારામારી થઈ ગઈ હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે મહિલા પીએસઆઈને લાફો મારવામાં આવતા વાત બગડી હતી. જોકે, ત્યારબાદ સાથી પોલીસ કર્મચારીઓ એ મામલો થાળે પાડી કેટલીક વિરોધ કરી રહેલી મહિલાઓને પકડી પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઉધના પોલીસે વિરોધ કરતા લોકોની અટકાયત કરી તપાસ હાથ ધરી છે.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે, મસ્તાન નગરમાં વર્ષોથી રહીએ છીએ. હવે પાલિકા દ્વારા ખાલી કરાવવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. નોટીસ પણ પાઠવવામાં આવી હતી. આજે પોલીસ બંદોબસ્ત સાથે પાલિકાની ટીમ પહોંચી હતી અને ખાલી કરવા માટે જણાવ્યું હતું. જોકે, સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

દબાણ હટાવવા ગયેલી પાલિકાની ટીમ તથા પોલીસ સમક્ષ લોકોએ આક્રોશ વ્યક્ત કરી કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.

ગોડાદરા શિવકૃપામાં તસ્કરોનો હાથફેરો

સુરત

ગોડાદરા રામનગરની સામે શિવકૃપા સોસાયટીમાં આવેલ ઘર નં.૬૧માંથી અજાણ્યા તસ્કરો સોના ચાંદીના દાગીના સહિત રૂા.૧,૫૮,૭૫૦ની મતા ચોરી કરી ગયા હતા. ગત તા.૧૦મીએ રાત્રિ સમયે ત્રાટકેલા તસ્કરો ઘરનો મુખ્ય દરવાજો ખોલી ઘરમાં પ્રવેશી કબાટનું ડ્રોઅર તોડી ચોરી કરી ગયા હતા. આ બનાવ અંગે ઘર માલિક જીતેન્દ્ર સુભાષભાઈ બોરસેએ લીંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દર્જ કરી સબ ઈન્સ્પે. આર.ડી. નિનામાએ તપાસ હાથ ધરી છે.

બાગાયત ખેતી કરતા ખેડૂતો જોગ સૂચના

નવસારી

નવસારી જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે બાગાયત ખાતાની સહાય યોજનાઓના હાઈબ્રીડ બિયારણ, કાચા મંડપ, ટ્રેક્ટર, પાવર ટીલર, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલમાં ઘટકોમાં સહાય મેળવવા માટે અરજી કરવા આઈ-ખેડૂત પોર્ટલ તા.૧૧/૦૧/૨૦૨૦ થી તા.૧૪/૦૧/૨૦૨૦ સુધી ખુલ્લુ મૂકવામાં આવનાર છે. જે ખેડૂતમિત્રો બાગાયતખાતાની વિવિધ યોજનાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવા બાકી રહી ગયેલા હોય અને સહાયનો લાભ લેવા માંગતા હોય તેઓએ નજીકના ગામના ઈ-ગ્રામ સેન્ટર, ખાનગી ઈન્ટરનેટ અથવા કચેરીનો સંપર્ક કરી અરજી કરવા જણાવવામાં આવે છે. તેમજ અરજીની પ્રિન્ટ કરાવી જરૂરી સાધનિક કાગળો જેવા કે ૮-અ, ૭ અને ૧૨ ની નકલ, જાતિનો દાખલો, આધારકાર્ડની નકલ, બેદ્વક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક સાથે દિન-૦૭ માં નાયબ બાગાયત નિયામકની કચેરી, જૂની જિલ્લા તિજારી કચેરીની બાજુમાં, પોલીસ ગેટ, મોટાબજાર, નવસારીના સરનામે રૂબરૂ જમા કરાવવા જણાવાયું છે.

રાત્રે એરપોર્ટ નજીક ઈનોવા ગાડીએ મોપેડને ટક્કર મારી : મહિલાનું મોત

જરીવાલા દંપતી મોપેડ પર મોલમાં ખરીદી કરવા નીકળ્યું હતું.

સુરત, તા.૧૧

શુક્રવારે રાત્રે સુરત-ડુમસ રોડ પર ગોલ્ડન કલરની ઈનોવા કારનો ચાલક મોપેડ સવાર દંપતિને ઉડાવીને ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. કારે મોપેડને ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં મોપેડ સવાર લાલબંગલાના જરીવાલા દંપતિ પૈકી બે પુત્રીઓની માતા બિન્તી વિમલ જરીવાલા (ઉ.વ.૩૬)નું મૃત્યુ થયું છે. આ દંપતિ સુરત-ડુમસ રોડ પાસે આવેલા એક મોલમાં ખરીદી માટે જઇ રહ્યું હતું.



પ્રાથમિક માહિતી અનુસાર, રાત્રીના ૮.૧૫ વાગ્યાના અરસામાં એરપોર્ટ નજીક સાંઇ બાબામંદિર પાસેથી ગોલ્ડન રંગની ઈનોવા કાર બેફામ આવી રહી હતી. કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવી એક્ટિવાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતને પગલે જરીવાલા દંપતિ ધડાકાભેર રસ્તા પર પટકાયા હતા. જો કે બિન્તીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે વિમલ જરીવાલાને ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. કાર ચાલક ભાગી છુટતા ડુમસ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે કાર ચાલકની શોધખોળ સાથે તપાસ હાથ ધરી છે.

મૃતક બિન્તી જરીવાલાને સંતાનમાં બે પુત્રી છે. એક પુત્રી ૧૪ અને બીજી ૯ વર્ષની હોવાની માહિતી સાંપડી છે. તેમના પતિ ડાઇંગમીલમાં નોકરી કરે છે. જ્યારે બિન્તીબેન ટ્યુશન કરાવતા હોવા સાથે એક ખાનગી સ્કૂલમાં શિક્ષિકા હોવાનું નજીકના મિત્ર વર્તુળો પાસેથી જાણવા મળ્યું છે.

સુરત જિલ્લા કલેક્ટરે ૨૦૦૦૦ કરોડની જમીન સરકાર હસ્તક લેતા બિલ્ડરોમાં ફફડાટ

સુરત

સુરતના આભવા ગામની કરોડો રૂપિયાની જમીનમાં તત્કાલીન મામલતદારે નવાબના ૪૦થી ૪૫ વારસદારોના નામો દાખલ કર્યા બાદ સુરત જિલ્લા કલેક્ટરે હુકમ રીવીઝનમાં લઈને તમામ નામો રદ કરી આ જમીન સરકાર હસ્તક દાખલ કરી લેતા બિલ્ડર લોબી ફફડી ઊઠી છે.

આ કેસની વિગત એવી છે કે આભવા ગામની રેવન્યુ સર્વે નંબર ૫૦૫ (૯.૭૯ લાખ ચોરસ મીટર) તથા રેવન્યુ સર્વે નંબર ૫૦૭ (૬.૮૧ લાખ ચોરસ મીટર) જમીન કે જેની હાલમાં બજાર કિંમત રૂ.૨૦ હજાર કરોડની થાય છે તે સરકારી માલિકીની છે. આ જમીન પચાવવા માટે એક કૌભાંડ થયું હતું.

કલેક્ટરના સૂત્રો પાસેથી મળેલ માહિતી મુજબ નવાબ નુરૂદ્દીન હુસેનખાન વલ્દ હુસેનુદ્દીન હુસેન ખાનના વરાસોના વારસો દ્વારા ૨૦૧૪માં આ જમીનમાં તેમના નામો દાખલ કરવા માટેની વારસાઈની અરજી કરી હતી. તેઓનુ કહેવુ એવુ હતુ કે આ જમીન ૧૮૨૦ની સાલમાં તેમના પૂર્વજોને ખાનગી ઈનામ ક્લાસ-૨ તરીકે આપવામાં આવી હતી. જેથી આ જમીનના વારસદાર તરીકે તેમના નામ દાખલ કરવામાં આવે. ૧૪/૧/૨૦૧૪ ના રોજ સીટી મામલતદાર કચેરીમાં ૩૯૨૪ નંબરની વારસાઈની નોંધ પડી હતી. જેની સામે વાંધો આવતા તકરારી કેસ તરીકે તેની સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

સુનાવણી બાદ મામલતદાર દ્વારા ૨૫/૦૬/૨૦૧૪ ના રોજ વારસાઈની નોંધ નામંજુર કરવામાં આવી હતી ત્યારબાદ વારસદારો દ્વારા સીટી પ્રાંત કચેરીમાં મામલતદારના હુકમથી નારાજ થઈને આરટીએસ અપીલ નંબર ૨૩૪/૨૦૧૪ દાખલ કરવામાં આવી હતી.

ખાનગી ટ્રાવેલ્સને અકસ્માત થતાં ૩ મુસાફરના મોત, ૨૦ ઈજાગ્રસ્ત

જુનાગઢ

જૂનાગઢ જિલ્લાના વિસાવદર નજીક લાલપુર નજીક ખાનગી ટ્રાવેલ્સની બસને અકસ્માત થતાં ૩ મુસાફરના મોત નીપજ્યા છે. જ્યારે ૨૦ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે.

ઘટનાને પગલે સ્થાનિક પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સ્થળ પર દોડી ગઇ હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અકસ્માત બાદ બસની ઉપરનું છાપરું તૂટીને અલગ થઇ ગયું હતું. આ ઉપરાંત ડ્રાઇવર નશામાં બસ ચલાવતો હોવાનો આક્ષેપ બસમાં મુસાફરી કરતાં પેસેન્જરોએ લગાવ્યો હતો.

બ્રેનડેડ જાહેર થયેલા ૫૬ વર્ષીય મહિલાના અંગોના દાનથી પાંચ વ્યક્તિઓને નવજીવન મળ્યું

સુરત

ભેસ્તાન વિસ્તારમાં આવેલી જાનકી પાર્ક સોસાયટીમાં દિપીકાબેન રાજેન્દ્રભાઈ અગ્રવાલ (ઉ.વ.૫૬) પરિવાર સાથે રહેતા હતા. ગત ૮ જાન્યુઆરીના રોજ દિપીકાબેન ઘરે જ્યુશ પી રહ્યા હતા. દરમિયાન અચાનક ચક્કર આવતા પડી જતા માથામાં ઈજા થવાથી બેભાન થઈ ગયા હતા. જેથી તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તપાસમાં મહિલાના બ્રેનમાં હેમરેજ અને લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ કેનીયોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. જોકે, ૧૦ જાન્યુઆરીના રોજ દિપીકાબેનને બ્રેનડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

દિપીકાબેનને બ્રેનડેડ જાહેર કરતા ડોનેટ લાઈફની ટીમ પહોંચી હતી અને પરિવારને અંગોના દાન અંગે માહિતી આપી હતી. પરિવારે જણાવ્યું હતું કે, અંગદાન અંગે ઘણીવાર વાંચતા હતા. ત્યારે દિપીકાબેન હંમેશા કહેતા હતા કે, હું બ્રેનડેડ થઈ જાવ તો મારા અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપજો. જેથી તેમની ઈચ્છા પ્રમાણે અંગદાન માટે સંમતિ આપીએ છીએ.

પરિવાર દ્વારા સંમતિ આપવામાં આવતા અમદાવાદની કિડની હોસ્પિટલે કિડની અને લિવરનું દાન સ્વિકાર્યું હતું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકે સ્વિકાર્યું હતું. બંને કિડની અને લિવરનું અમદાવાદની કિડની હોસ્પિટલમાં ત્રણ વ્યક્તિનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. આ અંગદાનથી દિપીકાબેને પાંચ લોકોને નવજીવન આપ્યું હતું. સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી ડોનેટ લાઈફ દ્વારા ૩૫૫ કિડની, ૧૪૩ લિવર, ૭ પેક્રીઆસ, ૨૫ હૃદય, ૪ ફેફસાં અને ૨૬૦ ચક્ષુઓ કુલ ૭૯૪ અંગો અને ટીસ્યુઓનું દાન મેળવીને ૭૩૦ વ્યક્તિઓને નવુંજીવન અને નવી દ્રષ્ટી બક્ષવામાં સફળતા મળી છે.

ભાજપમાં જોડાયેલા તેલંગાણાના પી સુધાકર રેડ્ડીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા

સુરત

૩૫ વર્ષ સુધી કોંગ્રેસમાં યોગદાન આપી ભાજપમાં જોડાનાર તેલંગાણા ભારતીય જનતા પાર્ટીના કમિટી મેમ્બર પી સુધાકર રેડ્ડી સુરતની મુલાકાતે આવ્યા હતા. જેમાં તમણે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીનું કામકાજ કેવું છે એ મને ખબર છે. કોંગ્રેસ પાર્ટી પોતાની વાતો કરીને ભૂલી જાય છે.

પી સુધાકર રેડ્ડીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલા સતત ૩૫ વર્ષ સુધી કોંગ્રેસ પાર્ટીમાં મારું યોગદાન રહ્યું છે. સબ કા સાથ સબ કા વિકાસ એમના નતૃત્વ હેઠળ હું ચૂંટણી પહેલા માર્ચ ૩૧ સુધી હું ભારતીય જનતા પાર્ટીમાં જોડાયો છું. નરેન્દ્ર મોદી અને અમિત શાહે વર્ષોથી દેશમાં જે સમસ્યાઓ હતી જેમકે ૩૭ આર્ટિકલ કાશ્મીરથી નાબૂદ કરી ત્યાં શાંતિનો માહોલ બનાવ્યો છે. અયોધ્યા કેસ, ટ્રિપલ તલાકનો મુદ્દો આજ રીતે એક ભારત નહીં પરંતુ આખા વિશ્વમાં એક મિડલ ક્લાસથી આવતા ચાની લારી ચલાવી પોતાના દેશને જ પોતાનું પરિવાર સમજી દેશના હિત માટે કામ કરતા આવ્યા છે. પણ કેટલીક વિરોધી પાર્ટીઓ પોતાની પાર્ટીને આગળ લાવવા માટે મંથન કરી રહ્યા છે. તાજેતરના ઉદાહરણ કહીં એ તો મહારાષ્ટ્રમાં હાલ જે ચૂંટણી ગઈ એમાં ભાજપનો પણ સાથ હતો પણ શિવસેનાએ છેડો ફાડી અલગ પાર્ટીઓ સાથે સતા બનાવી ભાજપને વિકાસની આગેકૂચ કરતા અટકાવ્યું છે. ચૂંટણી પહેલા એ જ પાર્ટી આ જ મુદ્દે સમર્થન કરતી હતી અને હવે સતામાં આવવાથી વિરોધ કરી રહી છે.

તાપી જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહ શરૂ

માર્ગ સલામતી અંગે પ્રજાજનોમાં વ્યાપક જનજાગૃતિ કેળવી શકાય તે માટે આજથી એટ્લે કે તા.૧૧ ૧ ૨૦૨૦ થી ૧૭ ૧ ૨૦૨૦ દરમિયાન જિલ્લામાં ૩૧માં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી હાથ ધરનાર છે. જેનો શુભારંભ સવારે ૯ વાગ્યે ઉનાઇ ચાર રસ્તાથી કરાશે. જેમાં સંબંધીતોને ઉપસ્થિત રહેવા તાપી જિલ્લા પોલીસ તથા વાહન વ્યવહાર કચેરી દ્વારા અનુરોધ કરાયો છે.

ગોથાણા-રંગોલી ચોકડીની રેલવે ફાટક હંગામી રીતે બંધ

ગોથાણ રોડ- રંગોલી ચોકડીથી કિમ રોડ વચ્ચે આવેલા રેલ્વે ક્રોસિંગ પર રોડ ઓવરબ્રિજના નિર્માણની કામગીરીના કારણે તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી આ ફાટક નં. ૧૫૦ બંધ કરવામાં આવ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામા દ્વારા વાહનવ્યવહાર માટે પ્રતિબંધ જાહેર કર્યો હોવાથી વાહનોની સરળતા માટે ટ્રાફિકને ડાઈવર્ટ કરાયો છે. વિકલ્પરૂપે દક્ષિણ દિશામાં ગોથાણ ફાટક નં.૧૪૯ અને ઉત્તર દિશામાં સાયણ રેલ્વે ઓવરબ્રિજથી અવરજવર થઈ શકશે આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

ચાઈનીઝ તુક્કલ અને દોરા પર પ્રતિબંધ

આગામી મકરસંક્રાંતિના તહેવારના દિવસે અને એ પહેલા ચાઈનીઝ તુક્કલ ઉડાડવાના કારણે સુરત જિલ્લામાં આગ, જાહેર મિલકતોને નુકસાન, પર્યાવરણને નુકસાન, માણસો અને પશુ પક્ષીને ઈજાના બનાવો બને છે. ઉપરાંત, પ્લાસ્ટિક/સિન્થેટીક ચાઈનીઝ દોરાના કારણે ગંભીર અકસ્માત સર્જાય છે. જને અટકાવવા અને જાહેર જનતાની સલામતી જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામા દ્વારા સુરત જિલ્લામાં તા.૨૫/૦૧/૨૦૨૦ સુધી જરૂરી સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા, તુક્કલનું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ કે વપરાશ પર તેમજ પ્લાસ્ટિક/સિન્થેટીક ચાઈનીઝ દોરા પર પ્રતિબંધ જાહેર કર્યો છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

સુરત રક્તદાન અને રિસર્ચ કેન્દ્રમાં સ્ટેમસેલ બેંકનો શુભારંભ

સુરત

સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર છેલ્લા ૪૩ વર્ષોથી માનવ સેવા એજ પ્રભુસેવાના સૂત્રને સાર્થક કરતું રક્તદાન તથા તેની સંલગ્ન પ્રવૃત્તિઓ સુરત તથા આસપાસની ગ્રામ્ય જનતાની સેવામાં કાર્યરત છે. જેને ગુજરાત સરકારે રીજીઓનલ બ્લડ ટ્રાન્સફ્યુઝન સેન્ટરની માન્યતા આપતા સુરત, ભરૂચ, નર્મદા તથા તાપી જિલ્લાઓમાં ૨૨ જેટલા બ્લડ સ્ટોરેજ સેન્ટરો ચલાવી તેને રક્ત એકમો પુરા પાડે છે. ૨૦૦૫ થી ૧૦૦ ટકા સ્વૈચ્છીક રક્તદાનની પ્રવૃત્તિઓ કરતી આ સંસ્થા એનએબીએચનું એક્રીડીટેશન પણ ધરાવે છે અને નેટટેસ્ટીંગ સહિતની સુવિધાઓ દ્વારા સૌથી વધુ સલામત રક્ત પેશન્ટોને પુરૂ પાડે છે.

આ રક્તદાન કેન્દ્ર હવે કોર્ડ બ્લડ સ્ટેમ સેલ બેંકની તા.૧૨-૧-૨૦૨૦થી ખટોદરા સેન્ટર ખાતે શુભ શરૂઆત કરવા જઈ રહ્યું છે. હવે અને ભવિષ્યમાં હંમેશા સમાજને કંઈ ઉપયોગી આપવાના હેતુથી કાર્યરત એવી આ સંસ્થાની ઉપલબ્ધીઓમાં એક નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે. વેસ્ટર્ન ઈન્ડિયાની સૌપ્રથમ અત્યાધુનિક સાધન સામગ્રીઓથી સુસજ્જ લેબ કે જેમાં સૌપ્રથમ વખત સેપેક્ષ-૨ મશીનથી નવજાત શિશુના કોર્ડ બ્લડ પ્રોસેસ કરવાની તથા દીર્ઘકાળ સુધી સાચવવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે અને કોર્ડ બ્લડ સ્ટેમ સેલ બેંક સેલ્યુરન્સનો શુભારંભ કરવામાં આવી રહ્યો છે. જેના ઉપયોગથી અસાધ્ય રોગો જેવા કે રક્તને લગતા કેન્સર, આનુવંશિક રોગો જેવા કે થેલેસેમીયા, સીકલસેલ એનીમીયા તથા ડાયાબીટીસ, અલ્ઝાઈમર્સ, પાર્કીન્સન, કરોડરજ્જુને લગતા રોગો આવા લગભગ ૮૦થી વધુ રોગોની સારવાર હવે સુરતમાં આ સ્ટેમસેલ થેરાપી થકી થવાની શક્યતા ઉભી થશે. આવી અનેકવિધ માનવનું જીવન બચાવવાની પ્રવૃત્તિઓ તથા તેમાં સંશોધનોના કાર્ય કરતી આ સંસ્થાને ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી રિસર્ચ દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ છે અને તેથી ઈન્કમટેક્સના કાયદા ૩૫ (૧) (૨) હેઠળ આર્થિક દાતાઓને ૧૫૦ ટકા ઈન્કમટેક્સમાં રાહત આપી શકાય છે.

સુરતમાં ૧૯ ડિગ્રી તાપમાન નોંધાતા ઠંડીમાં ભારે રાહત


નવસારીમાં ૧૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન

સુરત

સવારથી દક્ષિણ ગુજરાતમાં પવનની દિશા બદલાતા તાપમાનમાં નજીવો વધારો થતા ઠંડીથી હંગામી રાહત મળી છે, પરંતુ પવનની દિશા બદલતા ફરી ઠંડીનો ચમકારો વધે તેવી હવામાન વિભાગ શક્યતા વ્યક્ત કરી છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૯.૨ ડિગ્રી નોંધાયું છે. હવામાનમાં ભેજનુ પ્રમાણ ૫૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૮ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી પૂર્વ અને ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ શહેરનું ન્યુનતત્તમ તાપમાન ૧૬ ડિગ્રી હતું જેમાં આજે ૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ૫વનન્ચુ તાપમાન ૧૯.૩ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૩ ડિગ્રી નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં ગતરોજની સરખામણીએ આજે ઠંડીથી નજીવી રાહત મળી હતી. હવામાન વિભાગ દ્વારા આગામી એક બે દિવસમાં પવનની દિશા ફરી ઉત્તર તરફની થશે અને ઠંડીમાં વધારો થશે.

વિકાસની વાતો કરતી સરકાર નર્મદામાં ફક્ત સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિકાસમાં જ ધ્યાન આપે છે..?!

નર્મદા જિલ્લાને ભરૂચથી છૂટો પડ્યાને ૨૨ વર્ષ થવા છતાં હજુ વિકાસથી વંચિત





- ૨ ઓક્ટોબર ૧૯૯૭માં અલગ પડેલા આ જિલ્લામાં હજુ પોલીસ મહેકમ મંજુર થયું નથી, ફુડ એન્ડ ડ્રગ્સ, ઈન્કમટેક્ષની કોઈ કચેરી નથી
- હજુ રેલવે લાઈન ફાસ્ટ નથી, ઈજનેરી કોલેજ ભરૂચમાં ચાલે છે, બે ડેપોની જગ્યાએ એક જ ડેપો છે એને પણ હજુ ભરૂચનો હાથ પકડી ચલાવાઈ રહ્યો છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લો ભરૂચ જિલ્લામાંથી છૂટો પડયાને ૨૨ વર્ષ વીતી ગયા પરંતુ સરકાર દ્વારા જિલ્લાના વિકાસમાં હજુ ખાસ પ્રગતિ થતી નથી જિલ્લામાં ઘણી બધી કચેરીઓ હજુ ખુલી નથી ફુડ & ડ્રગ્સ,ઇનકમટેક્સ ની કોઈ કચેરી નથી.અને અન્ય કચેરીઓ ખુલી છે તો તેમાં જરૂરી અધિકારી ચાર્જ માં છે. ૨૨ વર્ષમાં ઘણી કચેરીઓ ઇન્ચાર્જ અધિકારીઓના ભરોસે ચાલે છે.

નર્મદા જિલ્લામાં અતિ મહત્વના પોઇન્ટ એવા નર્મદા ડેમ બન્યો, કરજણ ડેમ બન્યો છતાં આજે ૨૨ વર્ષ થયા છતાં પોલીસ મહેકમ મંજુર થયું નથી દેશના વડાપ્રધાન જયારે ૧૦ વર્ષમાં ૪ વાર મુલાકાત લેતા હોય, મુખ્યમંત્રી અસંખ્ય વાર અહીંયા આવી ચુક્યા હોય અને રાજ્યમાં છેલ્લા ૨૮ વર્ષથી એકધારી બહુમતી વાળી સરકાર હોય છતાં પણ આટલી મંથર ગતિનો વિકાસ નો કોણ જવાબદાર ગણી શકાય...? એટલે આજે ૨૨ વર્ષના વહાણ વીત્યા છતાં જિલ્લો વિકાસ થી વંચિત જિલ્લો કહી શકાય.

૨૦૦૯ માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેદ્ર મોદી એ રાજપીપળામાં રાજ્ય કક્ષાનો સ્વતંત્ર પર્વ કર્યો હતો ત્યારે અનેક ખાતમુહર્તો થયા અને અનેક લોકાર્પણ થયા પરંતુ તમામે તમામ કાગળ પર રહી ગયું, વસ્તીના હિસાબે હાલ જિલ્લામાં બે મોટા એસટી ડેપો જરૂરી છે છતાં પણ એકજ ડેપો છે. બસોની જાહેરાત કરી હતી, ગેસ પાઈપ લાઈનની જાહેરાત કરી હતી, મેડિકલ કોલેજની વાત કરી હતી.જે મંજુર છે પણ ભરૂચ હસ્તક ચાલે છે રાજકીય નેતાઓ પણ જાણે તમાશો જોઈ રહ્યા છે.

નર્મદા જિલ્લામાં છેલ્લા એક વર્ષ માં કેવડિયા એ વિકાસ કરી નાખ્યો પણ મુખ્ય મથક રાજપીપળા હજુ વિકાસ થી વંચિત રહ્યું છે જેમાં વિકાસ માટે ફાસ્ટ ટ્રેનો દોડાવવા રેલવે જંકશન મોટું કરવાની સાથે એર ટ્રીપ બનાવવી જરૂરી છે સાથે અન્ય વિકાસ ની પણ જરૂર છે માટે સ્થાનિક રાજકીય આગેવાનો પણ આમાં રસ દાખવે એ જરૂરી છે .

નર્મદા જિલ્લામાં ૩૧મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીની શરૂઆતે જાગૃતિ રેલી નીકળી





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

આજથી નર્મદા જિલ્લામાં ૩૧માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીની શરૂઆત થઈ હોય ત્યારે જિલ્લામાં લોકો ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃત થાય તે માટે પોલીસ દ્વારા જિલ્લામાં આખા સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે સંદર્ભે શનિવારે રાજપીપળા ખાતે એક જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી નર્મદા જિલ્લા પોલીસ આધિક્ષક હિમકર સિંહ ના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક રાજેશ પરમાર,ટાઉન પી આઈ આર.એન.રાઠવા,એ.આર ટી ઓ કે. એમ. ખપેટ, વી.ડી. અસાલ, PSI આર.પી.ભરવાડ, ટ્રાફિક PSI કે.એલ ગલચર સહિત એ. આર. ટી. ઓ સ્ટાફ, નિર્ભયા ટિમ,સાથે શાળાના બાળકો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આજની રેલી સૂર્ય દરવાજાથી નીકળી રાજપીપળાના મુખ્ય માર્ગો ઉપર ફરી ગાર્ડનમાં પૂર્ણ થઈ હતી રેલીમાં માર્ગ સલામતી માટે પ્લે કાર્ડસ સહિત બાળકો દ્વારા સલામતી માટે સૂત્રોચ્ચાર કરાયા હતા ગાર્ડનમાં ARTO તેમજ ડી.વાય.એસપી.રાજેશ પરમાર દ્વારા બાળકોને ટ્રાફિક અંગે જરૂરી માર્ગદર્શન આપાયું હતું.

અકસ્માતો ઘટાડવા જાહેરનામું બહાર પડાયું

નર્મદામાં એક વર્ષમાં ૯૮ જેવા લોકો અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે.જિલ્લામાં અકસ્માતમાં મૃત્યુ પામનારની સંખ્યા ઘટે તે દિશામાં પ્રયાસો ખૂબ જરૂરી હોય ટાઉન પીઆઈ આર.એન.રાઠવા દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહના પ્રથમ દિવસેજ જાહેરનામુ બહાર પાડવા તજ વીજ હાથ ધરાઈ હતી.જેમાં સવારે ૬ વાગ્યા થી રાત્રે ૧૦:૩૦ વાગ્યા સુધી રેતી સહિતના કોઈ પણ ભારે વાહનો રાજપીપળા શહેરમાં પ્રવેશી ન શકશે.જેમાં ભારે વાહનો નજીકના વિરપોર ખામર બાયપાસ પસાર થશે. જયારે રાજપીપળા શહેરના વેપારીઓના માલવાહક વાહનો સવારે ૬ વાગ્યા થી ૯ વાગ્યા સુધી અને બપોરે ૨ વાગ્યા થી ૪ વાગ્યા સુધી પ્રવેશ કરી શકશે. જોકે પોલીસ ના આ જાહેરનામા થી અકસ્માતોમાં મોટો ઘટાડો થશે એ વાત ચોક્કસ છે.

ચા-નાસ્તાની દુકાનમાં અસામાજિક તત્વોએ હપ્તા વસૂલીને લઈને તોડફોડ કરી

સુરત

ડિંડોલી વિસ્તારમાં આવેલી ચા-નાસ્તાની દુકાનમાં મધરાત્રે કેટલાક અસામાજિક તત્વોએ હપ્તા વસૂલીને લઈ તોડફોડ કરી કારીગર પાછળ તલવાર અને દંડા લઈને ભાગતા ભારે હોબાળો મચી ગયો હતો. હમારે ફન્ટર લોગ આયે હે કુછ ખર્ચા દો કહીં ૫૦થી ૬૦ હજારની માંગણી કરનાર ૧૦ જેટલા માથાભારે સામે દુકાન માલિક ફરીયાદ કરવા ગયો હોવાની જાણ બાદ અસામાજિક તત્વોએ હુમલો કરી ધમાલ મચાવી હતી. આખી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા ડિંડોલી પોલીસે દુકાન માલિક ગોપાલની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે. હુમલાખોરો દુકાનના કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા પણ લૂંટી ગયા હોવાનું ગોપાલે જણાવ્યું છે.

ગોપાલ દુધનાથ યાદવએ જણાવ્યું હતું કે, શુક્રવારની રાત્રે લગભગ સાડા દસ



વાગ્યાના અરસામાં કેટલાક અસામાજિક તત્વો તેમની દુકાન પર આવ્યા હતા અને હપ્તા પેટે ૫૦-૬૦ હજારની માંગ કરી હતી. હમારે ફન્ટર લોગ આયે હે તુમહે યહા દુકાન ચલાની હે યા નહીં કહી ધમકાવ્યા હતા. જેને લઈ તેઓ તાત્કાલિક નજીકના ડિંડોલી પોલીસ સ્ટેશન દોડી ગયા હતા. હપ્તાખારોને આ વાતની જાણ થતાં તેઓ રાત્રે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં ફરી આવ્યા હતા અને દુકાનમાં ઘૂસી તોડફોડ શરૂ કરી દીધી હતી. ત્યારબાદ તેમની દુકાનના કારીગર જેનિષ મિશ્રા, દીપ્તિ અને સતોષ પાંડે નામના યુવાનોને તલવારથી મારવાનો પ્રયાસ કરતા તેઓ જીવ બચાવી ભાગી ગયા હતા. જેઓનો પીછો કરી હુમલાખોરો કારીગરો હાથ ન લાગતા ભાગી ગયા હતા.

વધુમાં ઉમેર્યું હતું કે, આ હુમલામાં તેમની દુકાનનો તમામ સામાન ફ્રીઝ, નાસ્તા ગરમ કરવાનું મશીન, ફ્રિશ ટેક્ક, બોર્ડ પણ તોડી નાખવામાં આવ્યા હતા. પોલીસ આવે તે પહેલાં હુમલાખોરો ભાગી જતા પોલીસે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં હુમલાખોરો કુંદન અને સંજય સહિત ૧૦ જણાની ઓળખ થતા તેઓની શોધખોળ કરી રહી છે.

સુરતના વેપારી સાથે મુંબઈના બે વેપારી સહિત ચાર દ્વારા છેતરપિંડી

ગ્લોબલ પોઈન્ટના વેપારીએ ફરિયાદ નોંધાવી

સુરત

મુંબઈના બે વેપારી અને સુરતના બે વેપારીએ લાખો રૂપિયામાં ઉઠમણું કરતા એક વેપારીએ રૂપિયા ૬,૯૯,૭૬૮ની ઠગાઈ કર્યાની ફરિયાદ સલાબતપુરા પોલીસ સ્ટેશને નોંધાવી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ ગ્લોબલ પોઈન્ટમાં કાપડનો વેપાર કરતા જયસુખભાઈ રામજીભાઈ મહેતાએ આરોપી દિપકકુમાર પનસારી (કાનુડા ટેક્સ ફેબ, શિવકૃપા માર્કેટ, રિંગરોડ), દિનેશ પ્રેમજી લાઠીદડીયા (પાલવ સિન્થેટીક્સ, રાઠી પેલેસ, રિંગરોડ), મુંબઈ સ્થિત એમ.એન. સિન્થેટિક પ્રા.લિ.ના બિપીનચંદ્ર નાગરદાસ મહેતા, પુત્ર નિરજ બિપીનચંદ્ર મહેતા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી સમયસર માલનું પેમેન્ટ કરવાનો ભરોસો આપી ફરિયાદી પાસેથી રૂપિયા ૬,૯૯,૭૬૮ની કિંમતનો કાપડનો જથ્થો ખરીદ્યો હતો. ત્યારબાદ પેમેન્ટ ચૂકવવાને બદલે આરોપીઓએ દુકાનો બંધ કરી ફરિયાદી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ફરિયાદના આધારે સલાબતપુરા પોલીસે તપાસ હાથ ધરી છે.

આડા સંબંધની શંકા રાખી પતિ અને દીયરે પરિણીતાને માર માર્યો

સુરત

કતારગામમાં પતિ અને દિયરે પરિણીતાની ઉપર બીજા માણસો સાથેના આડા સંબંધ હોવાનો વહેમ રાખી મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ ગુજાર્યાનો બનાવ કતારગામ પોલીસ મથકે નોંધાયો હતો.

ડભોલી ચાર રસ્તા શાંતિનગર સોસાયટીમાં રહેતાં દિલીપ મોહન લોડલીયા તથા સ્વામીનારાયણ સોસાયટીમાં રહેતાં ધર્મેશ મોહન લોડલીયા વિરૂદ્ધ પરિણીતાએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના પતિએ ફરિયાદી ઉપર બીજા માણસો સાથે આડા સંબંધો હોવાનો વહેમ રાખી ઝઘડો કરી લાફો મારી દઈ ફરિયાદીના ભાઈને મારવાની ધમકી આપી શારીરિક માનસિક ત્રાસ ગુજાર્યો હતો. કતારગામ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પાંચ વર્ષ બાદ કોર્ટના આદેશથી હત્યાની કોશિશનો ગુનો નોંધાયો

મોટા વરાછા સાંઈ દર્શન એપાર્ટમેન્ટમાં ટોળાએ ભારે આતંક મચાવી દીધો હતો

સુરત

પાંચ વર્ષ પહેલાં મોટા વરાછા સાંઈ દર્શન એપાર્ટમેન્ટના પાર્કિંગમાં ઘુસીને તોડફોડ કરી તોફાન મચાવી તલવારથી જીવલેણ હુમલો કરનારા સામે આખરે અમરોલી પોલીસે કોર્ટના આદેશ બાદ હત્યાની કોશિષ રાયોટિંગનો ગુનો નોંધવો પડ્યો હતો. તા.૨૬-૮-૨૦૧૫ના રોજ આરોપી દિલીપ પેરીસ, મેગીલાલ કાનાભાઈ, ફુગ્ગો તથા ૧૫થી ૨૦ જણાં મોટા વરાછા સાંઈદર્શન એપાર્ટમેન્ટમાં ઘાતક શસ્ત્રો સાથે ઘુસીને વાહનોમાં તોડફોડ કરી ફરિયાદી મોહન જીવરાજ હિરપરા ઉપર તલવારથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ ઘટના જે તે વખતે પોલીસે ગુનો નોંધવાની તસ્દી લીધી ન હતી. ત્યારબાદ ફરિયાદ પક્ષે કોર્ટમાં ફરિયાદ કરતાં કોર્ટના આદેશ બાદ અમરોલી પોલીસે ટોળાની સામે હત્યાની કોશિષ રાયોટિંગ સહિતની ધારા અન્વયે ગુનો દર્જ કરવો પડ્યો હતો. વધુમાં આ બનાવની તપાસ પો.સ.ઈ. જે.પી. સોલંકી કરી રહ્યા છે.

દારૂબંધી અંગે ૫૦ કેસ ૫૫ લોકોની ધરપકડ

સુરત - સુરત શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સ્થાનિક પોલીસે દારૂબંધી અન્વયે ૫૦ કેસો કર્યા હતા. સ્થાનિક પોલીસે ૨૬ પીધેલાની સાથે ૫૫ જણાંની ધરપકડ કરી હતી. પોલીસે દેશી દારૂ વિદેશી દારૂ અને અન્ય મુદ્દામાલ સાથે કુલ રૂપિયા ૩,૭૩,૮૨૫ની કિંમતનો મુદ્દામાલ જમ કરી તમામ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.



પ્રજાસત્તાક દિનને લઈ નર્મદા બંધ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષામાં વધારો કરાયો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

૨૬ જાન્યુઆરીને લઈ સરદાર સરોવર નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષામાં વધારો કરાયો છે. મહત્વના પોઈન્ટ પર પ્રવાસીઓ અને VIP પ્રવાસીઓને પણ નહીં જવા દેવામાં આવશે. વાહનોનું તેમજ પ્રવાસીઓનું કડક હાથે પોલીસ ચેકીંગ કરશે.

વડોદરામાં હાલમાં જ આંતકવાદી પકડાયો હતો અને એનો છેડો ભરૂચ જિલ્લાના જંબુસર સુધી જોવા મળ્યો હતો.તેમજ પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરીને લઈને રેન્જ આઈજી દ્વારા મૌખિક સૂચના મળતા નર્મદા એસપી એ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમ પર કડક બંદોબસ્ત મૂકી દેવામાં આવ્યો છે.સ્ટાફનો પણ વધારો પણ કરવામાં આવ્યો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમના વિસ્તારની સુરક્ષા વધુ કડક કરી દેવામાં આવી છે જેના ભાગરૂપે હવે સ્ટેચ્યુ ઓફ યુનિટીની અંદરનો ભાગ જે ગેટ નંબર ૩ કે જ્યાંથી સરકારી ગાડી સિવાય અન્ય કોઈ પણ ગાડીને જવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા ડેમના ટનલ અને એ ફ્રેમ જ્યાં કોઈ પણ પર્વને લઈને કોઈ પણ vvip પ્રવાસીને પણ આ જગ્યાનો પાસ આપવામાં હાલ નહીં આવે સરદાર સરોવર નર્મદા ડેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા ૨૬મી જાન્યુઆરી સુધી આ વિસ્તારમાં કડક સુરક્ષા બંદોબસ્ત રાખવામાં આવશે. હાલમાં એસ.આર.પી ગ્રુપ ૧૮,પોલીસની અલગ અલગ ટિમ,ચેતક કમાન્ડો, હોમગાર્ડજીઆરડી ટિમ ડેમ તેમજ સ્ટેચ્યુની સુરક્ષામાં ખડે પગે કામ કરી રહી છે.

આ અંગે નર્મદા એસ.પી હિમકર સિંહે જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમની સુરક્ષા માટે પોલીસ ટિમનો વધારો કરી દેવામાં આવ્યો છે અને જિલ્લાના ચેક પોસ્ટ પર વાહનોનું કડક ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. પ્રજાસત્તાક દિનને લઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમ પર આવતા પ્રવાસીઓનું પણ હાલ કડક હાથે ચેકીંગ કરવામાં આવશે.સાથે કોઈ અગવડ ન પડે તેનું પણ ધ્યાન રખાશે.

ગરુડેશ્વરના એન્કલેવ કોમ્પ્લેક્ષ પાછળથી ૧.૨૪ લાખના લોખંડના સળિયાની ચોરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ગામની સીમમાં આવેલા મહાકાળી એન્કલેવ કોમ્પ્લેક્ષમાંથી સળિયાની ચોરી થતા ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ ગરુડેશ્વર ગામની સીમમાં આવેલા મહાકાળી એન્કલેવ કોમ્પ્લેક્ષની પાછળ થી ગત રાત્રે ત્રણેક વાગે કોઈ અજાણ્યો આઈસર ટેમ્પો જેવા એક ટેમ્પોનો ચાલક નવા બંધાતા મહાકાલી એંકલેવ કોમ્પ્લેક્સ પાસે આવેલા મહાકાળી મંદિરની પાછળ થી લોખંડના સવા ત્રણ ટન વજનના સળિયા જેની કિંમત ૧.૨૪૦૦૦/- રૂપિયા ની ચોરી કરી લઈ જતા આ બાબતે ચોકીદાર પરસોત્તમ ભાઈ નાગજીભાઈ તડવી એ ફરિયાદ કરતા ગરુડેશ્વર પોલીસે અજાણ્યા ટેમ્પો ચાલાક વિરુદ્ધ ચોરી નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડીંડોલીમાં પત્નીએ કામ-ધંધો કરવાનું કહેતા પતિનો આપઘાત

સુરત શહેરમાં જુદા જુદા ત્રણ આપઘાતના કિસ્સા નોંધાયા

સુરત


સુરત શહેરમાં ઝેરી દવા પી જઈ તેમજ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કર્યાના ત્રણ બનાવો સ્થાનિક પોલીસ સ્ટેશને નોંધાયા હતા.

પ્રથમ બનાવમાં સરથાણા રામદેવ પાર્કિંગના પોપડામાં જતીન નરસિંહભાઈ પટેલ (ઉ.વ.૨૯)નાએ ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું હતું. સરથાણા પોલીસે તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં નવાગામ ગાયત્રીનગરમાં રહેતાં અંબિકા પ્રસાદ શ્રી પ્રકાશ ઉપાધ્યાયને પત્નીએ કામધંધો કરવા બાબતે કહેતા માઠું લાગી આવવાથી પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. ડીંડોલી પોલીસે અકસ્માત મોતની નોંધ કરી હતી.

ત્રીજા બનાવમાં બીમારીથી પીડાતા રેખાદેવી રજનીશ સુદામા પ્રસાદે (રહે. ઈન્દીરાનગર, વડોદ ગામ) ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. પાંડેસરા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી હતી.

કારીગર પર ત્રીજા માળેથી બીમ રોલ પડતા ઈજાગ્રસ્ત, ઘટના સીસીટીવીમાં કેદ



સુરત

ઓલપાડના સાયણ ખાતે આવેલા કાપડ વળાટ ઉદ્યોગના કારખાનામાં એક કારીગર પર ત્રીજા માળેથી કાપડના મશીનનો બીમ રોલ પડતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. જોકે, આ ઘટનામાં કારીગરનો ચમત્કારીક બચાવ થયો છે.

ઓલપાડના સાયણ ખાતે આવેલા કાપડ વળાટ ઉદ્યોગના કારખાનામાં ગત સાત જાન્યુઆરીના રોજ ગ્રાઉન્ડ ફ્લોર પર એક કારીગર કામ કરી રહ્યો હતો. દરમિયાન ત્રીજા માળેથી એક કાપડના મશીનનો બીમ રોલ અચાનક કારગીર પર પટકાયો હતો. બીમ રોલ પટકાતા કારીગર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જેથી તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયાં કારીગરની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. સીસીટીવી પ્રમાણે બીમ રોલ ત્રીજા માળેથી અચાનક કારગીર પર પડે છે. અત્રે ઉલ્લેખનિય છે કે, બીમ રોલનો વજન વધુ હોવાથી કોઈ પણનું મોત થઈ શકે છે. જોકે, આ કારગીરનો ચમત્કારીક બચાવ થયો છે.

ભાટીયા ટોલનાકા પર દારૂ ભરેલી ગાડી પોલીસે ઝડપી

સુરત, તા.૧૧

સચીન ભાટીયા ટોલ પ્લાઝા પાસેથી સચીન પોલીસે વિદેશી દારૂનો જથ્થો ભરેલી બોલેરો ગાડી જપ્ત કરી હતી. પોલીસે ચાર મહિલા સહિત પાંચ જણાંની ધરપકડ કરી હતી.

સચીન પોલીસના ભાટીયા ટોલ પ્લાઝા પાસે વાહન ચેકિંગ દરમિયાન બોલેરો ગાડી નં.એમએચ-૦૧-બીઆર-૨૪૮૨માંથી રૂપિયા ૪૨,૭૩૫ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ, ગાડી અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩,૪૩,૭૩૫ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજ ગાડી ચાલક રીપપાલસિંગ ગૌદારા, જયાબેન ધર્મેશભાઈ રાણા, ભાવનાબેન મુકેશભાઈ રાણા, નયનાબેન દિપકભાઈ રાણા, ટીનાબેન જીગ્નેશ રાણાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

લૂંટ ધાડના ગુનાઓમાં પોલીસ ધરપકડથી નાસતા ફરતા ગુનેગારને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાઓની સુચના અનુસંધાને જીલ્લામાં બનેલ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગે પો.સ.ઈ. બી.ડી.વાઘેલા નાઓના માર્ગદર્શન હેઠળ ભરૂચ પેરોલ ફર્લો સ્કોર્ડની ટીમના માણસો ભરૂચ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીગ માં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે નબીપુર પો.સ્ટ ગુર.નં૬૯/૨૦૧૯ IPC ૩૯૫, ૩૪૨, ૪૪૭, ૩૯૭,૫૦૬(૨) મુજબ તથા રાજપીપલા પો.સ્ટે. ગુ.ર.નં. / ૧૧૮/૨૦૧૯ IPC ૩૯૫, ૩૪૨, ૩૯૭, ૫૦૬(૨) મુજબના ગુન્હાઓમાં પોલીસ ધરપકડથી બચવા નાસતો ફરતો આરોપી કમાલ એહમદ ર્જ લલ્લન ચૌધરી રહે. ૩૬ ગ્રીનવીલા સોસાયટી ભડકોદ્રા તા. અંકલેશ્વર ભરૂચ મુળ રહે.ગામ પઠાણ પીપરા બારાખા તા. મનકાપુર જી. ગૌડા,ઉત્તર પ્રદેશનાને અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામ ખાતેથી તા. ૧૧/૦૧/૨૦૨૦ ના રોજ crPC કલમ- ૪૧(૧)આઈ મુજબ અટક કરી અંકલેશ્વર GIDC પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિધેયક વિરોધીઓને ભાજપ સાંસદ મનસુખ વસાવાએ આપ્યો જડબાતોડ જવાબ

રિઝર્વ સીટ પર ચૂંટાયેલા OMP, MLA એ આદિવાસીઓ માટે બોલવું જોઈએ અને જો ન બોલે તો એમણે રાજીનામુ આપી દેવું જોઈએ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગુજરાત સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી સત્તામંડળ વિધેયક વિધાનસભામાં પસાર કરાયો છે.એ બાદ કેવડિયા વિસ્તારના આદિવાસી ઓ એ કાયદાનો સખત વિરોધ કરી રહ્યા છે.સાથે સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક હાલ પ્રવાસીઓને આકર્ષવા માટે વિવિધ પ્રોજેક્ટો પણ ચાલી રહ્યા છે.એ પ્રોજેક્ટોનો પણ આદિવાસીઓ દ્વારા વિરોધ થઈ રહ્યો છે.હાલ સમગ્ર કેવડિયા વિસ્તારમાં વિરોધને પગલે અશાંતિનું વાતાવરણ ઉભું થયું છે,જેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સતામંડળ વિધેયક વિરોધમાં ૭૨ ગામના આદિવાસીઓએ કેવડિયા ગામ ખાતેના મંદિરમાં શાંતિ યજ્ઞનું આયોજન કર્યુ હતું.૧૦મી જાન્યુઆરીએ એ યજ્ઞની પુર્ણાહુતી હતી.જેમાં ભરૂચ ભાજપ સાંસદ મનસુખ વસાવા,આદિવાસી એકતા પરિષદના ડો.શાંતિકર વસાવા, ઈન્ડિજિનસ આર્મી ઓફ ઈન્ડિયના સંસ્થાપક ડો.પ્રફુલ્લ વસાવા,નર્મદા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન દિનેશ તડવી સહિત અનેક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ યજ્ઞની જયારે શરૂઆત કરાઈ ત્યારે વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. પૂર્ણાહુતિના સમયે ઉપસ્થિત આદિવાસી એકતા પરિષદ ના ડો.શાંતિકર વસાવાએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી સત્તામંડળ વિધેયક અને આસપાસ બની રહેલા પ્રોજેક્ટોને લીધે આ વિસ્તારમાં અશાંતિ ફેલાઈ છે,લોકો પીડાઈ રહ્યા છે જેથી આ વિધેયક રદ કરવાની માંગ કરી રહ્યા છે.આદિવાસીઓનો કોઈ ધર્મ નથી,NRC બાદ જો આદિવાસીઓના નામની પાછળ કોઈ ધર્મ લાગે તો આદિવાસીઓની સંસ્કૃતિ નાશ પામશે.જયારે ડો.પ્રફુલ્લ વસાવાએ જણાવ્યું હતું કે આજે ૭૨ ગામના આદિવાસી ઓએ હાથમાં માટી લઈ એક પ્રણ લીધી છે કે હવે અમે કોઈ જમીન આપીએ નહિ અને વિસ્થાપીત નહિ થઈએ. સરકારના વિકાસ મોડેલનો જૂઠો ખેલ આદિવાસીઓનો વિનાશ કરશે.SOU વિધેયક આદિવાસીઓ માટે ખતરારૂપ બનશે. આ તમામ આગેવાનોને જડબાતોડ જવાબ આપતા ભાજપ સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે હું સ્પષ્ટ માનું છું કે રાજકીય ક્ષેત્રે તથા સમાજના સંગઠનમાં કોઈ પણ જાતની ધાર્મિકતા ન આવવી જોઈએ.અને જો આવે તો સંગઠન કોઈ દિવસ સફળ નહીં થાય. આદિવાસીઓના હક માટે અમે કેટલી લડાઈ લડી છે એ લોકો જાણે જ છે.નર્મદા યોજનાના અસરગ્રસ્તો સંગઠિત હતા નહિ,અમે સંગઠીત કર્યા મેં મેધા પાટકર,ફાધર જોસેફ સાથે બેઠકો પણ કરી છે.૧૯૯૫માં હું જ્યારે પ્રથમ વખત MLA બન્યો અને મંત્રી બન્યો ત્યારે મેડિકલ,એન્જીની- યરીંગ કોલેજમાં આદિવાસીઓની બેઠકો ભરાતી ન હતી.જેથી અન્ય લોકોથી આ બેઠક ભરવા એક ફાઈલ પર મને સહી કરવા જણાવાયું.મેં કહ્યું કે હું રાજીનામુ આપી દઈશ પણ આ ફાઈલ પર સહી નહિ કરું આ બેઠકો ભલે ખાલી રહે પણ આદિવાસીઓથીજ બેઠક ભરો.મારા અન્ય મંત્રીઓ આ બાબતથી નારાજ હતા. આદિવાસીના ખોટા પ્રમાણપત્રો બાબતે મેં જ રજૂઆતો કરી છે પણ એક પણ આદિવાસી સંગઠને મને ટેકો કર્યો નથી.ખોટા આદિવાસીઓ આંદોલન કરે છે જ્યારે સાચા અને હકદાર આદિવાસીઓ નમાલા બનીને બેસી રહ્યા છે.SOU વિધેયક અને પ્રોજેક્ટ ના વિરોધથી શુ પ્રોજેક્ટો અટકી જશે? પોતાના હક, અધિકાર માટે લડવું જોઈએ.ગુજરાતમાં જેટલા મોટા મોટા પ્રોજેક્ટો બન્યા છે એમાં આદિવાસીઓ જ ભોગ બન્યા છે. રિઝર્વ સીટ પર ચૂંટાયેલા OMP, સ્ન્છ એ આદિવાસીઓ માટે બોલવું જોઈએ અને જો ન બોલે તો એમણે રાજીનામુ આપી દેવું જોઈએ, આ માટે ખરેખર રાષ્ટ્રવ્યાપી આંદોલન ચલાવવુ જોઈએ. ગુજરાત નો આદિવાસી જો સંગઠીત હોત તો આપણે જે ધારીએ એ પરિણામ લાવી શકીએ.

અરવલ્લી દુષ્કર્મ મામલે નર્મદા યુથ કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ : આરોપીઓને કડક સજા ની માંગ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

અરવલ્લીના મોડાસામાં બનેલી અપહરણ સાથે દુષ્કર્મ અને હત્યાની ઘટના ના સમગ્ર ગુજરાત સહિતના વિસ્તારોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે.ત્યારે ભોગ બનેલા કાજલના પરિવારને ન્યાય મળે અને આરોપીઓને કડક સજા થાય તેવી માંગ સાથે આજે નર્મદા યુથ કોંગ્રેસ દ્વારા રાજપીપળાના સફેદ ટાવર વિસ્તારમાં કેન્ડલમાર્ચ કરી ન્યાયની માંગ સાથે સુત્રોચ્ચાર કર્યા હતા જેમાં યુથ કોંગ્રેસ ના વાસુદેવ વસાવા, ચંદ્રેશ પરમાર, મોઈન શેખ, અમિત માલી, અજય વસાવા સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વાપી IIFL લૂંટ : ગ્રાહકોને ૯૦ દિવસમાં બજાર ભાવે દાગીનાના રૂપિયા ચુકવાશે

સુરત

વાપી ચણોદ સ્થિત સોના પર લોન આપતી આઈઆઈએફએલ બ્રાંચમાં ગુરૂવારે લૂંટની ઘટના બાદ લોન લેનારા ગ્રાહકો બ્રાંચ ઉપર ધસી આવ્યા હતા. જોકે બીજા દિવસે પણ ગ્રાહકોની ભારે ભીડ બ્રાંચ ઉપર જોવા મળી હતી. લૂંટ બાદ બ્રાંચના સાધનોને સીઝ કરી દેતા કર્મચારીઓ ઓફિસ બહાર ટેબલ લગાવીને ગ્રાહકોને સમજાવતા જોવા મળ્યા હતા. જ્યાં ગ્રાહકોના નામ અને ફોન નંબર એક ડાયરીમાં લખી વધુ માહિતી ૧૦ દિવસ બાદ ફોન પર આપવા બ્રાંચના કર્મચારીઓએ જણાવ્યું હતું. ૧૦૦થી વધુ ગ્રાહકોએ બ્રાંચ પર પહોંચી કર્મચારીઓ પાસેથી માહિતી મેળવી હતી. બ્રાંચ તરફથી હાલ તો ગ્રાહકોને તેમના દાગીના બદલે રૂપિયા મળી જશે તેવું આશ્વાસન આપવામાં આવી રહ્યું છે. જોકે, આમ છતાં પણ કેટલાક ગ્રાહકોમાં હજુ પણ ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. પોતાના કિંમતી દાગીના ન મળવાનો પણ અફસોસ છે.

સિક્યુરિટી ગાર્ડ વગરની આઈઆઈએફએલના ચણોદ બ્રાંચમાં ગુરૂવારે કરોડોના દાગીનાની લૂંટ બાદ શુક્રવારે ત્યાં સિક્યુરિટી ગાર્ડ ઉભો કરી દેવાયો હતો. જે અંગે મેનેજરથી વાત કરતા તેમણે જણાવ્યુ હતું કે, હાલ કંપનીના ડિસીજનથી ટેમ્પરરી ગાર્ડ મુકાયો છે. કંપની જણાવશે તો જ ભવિષ્યમાં ગાર્ડને કાયમી રખાશે.